અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૪૭ |
| પાઉન્ડ | ૧૦૬.૮૩ |
| યુરો | ૮૮.૯૭ |
| સઉદી રિયાલ | ૨૨.૫૦ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૯,૧૮૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૧,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૧૩ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# મુસ્લિમોને નડતી સમસ્યાઓ અંગે ઊંડી ચિંતા દર્શાવતી JIH

## JIH કોન્ક્લેવમાં વકફ બિલ, આર્થિક અસમાનતા, સાંપ્રદાયિક હુમલાઓ અને ઈસ્લામોફોબિયા અંગે આક્રોશનો સૂર વ્યક્ત કરાયો

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૧

હૈદરાબાદમાં ૧૫થી ૧૭ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન યોજાયેલ જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH) ત્રણ દિવસીય રાષ્ટ્રીય સંમેલનમાં રાષ્ટ્રીય, સમુદાય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ૧૫,૦૦૦થી વધુ સભ્યોએ હાજરી આપી હતી અને આ ત્રણ દિવસીય ઈવેન્ટમાં રાષ્ટ્ર અને વૈશ્વિક સમુદાય સામે સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને નૈતિક પડકારો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

તેમાં અપનાવવામાં આવેલા ઠરાવોમાં શાંતિ, ન્યાય અને સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવા માટેની સંસ્થાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી.

**● રાષ્ટ્રીય પડકારો : ન્યાય અને સાંપ્રદાયિક સૌહાર્દ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી :**

આ કોન્ક્લેવમાં ભારતમાં મુસ્લિમોની પરિસ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, જેમાં વધતી જતી સાંપ્રદાયિક આક્રમકતા અને વ્યક્તિઓ, સંસ્થાઓ અને પૂજા સ્થાનોને નિશાન બનાવવા અંગે પ્રતિનિધિઓએ કાનૂની જટિલતાઓ, ગેરકાયદેસર વિધ્વંસ અને હિંસાના કૃત્યોના દુરૂપયોગ તરફ ધ્યાન દોર્યું હતું અને નફરતની વધતી જતી આવી ઘટનાઓમાં ન્યાયિક કાર્યવાહીની ધીમી ગતિની પણ ટીકા કરી હતી. સુપ્રીમ કોર્ટના નિર્દેશોની અવગણના કરતા રાજ્યની કાર્યવાહી પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો, જેમ કે ડિમોલિશન ડ્રાઈવ માટે બુલડોઝરનો ઉપયોગ. તેમાં આવેલા સહભાગીઓએ ચેતવણી આપી હતી કે, તિરસ્કાર અને વિભાજનકારી એજન્ડા માત્ર મુસ્લિમ સમુદાયને જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રની અખંડિતતાને જોખમમાં મૂકે છે. આ સંમેલનમાં પ્રસ્તાવિત વકફ બિલનો અસ્વીકાર પણ આ ઠરાવોમાં સામેલ કરવામાં આવ્યો હતો. કોન્ક્લેવે બિલ પર જાહેર હિત અને મુસ્લિમ સમુદાયના



સંસાધનોને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. JIHએ બિલનો વિરોધ કરવા મુસ્લિમો અને અન્ય હિતધારકોના પ્રયત્નોની પ્રશંસા કરી અને તેને સંપૂર્ણ પાછી ખેંચી લેવાની માંગ કરતા જણાવ્યું કે, તે જાહેર લાગણી અને ન્યાય સાથે અસંગત છે. તેઓએ સમગ્ર ભારતમાં ન્યાયની હિમાયત કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓની પ્રશંસા કરી અને અન્યાયનો સામનો કરવા માટે તેમના પ્રયાસોને મહત્ત્વપૂર્ણ ગણાવતા JIHએ વિભાજનકારી શક્તિઓ સામેની લડાઈમાં વિશ્વાસ, સહકાર અને એકતાને પ્રોત્સાહન આપવા માટે મુસ્લિમો અને અન્ય સમુદાયો વચ્ચે મજબૂત જોડાણ માટે હાકલ કરી હતી.

**● સ્થિતિસ્થાપકતા અને સુધારા માટે આહ્‌વાન :**

આ કોન્ક્લેવમાં ભારતીય મુસ્લિમોને પ્રતિકૂળતાનો સામનો કરવા માટે એકતા અને અડગતાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. સહભાગીઓએ સમુદાયને અલ્લાહમાં વિશ્વાસ રાખવા, નિરાશાથી દૂર રહેવા અને ન્યાય માટે પ્રતિબદ્ધ રહેવા વિનંતી કરી. મુસ્લિમોને સચોટ માહિતી પૂરી પાડવા અને સાથી નાગરિકો સાથે સંપર્ક રાખવાના આયોજનબદ્ધ અને વ્યવસ્થિત પ્રયાસો દ્વારા ઈસ્લામ વિરુદ્ધ ખોટા પ્રચારનો સામનો કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઠરાવોમાં મુસ્લિમોને ઉશ્કેરણી માટે પ્રતિક્રિયાશીલ પ્રતિભાવોને ટાળીને સામાજિક, રાજકીય અને ન્યાયિક સુધારાઓને પ્રાથમિકતા આપવાની સલાહ પણ આપવામાં આવી હતી. સકારાત્મક પરિવર્તન માટે પ્રયત્ન કરતી વખતે સભ્યોએ ધીરજ, હિંમત અને શાંતિની જરૂરિયાત પર વાત કારી હતી અને વર્તમાન પડકારો હોવા છતાં આ કોન્ક્લેવે સમુદાયને રાષ્ટ્રની પ્રગતિમાં સક્રિયપણે યોગદાન આપવાનું આહ્‌વાન કર્યું હતું.

**આર્થિક અસમાનતા અને સામાજિક સડો :**

કોન્ક્લેવમાં વધતી જતી આર્થિક અસમાનતાઓ અને નાના ચુનંદા વર્ગમાં સંપત્તિના કેન્દ્રીકરણ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સહભાગીઓએ પ્રણાલીગત ભ્રષ્ટાચાર, સાંપ્રદાયિક આક્રમકતા અને સરમુખત્યારશાહી વલણોને પ્રગતિ અને શાંતિના મુખ્ય અવરોધો તરીકે ઓળખ્યા હતા. બંધારણીય સંસ્થાઓની કથળતી સ્થિતિ અને લોકતાંત્રિક મૂલ્યો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ ઠરાવોમાં મીડિયા અને શિક્ષણ પ્રણાલી પર ઉગ્રવાદી વિચારધારાઓના પ્રભાવની ટીકા કરવામાં આવી હતી અને ચેતવણી આપવામાં આવી હતી કે, આ પૂર્વગ્રહને પ્રોત્સાહન આપે છે અને બૌદ્ધિક વિકાસને અવરોધે છે.

રાષ્ટ્રની નૈતિક કટોકટી મુદ્દે ખાસ કરીને મહિલાઓની સુરક્ષા અને ગૌરવ અંગે પ્રતિનિધિઓએ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ માટે જવાબદારીના અભાવ અંગે શોક વ્યક્ત કર્યો અને દલીલ કરી કે, આવી નિષ્ક્રિયતા અપરાધીઓને ઉત્તેજન આપે છે અને સામાજિક નૈતિક પતન લાવે છે. તેઓએ દેશમાં ન્યાય પુનઃ સ્થાપિત કરવા અને નૈતિક અખંડિતતા જાળવવા તાત્કાલિક પગલાં લેવાની હાકલ કરી હતી.

**● એકતા અને વાસ્તવિક ઉકેલ માટે અપીલ :**

સંમેલનમાં તમામ નાગરિકોને નફરત, વિભાજન અને ધ્રુવીકરણ સામે સામૂહિક પગલાં લેવા વિનંતી કરી. ભ્રષ્ટાચાર, અસમાનતા અને શોષણ જેવા વાસ્તવિક મુદ્દાઓને સંબોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ ઠરાવોમાં રાષ્ટ્રની અખંડિતતાની રક્ષા કરવા અને પ્રગતિ તરફ કામ કરવા માટે સમુદાયો વચ્ચે એકતાની અપીલ કરવામાં આવી હતી.

**● વૈશ્વિક ચિંતાઓ : ગાઝા, પેલેસ્ટીન અને આંતરરાષ્ટ્રીય સંઘર્ષ :**

આ સંમેલનમાં આંતરરાષ્ટ્રીય મંચ પર ગાઝામાં ચાલી રહેલી હિંસાની સખત નિંદા કરી, તેને નરસંહાર અને માનવતા વિરુદ્ધના સૌથી ખરાબ ગુનાઓ તરીકે વર્ણવ્યું હતું. ભારત સરકારને પેલેસ્ટીની અધિકારોને સમર્થન આપવાના તેના ઐતિહાસિક વલણને વધુ મજબૂત કરવા અને હિંસાનો અંત લાવવાની હિમાયતમાં મજબૂત પગલાં લેવા વિનંતી કરી હતી. ઈઝરાયેલને લશ્કરી સહાયની ભારતની સંસ્થાનવાદ વિરોધી નીતિઓના ઉલ્લંઘન તરીકે ટીકા કરવામાં આવી હતી. કોન્ક્લેવમાં ઈઝરાયેલને શસ્ત્રોના વેચાણને સંપૂર્ણ બંધ કરવાની માગણીનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો અને પ્રદેશમાં શાંતિ લાવવા માટે સક્રિય રાજદ્વારી પ્રયાસો માટે હાકલ કરવામાં આવી હતી. કોન્ક્લેવમાં ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધ અને મધ્ય એશિયામાં વધતા તણાવની પણ નિંદા કરવામાં આવી હતી. પ્રતિનિધિઓએ વૈશ્વિક સંસ્થાઓને રાજકીય અને આર્થિક હિતો કરતાં માનવતા અને ન્યાયને પ્રાધાન્ય આપવા અપીલ કરી, તેમને યુદ્ધ અપરાધોના ગુનેગારોને જવાબદાર ઠેરવવા વિનંતી કરી હતી.

**● મુસ્લિમ રાષ્ટ્રોની જવાબદારી :**

વિશ્વભરના મુસ્લિમ નેતાઓને ઈસ્લામિક બંધુત્વ અને નૈતિક જવાબદારી દ્વારા દલિત સમુદાયોને મદદ કરવા વિનંતી કરવામાં આવી હતી. કોન્ક્લેવે આ નેતાઓને અન્યાય સામે અવાજ ઊઠાવવા અને જુલમ સામે વૈશ્વિક જનમતને જાગૃત કરવા હાકલ કરી હતી. અને અર્થપૂર્ણ પરિવર્તન લાવવા અને ન્યાય અને માનવ અધિકારના સિદ્ધાંતોને સમર્થન આપવા માટે સામૂહિક પ્રભાવનો લાભ લેવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

CELEBRATING EXCELLENCE 34 years GT

# ભારતીય અબજોપતિ ગૌતમ અદાણી પર અમેરિકા દ્વારા કથિત ૨૦૦૦ કરોડના લાંચના કાવતરાનો આરોપ

(એજન્સી) તા.૨૧

અદાણી ગ્રૂપના અધ્યક્ષ ગૌતમ અદાણી અને અદાણી ગ્રીન એનર્જીનાં બે એક્ઝિક્યુટિવ્સ, સાગર અદાણી અને વનીત જૈન પર ન્યૂયોર્કમાં કથિત રીતે અબજો ડોલરની છેતરપિંડીની યોજનાનો આરોપ મૂકવામાં આવ્યો છે. યુએસ પ્રોસિક્યુટર્સે દાવો કર્યો છે કે આ ત્રણેયએ ૨૦૨૦ અને ૨૦૨૪ની વચ્ચે ભારતીય અધિકારીઓને ૨ બિલિયન ડોલરના સોલાર એનર્જી કોન્ટ્રાક્ટ મેળવવા માટે ૨૦૦૦ કરોડની લાંચ આપી હતી. અદાણી ગ્રીન એનર્જીએ ખોટા નિવેદનો દ્વારા $૩ કરોડથી વધુ એકત્ર કર્યા હતા. ગૌતમ અને સાગર અદાણી માટે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે, જેમાં વિદેશી કાયદાના અમલીકરણને સામેલ કરવાની યોજના છે. ગૌતમ અદાણી વિશ્વના ૨૨ મા સૌથી ધનાઢ્ય વ્યક્તિ હોવાથી આ આરોપો અદાણી ગ્રૂપની પ્રતિષ્ઠાને વધુ નુકસાન કરશે. આ મહિનાની શરૂઆતમાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા પછી ગૌતમ અદાણીએ યુનાઈટેડ સ્ટેટ્સમાં $૧૦ બિલિયનના રોકાણની જાહેરાત કરી હતી. માર્ચ ૨૦૨૩થી, અદાણી ગ્રૂપના ચેરમેન જાણતા હતા કે યુએસ એન્ફોર્સમેન્ટ



**અમેરિકાએ અદાણી પર ભારતમાં તેની કથિત લાંચ અંગે અમેરિકન રોકાણકારોથી માહિતી છૂપાવવાનો આરોપ મૂક્યો**

એજન્સીઓ યુએસમાં રોકાણકારોથી તે માહિતી છુપાવીને ભારતમાં સૌર ઊર્જાનો વ્યવસાય મેળવવા માટે વિસ્તૃત લાંચ યોજનાનું આયોજન કરવા બદલ તેમના જૂથ અને કેટલાક સહયોગીઓની તપાસ કરી રહી છે. તેમના ભત્રીજા, સાગર અદાણીની ૧૭ માર્ચ, ૨૦૨૩ના રોજ ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના વિશેષ એજન્ટો દ્વારા શોધ કરવામાં આવી હતી. તેઓએ તેમના કબજામાં રહેલા ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો કબજો લીધો હતો. ન્યુયોર્કની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તપાસકર્તાઓએ કરેલી રજૂઆતો અનુસાર બીજા દિવસે, ગૌતમ અદાણીએ સર્ચ વોરંટના દરેક પેજના ફોટોગ્રાફ્સ અને સાગર અદાણી પર ગ્રાન્ડ જ્યુરી સબપોઈના ઈમેઈલ કરી હતી. તેમ છતાં, આગામી દોઢ વર્ષમાં, અદાણી જૂથે નાણાકીય સંસ્થાઓ, શેરબજારો અથવા રોકાણકારોને એ વાતનો ખુલાસો કર્યો ન હતો કે તે યુએસ સરકાર દ્વારા તપાસ હેઠળ છે. માર્ચ ૨૦૨૪માં, જ્યારે અદાણી જૂથ સંભવિત લાંચ અંગે યુએસ તપાસનો સામનો કરી રહ્યું છે તે અંગે એક સમાચાર અહેવાલ પ્રકાશિત થયો, ત્યારે સમૂહે તેની કોઈપણ જાણકારીનો ઈન્કાર કર્યો હતો. ગુરૂવારે એક નિવેદનમાં, અદાણીએ આ આરોપોને નકારી કાઢ્યા હતા, અને તેમને "પાયાવિહોણા" ગણાવ્યા હતા. તે ભારપૂર્વક જણાવે છે કે તે તમામ કાયદાઓનું સંપૂર્ણ પાલન કરતી કંપની છે. કોર્ટના દસ્તાવેજો અનુસાર, ન્યાયાધીશે હવે ગૌતમ અદાણી અને અન્ય લોકો માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે, જે ભારતીય એજન્સીઓને સોંપવામાં આવશે. આ તહોમતના હુકમમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે અદાણી અને તેના ભત્રીજાએ તપાસમાં કાયદેસર રીતે જવાબ આપવાને બદલે રોકાણકારો, સંભવિત રોકાણકારો અને નાણાકીય સંસ્થાઓને લાંચ યોજના અંગે ખોટા અને ગેરમાર્ગે દોરનારા નિવેદનો આપ્યા છે. આ આરોપ જાહેર થયા પછી, અદાણી જૂથે જણાવ્યું હતું કે તેણે યુએસમાં તેના $૬૦૦ લાખ બોન્ડ ઓફરિંગ સાથે આગળ નહીં વધવાનું નક્કી કર્યું છે. આ કેસનું મૂળ ભારતના સૌર ઉર્જા ક્ષેત્રમાં છે. કોર્ટના દસ્તાવેજોમાં વિગત મુજબ, ડિસેમ્બર ૨૦૧૯ અને જુલાઈ ૨૦૨૦ ની વચ્ચે, કેન્દ્ર સરકાર સંચાલિત સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ અદાણી ગ્રૂપ અને અન્ય ફર્મ, એઝ્યુર પાવરને ચોક્કસ કિંમતે ૧૨ ગીગાવોટ સૌર-ઉત્પાદિત વીજળી સપ્લાય કરવા માટે ટેન્ડર આપ્યા હતા. બદલામાં, SECI એ રાજ્યની વીજ કંપનીઓને શોધવાની જરૂર હતી જે તે કિંમતે વીજળી ખરીદવા તૈયાર હોય.

# હૈદરાબાદમાં JIHનું રાષ્ટ્રીય અધિવેશન : પ્રો. સલીમે ભારતીય મુસ્લિમોને સંવાદ અને એકતા સાથે નફરતનો સામનો કરવા અને બંધારણીય મૂલ્યોને જાળવી રાખવા વિનંતી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH)ના ઉપપ્રમુખ પ્રો. સલીમ એન્જિનિયરે મુસ્લિમ સમુદાયના સભ્યોને ઈસ્લામનો સંદેશ ફેલાવવા, બિન-મુસ્લિમો સાથે એકતા રાખવા, વધતી જતી નફરત, સાંપ્રદાયિકતા, મોબ લિંચિંગ અને ભારતના મૂળ મૂલ્યોનું નષ્ટ કરવા, કોમવાદી, ગુનાહિત તત્ત્વો અને કોર્પોરેટ હિતો દ્વારા વધુને વધુ નિયંત્રિત રાજકારણ સાથે નબળા ન્યાયતંત્ર વચ્ચે પ્રેમ અને સહિયારા મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે સંવાદ માટે અપીલ કરી હતી.



JIHના નેતાએ થોડા દિવસો પહેલા હૈદરાબાદ ખાતે જમાત-એ-ઈસ્લામી હિંદના રાષ્ટ્રીય કોન્ક્લેવમાં 'દેશનું પરિદૃશ્ય અને ઈસ્લામિક ચળવળ'ની થીમ પર બોલતા આ ટિપ્પણી કરી હતી. આ કાર્યક્રમમાં દેશભરમાંથી ૧૮,૦૦૦ જેટલા JIHના કેડરોએ ભાગ લીધો હતો. રાષ્ટ્ર સામેના પડકારોને ઊઠાવતા તેમણે કહ્યું કે, આજે ભારતની સ્થિતિ ચિંતાજનક છે, આપણો દેશ, ભૌતિક પ્રગતિમાં આગળ વધવા છતાં ઝડપી નૈતિક પતનથી પીડાઈ રહ્યો છે. નફરત, મોબ લિંચિંગ, નિર્દોષ લોકોને ખાસ કરીને મુસ્લિમ યુવાનોને ખોટા કેસોમાં ફસાવી અને સમાજમાં વિભાજનમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. હિંદુત્વ ચળવળ આક્રમક રીતે લોકોનું ધ્રુવીકરણ કરી રહી છે, સાંપ્રદાયિક તિરસ્કારને ઉત્તેજન આપી રહી છે અને આપણા લોકતાંત્રિક મૂલ્યોને ક્ષીણ કરી રહી છે.

રાજકારણના વધતા અપરાધીકરણ અને લોકતાંત્રિક સિદ્ધાંતોના ધોવાણ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે, આપણી રાજનીતિ સાંપ્રદાયિક, ગુનાહિત તત્ત્વો અને કોર્પોરેટ દ્વારા નિયંત્રિત છે. સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુત્વના મૂળભૂત મૂલ્યો, જે આપણા બંધારણમાં સમાવિષ્ટ છે, તે ઝડપથી નષ્ટ થઈ રહ્યા છે. ન્યાયતંત્રએ અમને એક સમયે આશા આપી હતી, તે પણ તેની વિશ્વસનીયતા ગુમાવી રહી છે કારણ કે, ન્યાય આપવાને બદલે રાજકીય અને જનતાની લાગણીઓને ખુશ કરવા માટે નિર્ણયો લેવામાં આવે છે. પ્રો. સલીમે આશાવાદી રહીને આ પરિસ્થિતિને વધુ સારી બનાવવા માટે JIH કેડર્સને અન્ય ધાર્મિક સમુદાયો સાથે સંબંધો બાંધવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, આપણે આપણા સાથી નાગરિકો સાથે સંવાદમાં જોડાવાની જરૂર છે. લોકોને વિભાજિત કરવાના પ્રયાસોનો પ્રેમ અને એકતા સાથે સામનો કરવો જોઈએ. આપણામાંના દરેકે ઓછામાં ઓછા ૧૦ બિન-મુસ્લિમ પરિવારો સાથે અમારા સંબંધો મજબૂત કરવા જોઈએ, એકબીજાના ઘરની મુલાકાત લેવી જોઈએ અને ઈસ્લામનો સંદેશ અને તેના મૂલ્યોને શેર કરવા માટે ઓછામાં ઓછા ૨૦ બિન-મુસ્લિમ ભાઈઓ સાથે સંબંધો બનાવવા જોઈએ.

**ન્યાયી અને સુમેળભર્યા સમાજનું નિર્માણ :**

મુસ્લિમ સમુદાયને તેની પ્રવૃત્તિઓ દ્વારા સમુદાયના સભ્યોને વિનંતી કરી કે, તેઓ ફક્ત તેમની પોતાની જરૂરિયાતો પર જ નહીં, પરંતુ અન્યના અધિકારોનું રક્ષણ કરવા અને તેમના જીવનને વધુ સારૂં બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે. તેમણે સૂચન કર્યું કે મુસ્લિમોએ માત્ર સમસ્યાઓની ચર્ચા કરવાને બદલે ઉકેલ શોધવા કામ કરવું જોઈએ. સામાજિક સંવાદિતાને મજબૂત કરવા માટે નાગરિક સમાજ અને ધાર્મિક નેતાઓ સાથે સહકારની આવશ્યકતા પર તેમણે કહ્યું કે, મુસ્લિમ સમુદાયે આપણા બંધારણના મૂળ મૂલ્યોને જાળવવા માટે અન્ય લોકો સાથે કામ કરવું જોઈએ. 'સદ્‌ભાવના મંચ' જેવી જમાતની પહેલનો વિસ્તાર થવો જોઈએ.

ઈસ્લામિક ચળવળના મૂળભૂત મિશન વિશે JIH વાઈસ પ્રેસિડેન્ટે કહ્યું કે, અમે એક એવી ચળવળનો ભાગ છીએ જે લોકોને તેમના સર્જક સાથે પરિચય આપવા માંગે છે, તેમને અલ્લાહની ઉપાસના કરવા અને ન્યાની સ્થાપના માટે કહે છે. સમાજ આ ફરજો નિભાવવાની અને આ દેશના ભવિષ્યને બદલવાની દિશામાં કામ કરવાની અલ્લાહ દ્વારા સોંપવામાં આવેલી જવાબદારી અમારી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર ઈતિહાસમાં પયગમ્બરોની આગેવાની હેઠળની ચળવળો હંમેશા લોકોને સદગુણો તરફ માર્ગદર્શન આપવા અને કુર્આન અને સુન્નાહ અનુસાર સાચી સફળતા અને નિષ્ફળતાની તેમની સમજને સુધારવાનો હેતુ ધરાવે છે. અમારે આ મિશન ચાલુ રાખવું જોઈએ, જેથી ન્યાય મળે અને જુલમ નાબૂદ થાય.

પ્રો. સલીમે ભારતમાં મુસ્લિમ સમાજની ગેરમાન્યતાઓ વિશે પણ વાત કરી, ખાસ કરીને તેની સ્થિતિ અને ભૂમિકા અંગે તેમણે કહ્યું કે, ભારતની ૧૪૦ કરોડની વસ્તીમાંથી લગભગ ૨૦ કરોડ મુસ્લિમ છે. આપણે 'ખૈર-એ-ઉમ્મા' છીએ – આપણે શ્રેષ્ઠ રાષ્ટ્રો, જે માનવજાતના કલ્યાણ માટે છીએ. આપણે એ ઓળખવું જોઈએ કે આપણે માત્ર એક લઘુમતી સમૂહ નથી, પરંતુ એક ચળવળ છીએ જે એક ઉચ્ચ હેતુ સાથે કામ કરે છે. પ્રો. સલીમે મુસ્લિમોની પ્રવર્તમાન ગેરસમજને દૂર કરવા કહ્યું અને કહ્યું કે, અમારી સાચી સ્થિતિ 'દાઈ ઉમ્મા'ની છે અને તે અન્યને ભલાઈ તરફ બોલાવે છે. આપણી જવાબદારી ભલાઈને પ્રોત્સાહન આપવાની, દુષ્ટતા સામે લડવાની અને લોકોને અલ્લાહની ઈબાદત તરફ માર્ગદર્શન આપવાની છે. તેમની સમાપન ટિપ્પણીમાં પ્રો. સલીમે આશાવાદી નોંધ કરતાં કહ્યું કે, પરિસ્થિતિ ભયાનક હોઈ શકે છે, પરંતુ તે સુધારી શકાય છે. આપણે નિરાશ ન થવું જોઈએ. સાથે મળીને કામ કરીને, આપણે આપણા દેશ અને આપણી ઉમ્મા માટે વધુ સારૂં ભવિષ્ય બનાવી શકીએ છીએ. તેમણે સભાને પ્રામાણિકતા, હિંમત સાથે આપણી ચળવળની ઓળખ સાથે ભલાઈનો ફેલાવો, ન્યાયની સ્થાપના, દલિતના અધિકારોની હિમાયત અને અનિષ્ટ વિરુદ્ધ ઊભા રહેવા આહ્‌વાન કર્યું.

**ક્યા બાત હૈ ?!**

**તે સ્પીડ પોસ્ટ દ્વારા મોકલેલી તારા લગ્નની કંકોત્રી મને ગઈકાલે મળી !**




## ગંભીર અને વિશ્વસનીય આરોપો છતાં અદાણી જેલની બહાર કેમ છે, શું તેમની ધરપકડ કરીને પૂછપરછ કરવામાં આવશે ? : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૨૧

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગૌતમ અદાણીની ધરપકડની માંગ કરી છે. તેમણે પૂછ્યું કે આટલા ગંભીર આરોપો પછી પણ તે જેલની બહાર કેમ છે ? રાહુલે મોદીને અદાણીની ધરપકડ કરવાનો પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે તેઓ અદાણીની ધરપકડ કરી શકતા નથી કારણ કે તેઓ પોતે પણ ફસાઈ જશે. રાહુલે કહ્યું કે આ એટલા માટે છે કારણ કે અદાણી મોદી અને તેમની પાર્ટી ભાજપને ફંડ આપે છે. રાહુલે ગુરૂવારે પત્રકાર પરિષદમાં આરોપો લગાવ્યા હતા. અમેરિકાએ ગૌતમ અદાણી પર લાંચ અને છેતરપિંડીનો આરોપ લગાવ્યા બાદ તેમણે આ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. અદાણી પર અમેરિકામાં આરોપ છે કે તેણે ભારતમાં એક મોટો પાવર પ્રોજેક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને $૨૫૦ મિલિયન એટલે કે લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાની લાંચ આપવાની યોજના બનાવી હતી. ગાર્ડિયનના અહેવાલમાં જણાવાયું છે કે કાં તો લાંચની આ રકમ ચૂકવવામાં આવી રહી છે અથવા તો ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે. ન્યૂયોર્કમાં તેમના પર આ આરોપ એટલા માટે લગાવવામાં આવ્યો છે કારણ કે ૨.૫૦ લાખ ડોલરની લાંચ આપવાની આ યોજના અમેરિકન રોકાણકારોથી છુપાવવામાં આવી હતી. અમેરિકાના આ આરોપ બાદ હવે રાહુલે ફરી મોદી પર પ્રહારો કર્યા છે.

## 'જ્યાં સુધી અને દોષિત સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ' અદાણી જૂથે અમેરિકાના લાંચના આરોપ અંગે નિવેદન જારી કરતાં આ આરોપોને પાયાવિહોણા ગણાવતા નકારી કાઢ્યા

(એજન્સી) તા.૨૧

કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અદાણી ગ્રીનના ડિરેક્ટરો સામે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન દ્વારા કરાયેલા આક્ષેપો પાયાવિહોણા છે અને તે નકારવામાં આવ્યા છે. વધુમાં, આ નિવેદનમાં તેના વલણ પર ભાર મૂક્યો હતો અને ઉમેર્યું હતું કે, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા જ જણાવવામાં આવ્યું છે તેમ, આ માત્ર આરોપો છે અને જ્યાં સુધી અને દોષિત સાબિત ન થાય ત્યાં સુધી પ્રતિવાદીઓ નિર્દોષ હોવાનું માનવામાં આવે છે અને તમામ સંભવિત કાનૂની આશ્રય લેવામાં આવશે. અદાણી ગ્રૂપે કહ્યું હતું કે તે હંમેશા તેની કામગીરીના તમામ અધિકારક્ષેત્રોમાં શાસન, પારદર્શિતા અને નિયમનકારી અનુપાલનનાં સર્વોચ્ચ ધોરણોને જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે. યુએસ કોર્ટે અદાણી અને કંપનીને દોષિત ઠેરવી છે. કંપનીએ હિતધારકો, ભાગીદારો અને કર્મચારીઓને આશ્વાસન આપવાના પ્રયાસમાં જણાવ્યું હતું કે કંપની કાયદાનું પાલન કરતી સંસ્થા છે, જે તમામ કાયદાઓનું સંપૂર્ણ પાલન કરે છે. આ પહેલા શોર્ટ-સેલર ગ્રૂપ હિંડનબર્ગની એક પોસ્ટ દ્વારા આઓપો કરવામાં આવ્યા હતા અને યુએસ ફેડરલ કોર્ટ દ્વારા ગૌતમ અદાણી અને કંપની સાથે સંકળાયેલા સાત અન્ય લોકો પર આરોપ મૂકવામાં આવ્યા હતા. અબજોપતિ ગૌતમ અદાણી પર યુએસ પ્રોસિક્યુટર્સ દ્વારા સોલાર પાવર કોન્ટ્રાક્ટ માટે અનુકૂળ શરતોના બદલામાં ભારતીય અધિકારીઓને USD ૨૫૦ મિલિયન (આશરે રૂા. ૨,૧૦૦ કરોડ)થી વધુની લાંચ ચૂકવવાની યોજનાનો ભાગ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. યુએસ કોર્ટની પ્રેસ રીલીઝમાં આરોપો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને દાવો કરવામાં આવ્યો હતો કે કંપની અને તેની આગેવાની સામૂહિક લાંચની પ્રવૃત્તિમાં સામેલ હતી, જેમાં કંપનીએ તેની અદાણી ગ્રીન એનર્જી કંપની માટે કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને લાંચ આપી હતી. કોર્ટે ગૌતમ અદાણી અને અન્ય સાત સામે ધરપકડ વોરંટ પણ જારી કર્યું હોવાનું કહેવાય છે.

# દિલ્હીના ૧૯૮૪ના શીખ-વિરોધી રમખાણોના પીડિતોને અંતે ૪ દાયકા બાદ ન્યાય મળ્યો, સરકારી નોકરીઓ મળશે

**દિલ્હીના લેફ. ગવર્નર વી. સકસેનાએ પીડિત પરિવારોના ૪૭ લોકોને નિમણૂકના પત્રો એનાયત કર્યા, વયમર્યાદા વટાવી ગયા હોય એવા પીડિતો માટે પણ વધારાની છ ઓફર**

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૧



૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના પીડિત પરિવારોને અંતે ૪ દાયકા પછી ન્યાય મળ્યો છે અને આજે આવા પરિવારોના ૪૭ સભ્યોને દિલ્હીના લેફ. ગવર્નર વી. સકસેનાના હસ્તે સરકારી નોકરીઓના નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત નોકરી માટેની વયમર્યાદા પાર કરી ગયા હોય એ લોકો માટે પણ સરકાર તરફથી છ લાભદાયક ઓફર કરવામાં આવી છે. તેઓ સરકારી નોકરીને પાત્ર બની શકે તે માટે વયમર્યાદામાં છૂટછાટ સહિતની ઓફર કરવામાં આવી છે.

સકસેનાએ એવું પણ જાહેર કર્યું છે કે શીખ રમખાણોના પીડિતોની સોસાયટીનું વિધવા કોલોનીનું નામ પણ બદલવામાં આવશે. આટલો વિલંબ કેમ થયો એ અંગે તેમણે જણાવ્યું હતું કે પ્રક્રિયાને કારણે વાર લાગી છે સંવેદના વગરના લાલફિતાશાહી તંત્રને કારણે સમય લાગ્યો છે છતાં મોટી સંખ્યામાં ઉમેદવારો નોકરીને પાત્ર ગણીને એમને નોકરી આપવામાં આવી છે.

આ પ્રસંગે એમના લોકોને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે તોફાનોમાં માર્યા ગયેલાની વિધવાઓના નામે વિધવા કોલોની એવું કરૂણ નામ રાખી દેવામાં આવ્યું હતું હવે એ બદલવામાં આવશે. નોકરી માટેની બીજી ૪૩૭ અરજીઓ અંગે પણ વિચારણા ચાલી રહી છે. અત્યારે આ પરિવારો માટે આ સંતોષની ઘડી છે કેમ કે અંતે એમને ન્યાય પ્રાપ્ત થયો છે.

# પાકિસ્તાનમાં ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ઉતારૂઓથી ભરચક વાહનો પર બંડખોરોએ ભીષણ ગોળીબાર કરતા ૫૦ શિયા મુસ્લિમોનાં મોત

**તાલિબાનોના વર્ચસ્વવાળા વિસ્તારોમાં હથિયારધારી બળવાખોરોએ કર્યો રકતપાત**

(એજન્સી) પૈશાવર,તા.૨૧

પાકિસ્તાનમાં આતંકવાદીઓથી પીડાતા વાયવ્ય ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ઉતારૂ વાહનો પર સશસ્ત્ર બળવાખોરોએ ભયાનક ગોળીબાર કરતા ૫૦ ઉતારૂ માર્યા ગયા હતા અને ૨૦થી વધુ ગંભીર રીતે ઘાયલ થયા હતા. સત્તાવાર સૂત્રોએ જણાવ્યા મુજબ માર્યા ગયેલા લોકો શિયા મુસ્લિમો હતા. બળવાખોરોએ પારચિનારથી પેશાવર જતા વાહનોના એક કાફલાને નિશાન બનાવીને બેફામ ગોળીબાર શરૂ કરી દીધો હતો.

તાલિબાનોના વર્ચસ્વવાળા ખુર્રમ જિલ્લામાં આ ભિષણ હુમલો થયો હતો. મરનારમાં ૮ મહિલાઓ અને પાંચ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ કાફલામાં ૨૦૦થી વધુ વાહનો હતા. ઘટનાને પગલે પાકિસ્તાની સલામતી દળોનો જંગી કાફલો ઘટના સ્થળે ધસી ગયો છે. પ્રાંતના મુખ્યમંત્રી અલીઅમીનખાને હુમલાની સખ્ત શબ્દોમાં નિંદા કરી છે. અને મૃતકોના પરિવારજનો માટે નાણાકીય સહાય જાહેર કરી છે.

# ભયંકર યુદ્ધ શરૂ : રશિયાએ યુક્રેન સામે ICBM મિસાઈલથી હુમલો શરૂ કર્યો, બ્રિટનની સ્ટોર્મ શેડો મિસાઈલોને તોડી પાડી

(એજન્સી) તા.૨૧

યુક્રેન-રશિયા યુદ્ધ હવે ભયાનક સ્થિતિમાં પહોંચી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. યુક્રેને અમેરિકન અને બ્રિટિશ મિસાઈલો વડે રશિયન શહેરોને નિશાન બનાવ્યા બાદ હવે રશિયાએ પણ પોતાનો દાવ ખેલ્યો છે. ગુરૂવારે યુક્રેને કહ્યું કે, લગભગ ૩ વર્ષથી ચાલી રહેલા આ યુદ્ધમાં રશિયાએ પહેલીવાર યુક્રેન પર ઈન્ટર-કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છોડી છે. રશિયાએ યુક્રેનના ડિનિપ્રો શહેર પર ૨૧ નવેમ્બરે સવારે પાંચથી ૭ વાગ્યાની વચ્ચે ICBM મિસાઈલ વડે યુક્રેનિયન શહેર ડિનિપ્રો પર તાબડતોડ હુમલા કર્યા છે. આ માટે રશિયાએ RS-26 Rubezh મિસાઈલનો ઉપયોગ કર્યો હોવાની શક્યતા છે. જેને અસ્ત્રાખાન વિસ્તારમાંથી છોડવામાં આવી હતી.

યુક્રેનની વાયુસેનાએ આ હુમલાની પુષ્ટિ કરી છે. આ મિસાઈલ ઉપરાંત કિંઝલ હાઈપરસોનિક અને KH-101 ક્રૂઝ મિસાઈલોથી પણ હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનની વાયુસેનાએ એ વાતની પુષ્ટિ કરી છે કે, અમારી મહત્ત્વપૂર્ણ સંસ્થાઓ, ઈમારતો અને માળખાને નુકસાન થયું છે. આ હુમલામાં બિન-પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ક્રૂઝ મિસાઈલો છોડવા માટે રશિયાએ તેના લાંબા અંતરના બોમ્બર Tu-95MSનો ઉપયોગ કર્યો છે. આ બોમ્બરોએ વોલ્ગોગ્રાડ વિસ્તારમાંથી ઉડાન ભરી હતી. જ્યારે કિંઝલ હાઈપરસોનિક મિસાઈલોને તામ્બોવ વિસ્તારમાંથી ઉડાન ભરેલ MiG-31K ફાઈટર જેટમાંથી છોડવામાં આવી હતી. આ વચ્ચે રશિયાએ દાવો કર્યો છે કે, અમારી એર ડિફેન્સ સિસ્ટમે બે બ્રિટિશ સ્ટોર્મ શેડો મિસાઈલોને તોડી પાડી છે. આ મિસાઈલોને યુક્રેને રશિયા તરફ છોડી હતી. પ્રથમ વખત યુક્રેને આ મિસાઈલનો ઉપયોગ રશિયા સામે કર્યો હતો. ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ યુક્રેનિયન ઈન્ટેલિજન્સે દાવો કર્યો હતો કે, રશિયન સેના પોતાની ઈન્ટર-કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ RS-26 Rubezhને છોડવાની તૈયારી કરી રહી છે. આ મિસાઈલ કપુસ્ટીન યાર એર બેઝથી લોન્ચ કરવામાં આવશે. આ વિસ્તારને અસ્ત્રાખાન પણ કહેવામાં આવે છે. આ મિસાઈલમાં પરમાણુ હથિયાર ન હોય તેવી શક્યતા છે. પરંતુ ઓછી તીવ્રતાના પરમાણુ હથિયારો અથવા ખતરનાક પરંપરાગત હથિયારો લગાવી શકાય છે. આ મિસાઈલનું વજન ૩૬ હજાર કિલોગ્રામ છે. તેમાં એક સાથે ૧૫૦/૩૦૦ કિલોટનના ચાર હથિયારો લગાવી શકાય છે. એટલે કે આ મિસાઈલ MIRV ટેક્નોલોજીથી સજ્જ છે. એટલે કે તે એક સાથે ચાર ટાર્ગેટ પર હુમલો કરી શકે છે. આ મિસાઈલ Avangard હાઈપરસોનિક ગ્લાઈડ વ્હીકલને લઈ જવા માટે પણ સક્ષમ છે. આનો અર્થ એ છે કે, હુમલો વધુ મજબૂત થઈ શકે છે.

# એ. આર. રહેમાનની રૂા. ૨૧૦૦ કરોડની નેટવર્થ જેમાં લક્ઝુરિયસ હોમ્સ, ચમકતી કાર્સ, મ્યુઝિક સ્ટુડિયો અને ઘણું બધું સામેલ

(એજન્સી) તા.૨૧

એ. આર. રહેમાન અને તેની પત્ની સાયરા બાનુના છૂટાછેડા લેવાના છે આ સમાચારે ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. સંગીતકારના ચાહકો આ સમાચાર બાદ આઘાતમાં છે તેવામાં હવે એવી અટકળો ચાલી રહી છે કે એ ર રહેમાનના છૂટાછેડા રિતિક કરતા પણ મોંઘા થવાના છે. આ ચર્ચાનું કારણ એ આર રહેમાનની સંપત્તિ છે. મીડિયા રિપોર્ટ મુજબ એ આર રહેમાનની કુલ સંપત્તિ અંદાજે ૧,૭૨૮ કરોડથી ૨,૧૦૦ કરોડની આસપાસ છે. તે એક ગીત માટે અધધ ૩ કરોડ રૂપિયા લે છે અને જ્યારે તે ફિલ્મોમાં સંગીત માટે પોતાનો અવાજ આપે છે ત્યારે તેની ફી ૧૦ કરોડ રૂપિયા છે. આ ઉપરાંત ચેન્નાઈમાં એ આર રહેમાનનો આલીશાન બંગલો પણ છે. એટલું જ નહીં તેની પાસે લોસ એન્જલસમાં એક આલીશાન એપાર્ટમેન્ટ પણ છે, એઆર રહેમાન પાસે ઘણી લક્ઝરી કાર પણ છે. આ સાથે જ એઆર રહેમાન સૌથી વધુ કમાણી કરનારા ગાયકોમાં સામેલ છે. એ આર રહેમાનના છૂટાછેડાના સમાચાર બાદ લોકો એવી ચર્ચા કરી રહ્યા છે કે જયારે બંનેના છૂટાછેડા થઈ રહ્યા છે તો એ આર રહેમાનની પત્નીને આ સંપત્તિ માંથી શું મળશે. આ સાથે એવી પણ ચર્ચા ચાલી રહી છે કે અત્યાર સુધી ઈન્ડસ્ટ્રીમાં રિતિક રોશનના છૂટાછેડા સૌથી મોંઘા હતા હવે કદાચ એ આર રહેમાન ના હોય. તમને જણાવી દઈએ કે, રિતિક રોશને સુઝેનને ૩૮૦ કરોડ રૂપિયા એલિમની તરીકે આપ્યા હતા.

## નેશનલ ટેસ્ટિંગ એજન્સી વિરૂદ્ધ દીવાલો પર લખાણ લખવા બદલ દિલ્હી યુનિવર્સિટીએ એક વિદ્યાર્થિનીને છ મહિના માટે યુનિવર્સિટીમાંથી હાંકી કાઢી....

દિલ્હી યુનિવર્સિટીના નોર્થ કેમ્પસની દીવાલો પર નેશનલ ટેસ્ટિંગ એજન્સી વિરૂદ્ધ લખાણ અને ચિતરામણા બદલ રશિયન ભાષાની એમએની વિદ્યાર્થિનીની છ માસ માટે હકાલપટ્ટી કરવામાં આવી છે. દિશા વિદ્યાર્થી સંગઠને યુનિવર્સિટીથી પગલાંને વખોડી કાઢવામાં આવ્યું છે. પેપર લીક તથા એનટીએની નિષ્ફળતા સુચવતા લખાણ અને ચિત્રોએ ઝુંબેશના ભાગરૂપે હતા.

## મહારાષ્ટ્ર ચૂંટણી : મહા વિકાસ અઘાડીમાં વિખવાદ : સીએમના ચહેરા અંગે નાના પટોલે, સંજય રાઉત વચ્ચે શબ્દયુદ્ધ

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ માટે મત ગણતરી થાય તે પહેલા સીએમના ચહેરા મુદ્દે મહા વિકાસ અઘાડીમાં મતભેદ ઊભા થયા છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોલે અને ઉદ્ધવ શિવસેનાના સાંસદ સંજય રાઉત વચ્ચે આ મુદ્દે તણખા ઝર્યા છે. કોંગ્રેસના નેજા હેઠળ સરકાર રચાશે એવા પટોલેના દાવા સામે રાઉતે કહ્યું કે, સીએમનો ચહેરો એમવીએની ટોચની નેતાગીરી નક્કી કરશે.

## યુપીમાં કરૂણ ઘટના : અલીગઢમાં યમુના એક્સપ્રેસ-વે પર એક ટ્રક અને ડબલ ડેકર બસ સામસામા અથડાઈ પડતાં પાંચનાં મોત; ૧૫ ઘાયલ

અલીગઢમાં યુમના એક્સપ્રેસ-વે પર દિલ્હીથી આઝમગઢ જતી ડબલ ડેકર બસ ભારે ધુમ્મસને કારણે એક ટ્રક સાથે અથડાઈ પડતાં પાંચ મુસાફરોનાં મોત થયા હતા અને ૧૫ને ઈજા થઈ હતી. ટ્રકચાલકે બસને ઓવરટેક કરવા પ્રયાસ થયો ત્યારેકરૂણ ઘટના થઈ હતી તેમ પોલીસે જણાવ્યું હતું. ઘટનાનો વિચલિત કરતો વીડિયો વાયરલ થયો હતો.

## ઉતારૂ ધસારાને પહોંચી વળવા રેલવે દ્વારા નવેમ્બરના અંત સુધીમાં નવા ૧,૦૦૦ ડબ્બા જોડવામાં આવશે

ઉતારૂઓના ધસારા તથા ટ્રેનોમાં ગિરદીને પહોંચી વળવા નવેમ્બર અંત સુધીમાં રેલવે દ્વારા ૩૭૦ રેગ્યુલર ટ્રેનોમાં નવા ૧,૦૦૦ જનરલ કોચ સેકન્ડ ક્લાસમાં જોડવામાં આવશે. જેનાથી દૈનિક સરેરાશ એક લાખ વધુ મુસાફરોને સમાવી શકાશે. પશ્ચિમ રેલવે પર ટ્રેનમાં ૮૪ નવા ડબ્બા જોડશે

# ICCએ બેન્જામિન નેતાન્યાહુ, પૂર્વ રક્ષામંત્રી ગેલન્ટ અને હમાસ નેતા મોહમ્મદ દેઈફ સામે ધરપકડ વોરંટ જારી કર્યું

(એજન્સી) તા.૨૧

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)એ ગુરૂવારે યુદ્ધ અને માનવતા વિરૂદ્ધ ગુનાઓને લઈને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને પૂર્વ રક્ષા મંત્રી યોન ગેલન્ટ માટે ધરપકડ વોરંટ જારી કર્યું. આ સાથે હમાસ નેતા મોહમ્મદ દેઈફ સામે પણ ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ICCએ નેતાન્યાહુ અને ગેલન્ટ પર માનવતા વિરૂદ્ધ ગુનાઓના આરોપ લગાવ્યા, જેમાં હત્યા, ઉત્પીડન અને અમાનવીય કૃત્યોની વાત કહેવામાં આવી છે. આરોપ છે કે ઈઝરાયેલે ગાઝામાં નાગરિકો માટે ભોજન, પાણી અને ચિકિત્સા સહાયતા જેવા જરૂરિયાતના સામાન પર પ્રતિબંધ લગાવી દીધો છે, જેનાથી બાળકોનાં મોત થયા છે અને અનેક લોકોને સંકટનો સામનો કરવો પડ્યો છે.

માહિતી અનુસાર, આરોપમાં કહેવામાં આવ્યું છે કે, કોર્ટને એ માનવા માટે યોગ્ય આધાર પણ મળ્યો છે કે નેતાન્યાહુએ જાણીજોઈને નાગરિકોને નિશાન બનાવ્યા અને જરૂરી સહાયતા રોકી દીધી. જેનાથી લોકોને ખૂબ પીડા ભોગવવી પડી. કોર્ટે કહ્યું કે, 'અમે હુમલાનું આંકલન કર્યું કે આ માનવું યોગ્ય આધાર છે કે નેતાન્યાહુ અને ગેલન્ટ ગાઝાના નાગરિકો વિરૂદ્ધ જાણીજોઈને હુમલાને નિર્દેશિત કરવાના યુદ્ધ અપરાધ માટે જવાબદાર છે.'

# 'મોદીજી ટ્રમ્પને મદદ માટે કોલ કરશે તેની રાહ જોઈ રહ્યા છો ?' TMCના સાંસદ મહુઆ મોઈત્રાએ અમેરિકા દ્વારા કરવામાં આવેલા 'આરોપ' મુદ્દે અદાણી જૂથની નિંદા કરી

**મહુઆએ ભારતના બજાર નિયમનકાર SEBIની ટીકા કરતાં કહ્યું હતું કે, 'ગુડ મોર્નિંગ સુશ્રી માધબી બુચ, અદાણી સામે કોઈ સાબિતી નથી ! ગુડ મોર્નિંગ સમાધાનકારી SEBI'**



(એજન્સી) તા.૨૧

ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ ગુરૂવારે યુએસમાં અદાણી સમૂહ વિરૂદ્ધના ગુનાહિત આરોપ અંગે ભાજપના સમર્થકો અને અદાણી જૂથના મૌન પર સવાલ ઊઠાવ્યા હતા. TMC સાંસદે કહ્યું કે, ભક્તો અને અદાણી જૂથ બંને મૌન છે. આ મુદ્દાને ઉકેલવામાં મદદ કરવા માટે મોદીજી ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કરે તેની રાહ જોઈ રહ્યા છો ?! મહુઆએ ભારતના બજાર નિયમનકાર સેબીની ટીકા કરતાં કહ્યું હતું કે, 'ગુડ મોર્નિંગ સુશ્રી માધબી બુચ 'અદાણી સામે કોઈ સાબિતી નથી !' ગુડ મોર્નિંગ સમાધાનકારી સેબી.' અદાણી ગ્રુપ પર યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC)ની પ્રેસ રિલીઝ શેર કરતાં તેણીએ કહ્યું કે, આ તમારા ભાઈના વ્યવહારની વિગતો આપતી SEC પ્રેસ રિલીઝ છે. અદાણી ગ્રુપ સામે મહુઆની ટિપ્પણી યુનાઈટેડ સ્ટેટ્સ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અને એસઈસીની એ જાહેરાત પછી કરવામાં આવી છે જેણે બુધવારે ગૌતમ અદાણી અને અન્ય કંપની સહયોગીઓ સામે ફોજદારી આરોપ અને સિવિલ ફરિયાદ જારી કરી હતી.

યુ.એસ. દ્વારા આ દોષારોપણ પછી અદાણી જૂથે તેની ૬૦ કરોડ ડૉલરની બોન્ડ ઓફરિંગ રદ કરવાનો નિર્ણય કર્યો છે. એક સત્તાવાર નિવેદનમાં અદાણી ગ્રીને કહ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને યુનાઈટેડ સ્ટેટ્સ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને ફોજદારી આરોપ કર્યો છે અને અનુક્રમે ન્યૂયોર્કના પૂર્વીય જિલ્લા માટે યુનાઈટેડ સ્ટેટ્સ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અમારા બોર્ડના સભ્યો ગૌતમ અદાણી અને સાગર અદાણી વિરુદ્ધ સિવિલ ફરિયાદ છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે અમારા બોર્ડના સભ્ય વિનીત જૈનનો પણ ફોજદારી આરોપમાં સમાવેશ કર્યો છે. આ ઘટનાક્રમના પ્રકાશમાં અમારી પેટાકંપનીઓએ સૂચિત USD-નામિત બોન્ડ ઓફરિંગ સાથે આગળ ન વધવાનો નિર્ણય કર્યો છે. આ સમાચારના પરિણામે સમૂહના કેટલાક શેરોમાં ગુરૂવારના ટ્રેડિંગ સેશનની શરૂઆતમાં નોંધપાત્ર નુકસાન થયું છે.

# વાયરલ યુપી લગ્ન વીડિયો : ઉજવણી દરમિયાન ૨૦ લાખ રૂપિયા રોકડ વરસાવવા મહેમાનો JCB પર ચઢ્યા

(એજન્સી) લખનૌ, તા.૨૧

ઉત્તરપ્રદેશના સિદ્ધાર્થનગરમાં ભવ્ય લગ્નનો એક વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે. શણગાર અથવા લગ્નના પોશાક માટે નહીં, પરંતુ શોભાયાત્રા દરમિયાન કરવામાં આવેલી રોકડ રકમ માટે તેને ભવ્ય કહી શકાય. એવું નોંધવામાં આવ્યું હતું કે, વાયરલ યુપી લગ્નમાં મહેમાનો JCB પર ચઢતા અને થોડા હજાર નહીં પરંતુ ૨૦,૦૦,૦૦૦ રૂપિયાની રોકડ રકમનો વરસાદ કરતા દેખાયા હતા.

વીડિયોમાં મહેમાનો બે JCB પર ચઢીને વરરાજાને લઈ જતા રથ પર રોકડ વરસાવતા જોવા મળ્યા હતા અને અન્ય લોકો ઉજવણીના જોવા માટે પરિસરમાં એકઠા થયા હતા. લોકો તેમના ઘરના ધાબા અને બાલ્કનીમાંથી પણ રોકડ નોટો વરસાવતા પણ જોવા મળ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ દ્રશ્યમાં વરરાજાના મહેમાનોને ૧૦૦, ૨૦૦ રૂપિયા અને ૫૦૦ રૂપિયાની નોટો હવામાં ઉડાવીને ભવ્ય લગ્ન સમારોહમાં ભાગ લેતા દર્શાવવામાં આવ્યા હતા. ગયા વર્ષે ગુજરાતમાંથી આવા જ દશ્યો વાયરલ થયા હતા જ્યાં મહેસાણા શહેરમાં લગ્નની સરઘસમાં પૈસાનો વરસાદ થયો હતો.

માજી સરપંચ તેમના મકાનના ધાબા પર ઊભા રહીને રૂા. તેમના ભત્રીજાના લગ્નની ઉજવણીના ભાગરૂપે ૫૦૦ની ચલણી નોટો હવામાં ઉડી હતી. પ્રસંગમાં કરીમ યાદવ અને તેમના પરિવારના સભ્યો તેમના ભત્રીજા રઝાકના લગ્નને યાદગાર કરવા માટે શેરીઓમાં રોકડનો વરસાદ કરતા દર્શાવવામાં આવ્યા હતા. આ ક્રેઝ માત્ર લગ્નોમાં જ નહીં, પરંતુ અન્ય તહેવારો અને ઉજવણીઓમાં પણ જોવા મળે છે. જ્યારે સાબરકાંઠા, ગુજરાતના એક જૈન દંપતીએ ૨૦૨૪ની શરૂઆતમાં સાધુત્વ સ્વીકારવાની જાહેરાત કરી, ત્યારે તેઓ શોભાયાત્રા દરમિયાન ઉદારતાથી દાન આપતા જોવા મળ્યા હતા. અહેવાલો અનુસાર ઉદ્યોગપતિ ભાવેશ ભંડારી અને તેમની પત્નીએ તેમની જીવનભરની ૨૦૦ કરોડ રૂપિયાની કમાણી સાધુત્વ અપનાવવા માટે દાનમાં આપી છે.

# ચંદીગઢ યુનિવર્સિટી ખાતે ઝામ્બિયાના વિદ્યાર્થીએ તાન્ઝાનિયાના સાથી વિદ્યાર્થીની હત્યા કર્યા બાદ પોલીસ લોકઅપમાં ગળાફાંસો ખાધો

**નાયલોનનું દોરડું લોકઅપના સળિયા સાથે બાંધીને વિદ્યાર્થીએ આત્મહત્યા કરી**

(એજન્સી) ચંદીગઢ, તા.૨૧

ચંદીગઢ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા આફ્રિકી દેશ ઝામ્બિયાના એક વિદ્યાર્થીએ તેના સાથી વિદ્યાર્થી તાન્ઝાનિયા દેશના વિદ્યાર્થીની હત્યા કરી હતી. એ પછી તેની ધરપકડ બાદ આ વિદ્યાર્થીએ પોલીસ લોકઅપમાં ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હોવાનું પોલીસમાં જાહેર થયું હતું. ઝામ્બિયાથી આવેલા ૨૪ વર્ષના સેવિયર ચીકો પેહલાએ તેના સાથી વિદ્યાર્થી અને તાન્ઝાનિયાથી આવેલાની હત્યા કરી નાખી હતી તેવું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. તેની ધરપકડ બાદ ગઈ રાત્રે સેવિયરે નાયલોનના દોરડાને લોખંડના સળિયા સાથે લટકાવી ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી દીધી હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે તેને તાત્કાલિક દવાખાને ખસેડ્યો હતો પણ તબીબોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે આ અંગે બીજી કોઈ માહિતી આપી નથી અને પોલીસ સ્ટેશનના દરવાજા પણ બંધ કરી દેવામાં આવ્યા છે.

# CBSE બોર્ડ પરીક્ષાઓ ૨૦૨૫ : ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષાઓ ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે, તારીખ પત્રક જાહેર; વિગતો તપાસો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ બુધવારે ધો.૧૦ અને ૧૨ ૨૦૨૫ની બોર્ડ પરીક્ષાઓનું શેડ્યુલ બહાર પાડ્યું હતું. જ્યારે માધ્યમિક શાળા પરીક્ષા (વર્ગ ૧૦) તેમજ ઉચ્ચ શાળા પ્રમાણપત્ર પરીક્ષાઓ (વર્ગ ૧૨) બંને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ શરૂ થશે, ૧૦ની પરીક્ષા ૧૮મી માર્ચે અને ૧૨ની ૪ એપ્રિલના રોજ સમાપ્ત થશે.

ધો.૧૦ની બોર્ડની પરીક્ષાઓમાં પ્રથમ વિષય તરીકે અંગ્રેજી હશે અને ધો.૧૨ માટે તે ભૌતિકશાસ્ત્રનું પેપર હશે જે ૧૫ ફેબ્રુઆરીથી પરીક્ષાઓ શરૂ કરશે. બંને વર્ગોની પરીક્ષા એક જ શિફ્ટમાં લેવામાં આવશે - સવારે ૧૦:૩૦થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી.

એકવાર અપલોડ કર્યા પછી ઉમેદવારો બોર્ડની સત્તાવાર વેબસાઇટ પરથી સંપૂર્ણ તારીખ શીટ ચકાસી શકે છે : cbse.gov.in. પ્રથમ વખત CBSEએ પરીક્ષાઓ શરૂ થવાના લગભગ ૮૬ દિવસ પહેલા ડેટ શીટ જાહેર કરી છે. ૨૦૨૪ની સરખામણીમાં ૨૦૨૫ માટેની તારીખ પત્રકો ૨૩ દિવસ પહેલા જારી કરવામાં આવી છે, જે વિદ્યાર્થીઓને યોજના બનાવવા અને તૈયારી કરવા માટે વધુ સમય આપે છે.

૪૪ લાખથી વધુ લાયક ઉમેદવારો ૨૦૨૫માં ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં ભાગ લેશે જે ભારત અને વિદેશની ૮૦૦૦થી વધુ શાળાઓમાં યોજાશે.

બોર્ડે બુધવારે જારી કરેલી અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, શેડ્યુલ વિષયની પરીક્ષાઓ વચ્ચે ન્યૂનતમ સમયગાળો સુનિશ્ચિત કરે છે, જે વિદ્યાર્થીઓને સળંગ પરીક્ષાઓ માટે પૂરતો તૈયારીનો સમય આપે છે.

CBSE દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝમાં ઉમેર્યું હતું, ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ પરીક્ષાઓની તારીખને ધ્યાનમાં લેવામાં આવી છે અને પ્રવેશ પરીક્ષાઓ પહેલા પરીક્ષાઓ પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. આનાથી વિદ્યાર્થીઓને બોર્ડ અને પ્રવેશ પરીક્ષા બંને માટે વધુ સારા સમય વ્યવસ્થાપનમાં મદદ મળશે.

CBSEએ વધુમાં જણાવ્યું હતું કે, ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને અંગ્રેજી જેવા મુખ્ય વિષયો સારી જગ્યા ધરાવે છે, જ્યારે વિદ્યાર્થીઓમાં તણાવ ઘટાડવા માટે વૈકલ્પિક વિષયો સમાનરૂપે વહેંચવામાં આવે છે. CBSEએ ઉમેર્યું હતું કે, તારીખ પત્રક તહેવારો અને મહત્ત્વની રજાઓને ધ્યાનમાં લે છે, તેમજ વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓ માટે સુવિધા સુનિશ્ચિત કરે છે.

# ઉત્તરપ્રદેશ : પ્રાચીન હિંદુ મંદિરના દાવાઓ વચ્ચે કોર્ટ દ્વારા નિયુક્ત કમિશનરે મોગલ-યુગની મસ્જિદનું સર્વેક્ષણ કર્યું

**બાબર દ્વારા બનાવવામાં આવેલી આ મસ્જિદને સંભલ જિલ્લાની સત્તાવાર વેબસાઈટ પર 'ઐતિહાસિક સ્મારક' તરીકે ઓળખવામાં આવે છે, જો કે, હિંદુ અરજદારો દાવો કરે છે કે તે એક પ્રાચીન કલ્કિ મંદિરનું સ્થળ છે**



(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લામાં મુઘલ યુગની એક મસ્જિદનો મંગળવારે (૧૯ નવેમ્બર) સ્થાનિક સિવિલ કોર્ટના આદેશ પર એડવોકેટ કમિશનર દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો. કોર્ટે હિંદુ કાર્યકરો દ્વારા દાખલ કરાયેલી અરજી પર કાર્યવાહી કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ ઈસ્લામિક ધાર્મિક સ્થળ મૂળરૂપે વિષ્ણુના અવતારને સમર્પિત અગ્રણી હિન્દુ મંદિર હતું. શાહીજામા મસ્જિદની મેનેજિંગ કમિટી તેમજ સ્થાનિક મુસ્લિમ વસ્તી એડવોકેટ કમિશનર રમેશ રાઘવ દ્વારા કોર્ટના નિર્દેશો પછી થોડા કલાકોમાં સર્વેની કાર્યવાહી શરૂ કરવામાં દર્શાવવામાં આવેલી ઉતાવળથી આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. દોઢથી બે કલાક સુધી ચાલેલા સર્વે દરમિયાન મસ્જિદ પરિસરની ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા પોલીસ વડાની હાજરીમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હિંદુત્વ તરફી વકીલ હરિ શંકર જૈન અને હિંદુ મહંત ઋષિરાજગીરીની આગેવાની હેઠળ આઠ વાદીઓ દ્વારા મસ્જિદમાં પ્રવેશ મેળવવાના અધિકારનો દાવો કરતી સિવિલ સુટના ભાગરૂપે અરજી દાખલ કરવામાં આવ્યા બાદ સિવિલ જજ સિનિયર ડિવિઝન આદિત્ય સિંહે મસ્જિદના સર્વેનું નિર્દેશન કર્યું હતું. આ મસ્જિદ, પ્રથમ મુઘલ સમ્રાટ બાબરના નિર્દેશો પર બાંધવામાં આવી હોવાનો દાવો કરવામાં આવે છે, તેને સંભલ જિલ્લાની સત્તાવાર વેબસાઈટ પર "ઐતિહાસિક સ્મારક" તરીકે સ્વીકારવામાં આવે છે. હિંદુ અરજદારોએ દાવો કર્યો હતો કે આ મસ્જિદ એ વિષ્ણુના અંતિમ અવતાર કલ્કીને સમર્પિત પ્રાચીન મંદિરનું સ્થળ હતું. ૧૫૨૯માં બાબરે હરિ મંદિરને આંશિક રીતે તોડી પાડ્યું અને તેને મસ્જિદમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કર્યો હતો. મસ્જિદનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ ઝફર અલીએ જણાવ્યું હતું કે સર્વે બે કલાક સુધી ચાલ્યો હતો. આ સર્વે દરમિયાન કોઈ વાંધાજનક વસ્તુ મળી નથી. શંકા પેદા કરી શકે એવું કંઈ ન હતું. આનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે શાહીજામા મસ્જિદ ખરેખર એક મસ્જિદ જ છે. સૂત્રના જણાવ્યા અનુસાર, કોર્ટે લગભગ ૩:૩૦ વાગ્યે પોતાનો આદેશ આપ્યો જ્યારે એડવોકેટ કમિશનરનો સર્વે સાંજે ૭ વાગ્યે શરૂ થયો. મસ્જિદ સાથે સંકળાયેલા વકીલે જણાવ્યું હતું કે, અમને વાંધો નોંધાવવાની તક આપ્યા વિના અથવા આ વિસ્તારમાં જરૂરી શાંતિ સભાઓ યોજ્યા વિના આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સર્વેક્ષણ દરમિયાન, મસ્જિદ અને સ્ટોર રૂમનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, અને મસ્જિદના સંભાળ રાખનારાઓએ કોર્ટ દ્વારા નિયુક્ત કમિશનરને સંપૂર્ણ સહકાર આપ્યો હતો. હિંદુ વાદીઓના વકીલ વિષ્ણુ શંકર જૈને જણાવ્યું હતું કે મસ્જિદની ઘણી વિશેષતાઓનો અભ્યાસ કરવાનો બાકી હોવાથી વધુ સર્વે ચાલુ રહેશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે બાબરે ૧૫૨૯ માં મૂળ સ્થળને આંશિક રીતે તોડી પાડ્યું હતું. એવું માનવામાં આવે છે કે કલ્કિ અવતાર સંભાલમાં થવાનો છે, અને મસ્જિદની અંદર હરિ હરમંદિરના અનેક ચિહ્નો છે. વાદીઓએ દાવો કર્યો હતો કે આ સ્થળ કલ્કીને સમર્પિત સદીઓ જૂનું હર હરિ મંદિર હતું અને જામા મસ્જિદ કેરટેકિંગ કમિટી દ્વારા તેનો બળજબરીથી અને ગેરકાયદેસર ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. સંભલના સમાજવાદી પાર્ટી (SP)ના સાંસદ ઝિયા-ઉર-રહેમાનબાર્કે એડવોકેટ કમિશનરના સર્વેક્ષણની ઉતાવળની રીત પર ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું કે, અમને કોઈ સૂચના આપવામાં આવી ન હતી. અમારો જવાબ માંગવામાં આવ્યો ન હતો. બાર્કે કહ્યું કે મસ્જિદને ધ પ્લેસ ઓફ વર્શીપ એક્ટ, ૧૯૯૧ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે છતાં, કેટલાક લોકો રાજ્ય અને દેશનું વાતાવરણ બગાડવા માંગે છે. સપાના નેતાએ જણાવ્યું કે જામા મસ્જિદ મુસ્લિમોનું પૂજા સ્થળ છે. તેમને સોયના કદ જેટલું પણ કંઈપણ નહીં મળે જેને વાંધાજનક કહી શકાય. આ એક મસ્જિદ હતી, મસ્જિદ છે અને મસ્જિદ રહેશે. ૧૮૯૧માં પ્રકાશિત થયેલા બ્રિટિશ-યુગના ગેઝેટિયર મુજબ, 'ધ મોન્યુમેન્ટલ એન્ટિક્વિટીઝ એન્ડ ઈન્સ્ક્રિપ્શન્સ, ઈન નોર્થ-વેસ્ટર્ન પ્રોવિન્સિસ એન્ડ અવધ', દસ્તાવેજમાં કહેવામાં આવ્યું છે કે મુસ્લિમોએ બાબરના સમય માટે ઈમારતના નિર્માણને જવાબદાર ગણે છે અને મસ્જિદની અંદરના એક શિલાલેખ તરફ નિર્દેશ કરે છે, જે ઈસ્લામિક કેલેન્ડર મુજબ વર્ષ ૯૩૩ (ઈ.સ. વર્ષ ૧૫૨૬)માં મીર હિન્દુ બેગ દ્વારા આ સ્થળના બંધકામને જોડે કરે છે. હિંદુઓએ દાવો કર્યો હતો કે શિલાલેખ પાછળ મંદિરનો મૂળ સંસ્કૃત શિલાલેખ છે. આ મુદ્દા પર ટિપ્પણી કરતા, ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે બાબરી મસ્જિદના ચુકાદાએ હિન્દુત્વ જૂથોને સમગ્ર ભારતમાં મુસ્લિમ ધર્મસ્થાનોને નિશાન બનાવવા માટે પ્રોત્સાહન આપ્યું છે.

# બંગાળ સરકારે મેડિકલ કાઉન્સિલના રજિસ્ટ્રાર સામે વાંધો ઉઠાવ્યો, કહ્યું : તેમની નિમણૂક ગેરકાયદેસર હતી

**કાયદાની વૈધાનિક જોગવાઈઓનું પાલન કર્યા વિના માનસ ચક્રવર્તીની નવેમ્બર ૨૦૧૯થી પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલના રજિસ્ટ્રાર તરીકે પુનઃ નિયુક્તિ કરવામાં આવી હતી, ડોક્ટરોના સંયુક્ત પ્લેટફોર્મનું કહેવું છે કે તેના ગેરવહીવટના કારણે આર.જી. કર આરોપી સંદીપ ઘોષનું રજિસ્ટ્રેશન પુનઃ સ્થાપિત થયું**

(એજન્સી) તા.૨૧

મમતા બેનરજી સરકારે પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલના રજિસ્ટ્રાર માનસ ચક્રવર્તીની પુનઃ નિયુક્તિના પાંચ વર્ષથી વધુ સમય બાદ તેમની નિમણૂક રદ કરી હતી.

રાજ્ય સરકારના વિશેષ સચિવ દ્વારા સહી કરાયેલ પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલના પ્રમુખને મોકલવામાં આવેલ પત્રમાં લખવામાં આવ્યું છે કે, "રાજ્ય સરકારના ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે બંગાળ મેડિકલ એક્ટ, ૧૯૧૪ની કલમ (૧૪)૧નું પાલન કર્યા વગર માનસ ચક્રવર્તીને ૧.૧૧.૨૦૧૯થી પુનઃ રોજગાર પર પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલના રજિસ્ટ્રાર તરીકે નિમણૂક કરવામાં આવી છે."

બંગાળ મેડિકલ એક્ટ ૧૯૧૪ની કલમ ૧૪ (૧) જણાવે છે કે, કાઉન્સિલે સ્થાનિક સરકારની અગાઉની મંજૂરી સાથે રજિસ્ટ્રારની નિમણૂક કરવી આવશ્યક છે.

જર્નલ ઓફ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના એડિટર અને IMA સેક્રેટરી સંજય બેનરજીએ પૂછ્યું. "જો રજિસ્ટ્રારની નિમણૂક અમાન્ય છે, તો શું તેનો અર્થ એ છે કે તે તમામ ડોક્ટરો જેમની નોંધણી તેના કાર્યકાળ દરમિયાન તેમની સહી સાથે અપડેટ કરવામાં આવી હતી તે પણ અમાન્ય છે" ?

બંગાળમાં ડોક્ટરોની નોંધણી છેલ્લે ૩૧ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ અપડેટ કરવામાં આવી હતી અને તે ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી માન્ય છે (ચક્રવર્તીની સહી ધરાવતા પ્રમાણપત્ર અનુસાર જે ધ ટેલિગ્રાફ ઓનલાઈન પર ઉપલબ્ધ છે.)

બેનરજીએ કહ્યું, "મેં તે દરમિયાન બેહાલામાં ૪૦૦ ડોક્ટરોની અરજીઓ મોકલી હતી."

તૃણમલના ધારાસભ્ય અને WBMC માટે સરકારી નોમિની નિર્મલ માજીએ મીડિયાને કહ્યું, "સ્વાસ્થ્ય સચિવ અથવા WBMC વડા આનો જવાબ આપી શકે છે."

રાજ્યના આરોગ્ય સચિવ નારાયણ સ્વરૂપ નિગમે તેમને મોકલેલા સંદેશાઓનો ફોન કે જવાબ આપ્યો ન હતો.

પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલના પ્રમુખ સુદીપ્તો રોય કે જે તૃણમુલના ધારાસભ્ય પણ છે અને જેમની ૯ ઓગસ્ટના બળાત્કાર અને હત્યાની ઘટના બાદ કેન્દ્રીય એજન્સીઓ દ્વારા ઊલટતપાસ કરવામાં આવી હતી તેમણે કૉલનો જવાબ આપ્યો ન હતો. રાજ્ય સંચાલિત આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં અનુસ્નાતક તાલીમાર્થી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા બાદ જુનિયર ડૉક્ટરોના આંદોલન દરમિયાન વિરોધ કરી રહેલા જુનિયર ડૉક્ટરોના પ્રતિનિધિઓ સાથેની તેમની બેઠક દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું હતું કે જોકે તે આરોગ્ય અને ગૃહ (પોલીસ) વિભાગ બંનેનો પોર્ટફોલિયો ધરાવે છે છતાં આરોગ્ય વિભાગની કામગીરીને લગતા સંખ્યાબંધ મુદ્દાઓથી અજ્ઞાન છે.

ચક્રવર્તી સામેની સરકારની કાર્યવાહી એ જ સાંકળની બીજી કડી હોય તેવું લાગે છે, જ્યારે રાજ્યના આરોગ્ય વિભાગે આ કેસની સુનાવણી કરી રહેલી સુપ્રીમ કોર્ટમાંથી આકરા પ્રહારો કર્યા છે. "અમારે એ જાણવા માટે કાનૂની અભિપ્રાય મેળવવો પડશે કે અપડેટ કરેલ નોંધણીઓ માન્ય છે કે નહીં," ડૉક્ટર્સના સંયુક્ત પ્લેટફોર્મના કન્વીનર પુણ્યબ્રત ગુને જણાવ્યું હતું કે, "અમે ઘણા સમયથી કહી રહ્યા છીએ કે ચક્રવર્તીની નિમણૂક ગેરકાયદેસર છે. તે સરકારની મંજૂરી વગર પોતાની ફરજ નિભાવી રહ્યો હતો.

ગુનના જણાવ્યા અનુસાર પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલની ચૂંટણી દરમિયાન રજિસ્ટ્રાર ચક્રવર્તી રિટર્નિંગ ઓફિસર પણ હતા.

ગુને કહ્યું, "૯ ઓગસ્ટની ઘટના પછી પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલ એક પણ વખત મળી નથી. આવી કાઉન્સિલ રાખવાનો શો ફાયદો ? જાન્યુઆરી ૨૦૨૪માં ડબલ્યુબીએમસીના સભ્ય ડૉ. દિલીપ પાલનું અવસાન થયું. નિયમો અનુસાર ખાલી જગ્યા ભરવા માટે ચૂંટણી બે મહિનામાં થવી જોઈતી હતી. આજદિન સુધી બેઠક ખાલી પડી છે. ૯ ઓગસ્ટની ઘટના બાદ કાઉન્સિલના ૧૪ સભ્યોમાંથી પાંચ સભ્યોએ રાજીનામું આપવાની ઓફર કરી હતી. તેમના રાજીનામા પત્રો સ્વીકારવામાં આવ્યા ન હતા. શાસક પક્ષે દુષ્કર્મને મંજૂરી આપવા માટે તેમને સીટ પર જાળવી રાખ્યા હતા.

ગુન દ્વારા ટાંકવામાં આવેલા આવા એક ઉદાહરણમાં આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષની નોંધણી રદ કરવામાં આવી હતી, જેઓ હવે કથિત ભ્રષ્ટાચારના કેસના સંબંધમાં સીબીઆઈની કસ્ટડીમાં છે અને "બળાત્કાર અને હત્યાના મોટા ષડયંત્રમાં તેમની કથિત ભૂમિકા પણ છે." "પ્રક્રિયાની અવગણના કરીને ઘોષની નોંધણી રદ કરવામાં આવી હતી.

# કોણ છે સાગર અદાણી ? અમેરિકાએ કેવી રીતે લાંચ કેસમાં ‘કોડ નેમ્સ’ અને ‘સેલફોન ટ્રેકિંગ’ અંગે ખુલાસો કર્યો

(એજન્સી) તા.૨૧

ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં થયેલ સુનાવણીમાં ગૌતમ અદાણી સહિત ૮ લોકો પર અરબોની દગાબાજી અને લાંચનો આરોપ લાગ્યો છે. યૂનાઈટેડ સ્ટેટસ અર્ટાર્ની ઓફિસનુ કહેવુ છે કે અદાણીએ ભારતમાં સોલર એનર્જી સાથે જોડાયેલ કૉન્ટ્રેક્ટ મેળવવા માટે ભારતીય અધિકારેઓને ૨૬૫ મિલિયન ડોલર (લગભગ ૨૨૦૦ કરોડ રૂપિયા)ની લાંચ આપી કે આપવાની યોજના બનાવી રહ્યા છે. આ પૂરો મામલો અદાણી ગ્રુપની કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને અન્ય ફર્મ સાથે જોડાયેલો છે. ૨૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ આ મામલો US કોર્ટમાં નોંધાયો, જેની સુનાવણી બુધવારે થઈ. અદાણી ઉપરાંત તેમા સામેલ અન્ય ૭ લોકો સાગર અદાણી, વિનીત એસ જૈન, રંજીત ગુપ્તા, સાઈરિલ કૈબેનિસ, સૌરભ અગ્રવાલ, દીપક મલ્હોત્રા અને રૂપેશ અગ્રવાલ છે. સાગર અદાણી, અદાણી ગ્રુપન ચેયરમેન ગૌતમ અદાણીના ભત્રીજા છે. તેમણે અમેરિકાની જાણીતી બ્રાઉન યૂનિવર્સિટીમાંથી ઈકોનોમિક્સમાં ડિગ્રી પ્રાપ્ત કરી. ૨૦૧૫માં અદાણી ગ્રુપ સાથે જોડાયા બાદ તેમણે ગ્રુપના એનર્જી અને ફાઈનેંસ ડિવીજનને સફળતાપૂર્વક સાચવી. સાગર અદાણી અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL)ના મુખ્ય નેતૃત્વકર્તાઓમાંથી એક છે. તેમનુ મુખ્ય ફોકસ રિન્યૂએબલ એનર્જી (નવીકરણીય ઉર્જા) પર છે. અદાણી ગ્રુપનુ લક્ષ્ય ૨૦૩૦ સુધી દુનિયાની સૌથી મોટી રિન્યૂએબલ એનર્જી પ્રોડ્યૂસર બનવાનુ છે. સાગર અદાણી અદાણી ગ્રીન એનર્જી લિમિટેડની કામગીરી માટે જવાબદાર છે. AGEL પાસે ૨૦ GW કરતાં વધુનો સ્વચ્છ ઊર્જા પોર્ટફોલિયો છે. આમાં તમિલનાડુમાં સ્થિત વિશ્વના સૌથી મોટા સોલર પ્લાન્ટનો સમાવેશ થાય છે. અદાણી ગ્રુપ ૨૦૩૦ સુધીમાં ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની બનવાનું લક્ષ્ય ધરાવે છે. ન્યુયોર્કની ફેડરલ કોર્ટમાં ૨૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ નોંધાયેલા કેસમાં ગૌતમ અદાણી અને અન્ય ૭ લોકો સાથે સાગર અદાણીનું નામ પણ સામે આવ્યું છે. આરોપ છે કે અદાણી ગ્રુપે ભારતમાં સોલર એનર્જી કૉન્ટ્રેક્ટ મેળવવ્વા માટે ભારતીય અધિકારેઓને $૨૬૫ મિલિયન (લગભગ ૨૨૦૦ કરોડ)ની લાંચ આપી કે આપવાની યોજના બનાવી. આ મામલો અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને એક અન્ય ફર્મ સાથે જોડાયેલો છે.



# અમેરિકામાં લાંચના આરોપો વચ્ચે અદાણીના માર્કેટ કેપમાં રૂા. ૨.૨ લાખ કરોડનો ઘટાડો

(એજન્સી) તા.૨૧

અમેરિકન પ્રોસિક્યુટર્સ દ્વારા લાંચ લેવાના આરોપોને પગલે અદાણી ગ્રૂપની મહત્ત્વની કંપનીઓના શેર્સની માર્કેટ મૂડીમાં રૂા. ૨.૨ લાખ કરોડનો જંગી ઘટાડો જોવા મળ્યો હતો. અદાણી પોર્ટ્સ, અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી ટોટલ ગેસ અને અંબુજા સિમેન્ટ્સના શેરમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો થયો હતો, જ્યારે અદાણી પાવર અને ACC અનુક્રમે ૧૪ ટકા અને ૧૨ ટકા તૂટ્યા હતા. અદાણી વિલ્મર અને એનડીટીવીમાં પણ ૧૦-૧૦ ટકાનો ઘટાડો થયો હતો, જેણે જૂથ માટે કટોકટી વધુ ઘેરી બનાવી હતી. ઉલ્લેખનીય છે કે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરૂદ્ધ અમેરિકામાં કૌભાંડ અને લાંચ આપવાનો આરોપ લગાવવવામાં આવ્યો છે. ન્યૂયોર્કમાં બુધવારે (૨૦મી નવેમ્બર) દાખલ એક કેસમાં તેમની સામે પોતાની એક કંપનીને કોન્ટ્રાક્ટ અપાવવાના બદલામાં ૨૫ કરોડ ડૉલર (આશરે ૨૦.૭૫ અબજ રૂપિયા)ની લાંચ આપવા તથા તેને છુપાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. અમેરિકાના પ્રોસિક્યુટર્સ (સરકારી વકીલ)નો આરોપ છે કે અદાણી તથા તેમની કંપનીના અન્ય સિનિયર અધિકારીઓએ રિન્યુઅલ એનર્જી કંપનીને કોન્ટ્રાક્ટ આપવાના બદલાવામાં ભારતીય અધિકારીઓને પૈસા આપવાનો વાયદો કર્યો હતો. આ કોન્ટ્રાક્ટથી કંપનીને ૨૦ વર્ષમાં ૨૦૦૦ (બે હજાર) અબજ ડૉલરથી વધુનો નફો થવાની આશા હતી. જો કે, સમગ્ર આરોપ મામલે અદાણી ગ્રૂપ તરફથી અત્યાર સુધી કોઈ જ પ્રતિક્રિયા આવી નથી. ન્યૂયોર્કની ફેડરલ કોર્ટે ગૌતમ અદાણી જ નહીં સાત લોકો પર અબજો ડૉલરની છેતરપિંડી તથા રૂશ્વતનો આરોપ લગાવ્યો છે. ભારતીય અધિકારીઓને અબજો રૂપિયાની લાંચ આપવાનું ફંડ અદાણીએ અમેરિકામાંથી ભેગું કરવાનું નક્કી કર્યું અને અમેરિકન તથા વિદેશી રોકાણકારો તથા બેંકો સામે જૂઠ્ઠું બોલવાનો પણ આરોપ છે. આરોપીઓમાં અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના અધિકારી તથા ગૌતમ અદાણીના ભત્રીજા સાગર અદાણી અને વિનીત જૈનનું નામ પણ સામેલ છે. આટલું જ નહીં રૉયટર્સનો દાવો છે કે ગૌતમ અને સાગર અદાણી વિરૂદ્ધ ધરપકડનું વોરંટ પણ જાહેર કરવામાં આવ્યું છે. આ કેસમાં સિરિલ કેબનેસ, સૌરભ અગ્રવાલ, દીપક મલ્હોત્રા અને રૂપેશ અગ્રવાલને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.




# ગૌતમ અદાણી સામે અમેરિકામાં આરોપ પછી કોંગ્રેસે ફરી JPC તપાસની માંગ ઉઠાવી

(એજન્સી) તા.૨૧

ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરૂદ્ધ અમેરિકામાં કૌભાંડ અને લાંચ આપવાનો આરોપ લગાવવવામાં આવ્યો છે. ન્યૂયોર્કમાં બુધવારે દાખલ એક કેસમાં તેમના વિરૂદ્ધ અમેરિકામાં પોતાની એક કંપનીને કોન્ટ્રાક્ટ અપાવવાના બદલામાં રૂા.૨,૦૨૯ કરોડ(ઇં૨૬૫ મિલિયન)ની લાંચ આપવા તથા તેને છુપાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ બાબતે કોંગ્રેસના સીનિયર નેતા અને ચંદીગઢના સાંસદ મનીષ તિવારીએ ઉદ્યોગપતિ પર પ્રશ્ન ઉઠાવ્યા હતા. આ બાબતે કોંગ્રેસના સીનિયર નેતા અને ચંદીગઢના સાંસદ મનીષ તિવારીએ ઉદ્યોગપતિ પર પ્રશ્ન ઉઠાવ્યા હતા. તેમણે બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક સમાચારની લિંક શેર કરીને લખ્યું હતું કે, ‘ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને અન્ય અધિકારીઓ પર ભારતીય સરકારી અધિકારીઓને ૨૫ કરોડ ડૉલરથી વધુની લાંચ આપવા અને તેને અમેરિકન રોકાણકારોથી છુપાવવાનો આરોપ છે. આથી આ મામલે સંયુક્ત સંસદીય સમિતિ (JPC) દ્વારા તપાસ થવી જોઈએ.’ આ મામલે કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશનું પણ નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે, ‘ગૌતમ અદાણી અને તેમની સાથે સંકળાયેલા અન્ય લોકો વિરૂદ્ધ યુએસ એટર્ની ઓફિસ દ્વારા કરવામાં આવેલા ગંભીર આરોપો એ માંગને યોગ્ય ઠેરવી છે.’ તેમજ તેમણે કહ્યું હતું કે, ‘કોંગ્રેસ જાન્યુઆરી ૨૦૨૩થી વિવિધ કૌભાંડોની સંયુક્ત સંસદીય સમિતિ (JPC) તપાસ માટે કરી રહી છે.’ આ મામલે જયરામ રમેશે ‘હમ અદાણી કે હૈ’ સિરીઝનો ઉલ્લેખ પણ કર્યો, જેમાં કથિત કૌભાંડો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૌતમ અદાણી વચ્ચેના સંબંધો અંગે ૧૦૦ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. કોંગ્રેસના આરોપો પર ભાજપના નેતા અમિત માલવિયાએ કહ્યું કે, ‘કોઈપણ પ્રતિક્રિયા આપતા પહેલા વાંચવું હંમેશા સારૂં છે. તમે ટાંકેલ દસ્તાવેજ જણાવે છે કે તે હાલ માત્ર આરોપો છે અને પ્રતિવાદીઓ જ્યાં સુધી દોષિત સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે.’




# મહિલા ઈજનેરે ૯૯ ટકા માર્ક્સ સાથે CAT પાસ કરી પછી અખિલ ભારતીય ક્રમાંક ૧૫ સાથે UPSC પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

દર વર્ષે, અસંખ્ય ઉમેદવારો પ્રતિષ્ઠિત UPSC સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટેના અનેક પડકારોને પાર કરે છે, જેને વૈશ્વિક સ્તરે સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક તરીકે ગણવામાં આવે છે. આ પ્રેરણાદાયી વાર્તાઓમાંની એક IAS અધિકારી નેહા ભોંસલેની અદ્‌ભુત કહાની છે, જેમનો નિશ્ચય અને સ્થિતિસ્થાપકતા દ્રઢતાની ભાવનાનું ઉદાહરણ આપે છે. મુંબઈમાં જન્મેલી અને ઉછરેલી, નેહા ભોંસલેએ નાની ઉંમરથી જ આતુર શૈક્ષણિક યોગ્યતા દર્શાવી હતી. તેણીએ ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહ પસંદ કર્યો, આખરે મુંબઈ યુનિવર્સિટીમાંથી એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી. તેના એન્જિનિયરિંગ શિક્ષણ પછી, નેહાએ CAT પરીક્ષામાં નોંધપાત્ર ૯૯.૩૬ પર્સેન્ટાઇલ મેળવ્યા, તેને પ્રખ્યાત IIM લખનૌમાં સ્થાન મળ્યું. તેનું એમબીએ પૂર્ણ કર્યા પછી, તેણે અગ્રણી ભારતીય સમૂહમાં ત્રણ વર્ષ કામ કર્યું. તેની કોર્પોરેટ કારકિર્દીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરતી વખતે, નેહાએ સિવિલ સર્વિસીસ દ્વારા રાષ્ટ્રની સેવા કરવાના વિચાર તરફ આકર્ષણ અનુભવ્યું. તેની પૂર્ણ-સમયની નોકરીને સંતુલિત કરીને, તેણે ૨૦૧૭માં UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારી કરવાનું શરૂ કર્યું. તેનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ ગયો, પરંતુ નિરાશ થવાને બદલે, નેહાએ તેના સંકલ્પને દ્રઢ કર્યો. તેના ધ્યેયને હાંસલ કરવા માટે નિર્ધારિત, નેહાએ તેની UPSC તૈયારી પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા માટે ૨૦૧૭માં તેની નોકરી છોડી દીધી. તેનું સમર્પણ ૨૦૧૯માં ફળ્યું, જ્યારે તેણે ત્રીજા પ્રયાસમાં પરીક્ષા પાસ કરી, પ્રભાવશાળી ૧૫મો ક્રમાંક મેળવ્યો.



# પીએમ મોદી ડોમિનિકાના સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનરથી સન્માનિત

**આ માન્યતા ભારત અને ડોમિનિકા વચ્ચેના સહકારના લાંબા સમયથી ચાલતા ઈતિહાસને અનુસરે છે, વડાપ્રધાન મોદીએ ગયાનાની તેમની મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય વાટાઘાટો માટે જ્યોર્જટાઉનમાં ડોમિનિકાના વડાપ્રધાન રૂઝવેલ્ટ સ્કેરીટ સાથે પણ મુલાકાત કરી હતી, આ બેઠકમાં કેરેબિયન રાષ્ટ્રો સાથે મજબૂત સંબંધોને પ્રોત્સાહન આપવા માટેની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો હતો**

(એજન્સી) જ્યોર્જટાઉન (ગિયાના), તા.૨૧

ડોમિનિકાના કોમનવેલ્થે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેનું સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર એનાયત કર્યું છે. રાષ્ટ્રપતિ સિલ્વેની બર્ટને PM મોદીને COVID-૧૯ રોગચાળા દરમિયાન તેમના પ્રયાસો અને ભારત અને ડોમિનિકા વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટેના તેમના સમર્પણને માન્યતા આપવા માટે એવોર્ડ અર્પણ કર્યો હતો. પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત કર્યા પછી, પીએમ મોદીએ તેમનો આભાર વ્યક્ત કરતા કહ્યું, ‘આ સન્માન માત્ર મારૂં જ નહીં પરંતુ ભારતના ૧૪૦ કરોડ લોકોનું છે, તેમના પ્રયાસો, તેમના મૂલ્યો અને તેમની પરંપરા છે. આપણે બે લોકશાહી છીએ, અને આપણે બંને વિશ્વમાં મહિલા સશક્તિકરણના રોલ મોડેલ છીએ. એ ખૂબ જ સંતોષની વાત છે કે અમે કોવિડ-૧૯ જેવી મહામારી દરમિયાન ડોમિનિકાના લોકોને મદદ કરી શક્યા.’ આ માન્યતા ભારત અને ડોમિનિકા વચ્ચેના સહકારના લાંબા સમયથી ચાલતા ઈતિહાસને અનુસરે છે. વડાપ્રધાન મોદીએ ગયાનાની તેમની મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય વાટાઘાટો માટે જ્યોર્જટાઉનમાં ડોમિનિકાના વડાપ્રધાન રૂઝવેલ્ટ સ્કેરીટ સાથે પણ મુલાકાત કરી હતી. આ બેઠકમાં કેરેબિયન રાષ્ટ્રો સાથે મજબૂત સંબંધોને પ્રોત્સાહન આપવા માટેની ભારતની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

**ભારત અને ડોમિનિકા વચ્ચેના રાજદ્વારી સંબંધો વિશે**

ભારત અને ડોમિનિકાએ ૧૯૮૧થી સૌહાર્દપૂર્ણ રાજદ્વારી સંબંધો જાળવી રાખ્યા છે, જેમાં બંને દેશો વચ્ચે અસંખ્ય ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાન થયા છે. PM મોદી અને PM સ્કેરિટ ૨૦૧૯માં ન્યૂયોર્કમાં ભારત-CARICOM લીડર્સ મીટિંગ દરમિયાન પ્રથમ વખત મળ્યા હતા. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ડોમિનિકાને ભારતના સમર્થન સહિત અનેક પહેલો પર સતત સહયોગ દ્વારા આ સંબંધને પ્રદર્શિત કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે ભારતની રસી મૈત્રી પહેલ અંતર્ગત ૨૦૨૧માં ડોમિનિકાને એસ્ટ્રાઝેનેકા રસીના ૭૦,૦૦૦ ડોઝનું દાન કરવામાં આવ્યું હતું. વધુમાં, ભારત ડોમિનિકાના વિકાસને સમર્થન આપવા માટે સક્રિય રહ્યું છે. કાલિનાગોમાં ભારત-UNDP પ્રોજેક્ટ દ્વારા, ભારતે કાલિનાગો સમુદાયમાં ટકાઉ આજીવિકાને મજબૂત કરવા USD ૧૦ લાખ પ્રદાન કર્યા છે. ભારતે ૨૦૨૪માં સામુદાયિક સ્થિતિસ્થાપકતા પ્રોજેક્ટના બીજા તબક્કા માટે વધારાના USD ૧૦ લાખનું વચન પણ આપ્યું છે. ડોમિનિકામાં ભારતીય સમુદાય, જેમાં ભારતીય મૂળના લગભગ ૫૦૦ લોકોનો સમાવેશ થાય છે, બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમુદાયના સભ્યો છૂટક વ્યવસાયો, તબીબી વ્યવસાયો અને રોસ મેડિકલ યુનિવર્સિટી જેવી શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.



# નિજ્જર હત્યાકાંડ કેસમાં PMની સંડોવણી હોવાના મીડિયા રિપોર્ટ્સ હાસ્યાસ્પદ : ભારત

(એજન્સી) તા.૨૧

નિજ્જર હત્યાકાંડ કેસમાં હવે પીએમ નરેન્દ્ર મોદીનું નામ સામે આવ્યું છે. કેનેડાના એક અખબારે દાવો કર્યો છે કે, પીએમ નરેન્દ્ર મોદીને ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાની સાજીશ વિશે ખબર હતી. ભારત સરકારે કેનેડાના અખબારનો રિપોર્ટ ખારીઝ કરતાં કહ્યું કે, તે હાસ્યાસ્પદ છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, અમે સામાન્ય રીતે મીડિયા રિપોર્ટ પર ટિપ્પણી કરતા નથી. જો કે, કેનેડા સરકારના સૂત્રો દ્વારા કથિત રીતે અખબારમાં જેવી રીતે હાસ્યાસ્પદ ટિપ્પણીઓ કરવામાં આવી છે તે તેવી જ અપમાનજનક રીતે ફગાવી દેવાને લાયક છે.

કેનેડાના અખબારમાં એક અનામી અધિકારીને ટાંકીને આ રિપોર્ટ છાપવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, કેનેડાની સુરક્ષા એજેન્સિયન્સનું માનવું છે કે, ભારત કે પીએમ નરેન્દ્ર મોદીને બ્રિટિશ કોમ્બિયામાં એક શીખ અલગતાવાદી નેતાની હત્યા અને અન્ય હિંસક સાજિશો વિશે ખબર હતી. આ વાત એક એક વરિષ્ઠ રાષ્ટ્રીય સુરક્ષા અધિકારીએ કહી હતી જેમણે કેનેડામાં નવી દિલ્હીના વિદેશી હસ્તક્ષેપ પ્રયાસ અભિયાનોના ખાનગી મૂલ્યાંકન પર કામ કર્યું હતું.

જો કે, રિપોર્ટમાં તે પણ જણાવવામાં આવ્યું છે કે, કેનેડા પાસે પીએમ મોદી સામેના આ દાવાઓનું સમર્થન કરવા માટે કોઈ પુરાવા નથી. આ અખબારે અધિકારીને ટાંકીને કહ્યું હતું કે, જો કે, કેનેડા પાસે આ અંગે કોઈ પ્રત્યક્ષદર્શી પુરાવા નથી કે મોદીને આ અંગે જાણ કરી હતી. પરંતુ એવું માનવામાં આવી રહ્યું છે કે, એ વાતની કલ્પના પણ નથી કરી શકાતી કે ભારતમાં ત્રણ વરિષ્ઠ અધિકારીઓએ આગળ વધતાં પહેલા મોદી સાથે આ હત્યાઓ અંગે ચર્ચા ન કરી હોય.

અનામી અધિકારીએ અખબારને જણાવ્યું કે, કેનેડા અને અમેરિકી ખુફિયા એજન્સીઓએ હત્યાના ઓપરેશન સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પણ સાંકળ્યા અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને વિદેશમંત્રી એસ. જયશંકર પણ કેસમાં સામેલ છે.

કેનેડા મીડિયાના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે કહ્યું કે, ‘ધડ માથા વગરના આવા અહેવાલોને તેવા જ અપમાનજનક રીતે ફગાવી દેવામાં આવવા જોઈએ જેના તે હકદાર છે.’ તેમણે કહ્યું, આ પ્રકારે બદનામી કરવાનું અભિયાન અમારા પહેલાથી જ તણાવપૂર્ણ સંબંધોને વધુ નુકસાન પહોંચાડે છે. આમ તો ટ્રુડો છેલ્લા વર્ષ જૂનમાં નિજ્જરની હત્યા બાદથી જ ભારત પર ગંભીર આરોપો લગાવતા રહ્યા છે. કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરને ૨૦૨૩માં ૧૮ જૂનના રોજ બ્રિટિશ કોલંબિયામાં એક ગુરૂદ્વારા બહાર ઠાર મારવામાં આવ્યો હતો. કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ હત્યામાં ભારતીય એજન્ટોના સંભવિત સંડોવણીના આરોપ લગાવ્યા હતા તેના પછી બંને દેશો વચ્ચે સંબંધ બગડી ગયા હતા. ભારતે ટ્રુડોના આરોપોને પાયાવિહોણા ગણાવી ફગાવી દીધા હતા. તે ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં ગંભીર તણાવમાં સર્જાયો હતો. ઈ-વિઝા સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી અને રાજનીકોની સંખ્યા ઘટાડવા સુધી વાત સુધી પહોંચી ગઈ હતી.

જો કે, વચ્ચે સંબંધો સુધારવા માટે પણ વાત થઈ હતી પરંતુ હવે ફરીથી નિજ્જર હત્યાકાંડ મુદ્દાએ જોર પકડ્યું છે. આ ત્યારે બન્યું છે જ્યારે પીએમ મોદી અને જસ્ટિન ટ્રુડોની મુલાકાત થઈ છે. ભારત-કેનેડાના સંબંધોમાં ખટાશ ત્યારે આવી ગઈ હતી જ્યારે કેનેડા સરકારે કહ્યું હતું કે, નિજ્જર હત્યાકાંડની તપાસમાં ઉચ્ચાયુક્ત સહિત ભારતીય રાજદ્વારીઓએ રસ દાખવ્યો હતો. બાદમાં ભારતે આ રાજદ્વારીઓને પરત બોલાવી લીધા હતા અને દેશમાંથી છ કેનેડિયન રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા.

અખબારની કેનેડિયન કોપી દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, ભારત સરકાર તમારા અધિકારિક કામકાજને અંજામ આપવા માટે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ઉપયોગ કરી રહી છે અને પીએમ જસ્ટિન ટ્રુડોએ કહ્યું કે, ભારતે તપાસમાં મદદ કરવા માટે વારંવાર ઈન્કાર કર્યો છે. જો કે, ભારત દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, કેનેડા દ્વારા કોઈ નક્કર પુરાવાઓ પૂરા પાડવામાં આવ્યા નથી.



# સેલ્સમેન તરીકે શરૂઆત કરી, દરરોજ બસ દ્વારા ૮૫ કિ.મી.ની મુસાફરી કરતાં, પછીથી ભારતની ચોથી સૌથી મોટી ફાર્મા કંપની મેનકાઈન્ડ બનાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

૧૯૭૦ના દાયકામાં, રમેશ જુનેજા નામના યુવકે ઉત્તરપ્રદેશના એક નાના શહેરમાંથી બીજા શહેરમાં જતી ધૂળ ભરેલી યુપી રોડવેઝની બસોમાં અસંખ્ય કલાકો પસાર કર્યા. તે સમયે, તેઓ માત્ર એક મેડિકલ રિપ્રેઝન્ટેટિવ (MR) હતા અને એક સાધારણ નોકરી સાથે, ડૉક્ટરોને મેડિકલ પ્રોડક્ટ્સનો પરિચય કરાવવા માટે સખત મહેનત કરતા હતા. પરંતુ થોડાં લોકો કલ્પના કરી શક્યા હોત કે આ નિર્ધારિત યુવાન એક દિવસ ભારતની અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપનીઓમાંની એક મેનકાઈન્ડ ફાર્માની સ્થાપના કરશે અને દેશમાં પોસાય તેવી આરોગ્ય સંભાળમાં ક્રાંતિ લાવશે. ઉત્તરપ્રદેશના મેરઠમાં ૧૯૫૫માં જન્મેલા રમેશ મધ્યમ વર્ગના પરિવારમાંથી આવ્યા હતા. વિજ્ઞાનમાં ડિગ્રી પૂર્ણ કર્યા પછી, તેમણે કીફાર્મા લિમિટેડ સાથે ૧૯૭૪માં તેમની કારકિર્દીની શરૂઆત કરી. MR તરીકેની તેમની નોકરીમાં ઘણીવાર મેરઠથી નજીકના નગરો જેમ કે પુરકાજી જેવા વ્યાપક પ્રવાસનો સમાવેશ થતો હતો. લાંબા કલાકો હોવા છતાં, તેઓ ડોક્ટરો સાથે જોડાણ બનાવવા અને તબીબી ક્ષેત્રને સમજવા માટે પ્રતિબદ્ધ હતા ૧૯૭૫માં, રમેશ લ્યુપિન લિમિટેડમાં ફર્સ્ટ લાઇન મેનેજર તરીકે જોડાયા, જ્યાં તેમણે આઠ વર્ષ કામ કર્યું. આ સમય દરમિયાન, તેમણે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ વિશે શીખ્યા અને એક મોટી સમસ્યા નોંધી, જે સસ્તી દવાઓનો અભાવ હતો. ૧૯૮૩માં વળાંક આવ્યો જ્યારે તેમણે કેમિસ્ટની દુકાનમાં હૃદયદ્રાવક દ્રશ્ય જોયું. એક ગ્રાહકને તેની સૂચિત દવાઓ પરવડી શકે તેમ ન હતી, તેણે તેના ચાંદીના દાગીના ચૂકવણી તરીકે ઓફર કરવાનો પ્રયાસ કર્યો. આ ઘટનાએ રમેશને ઊંડે સુધી પ્રેરિત કર્યો અને તેને ખાતરી કરવા માટે પ્રેરિત કર્યા કે કોઈએ આવશ્યક દવાઓ માટે આવો બલિદાન ન આપવો પડે. ફરક પાડવાનો નિર્ધાર કરીને રમેશે તેમની સુરક્ષિત નોકરી છોડી દીધી અને એક મિત્ર સાથે બેસ્ટોકેમ નામની ફાર્માસ્યુટિકલ કંપની શરૂ કરી. જ્યારે સાહસ સફળ ન થયું, તેણે તેમને સ્થિતિસ્થાપકતા શીખવી. ૧૯૯૪માં, રમેશ અને તેમના ભાઈ રાજીવ જુનેજાએ ૫૦ લાખ રૂપિયાના પ્રારંભિક રોકાણ સાથે મેનકાઈન્ડ ફાર્માની સ્થાપના કરી. તેમનો ધ્યેય સ્પષ્ટ હતો, પોષણક્ષમ ભાવે ઉચ્ચ ગુણવત્તાની દવાઓ પ્રદાન કરવી. તેના પ્રથમ વર્ષના અંત સુધીમાં, કંપનીનું મૂલ્ય ૪ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. વ્યૂહાત્મક માર્કેટિંગ અને પોષણક્ષમતા પર અચળ ધ્યાન કેન્દ્રિત કરીને, મેનકાઈન્ડ ફાર્મા ભારતની ચોથી સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપનીમાં સતત વૃદ્ધિ પામી છે, જેનું મૂલ્ય હવે ૯૬,૭૦૩ કરોડ રૂપિયા છે. તેના લોકપ્રિય ઉત્પાદનોમાં મેનફોર્સ કોન્ડોમ, પ્રેગા ન્યૂઝ, અનવોન્ટેડ ૭૨ અને ગેસ-ઓ-ફાસ્ટનો સમાવેશ થાય છે. મે ૨૦૨૩માં, કંપની જાહેર થઈ, તેના IPOએ સ્ટોક મૂલ્યમાં નોંધપાત્ર ૭૪% મેળવ્યો. રમેશ જુનેજાની સફર એક નાનકડા શહેરના MRથી ફાર્માસ્યુટિકલ સામ્રાજ્યના સ્થાપક સુધીની સફર દૃઢ નિશ્ચય, દૃષ્ટિકોણ અને તમામ માટે આરોગ્યસંભાળ સુલભ બનાવવાની પ્રતિબદ્ધતાની વાર્તા છે.



સારોલીના વેડછા ગામનો બનાવ

# વીજ કંપનીના માલની ચોરી કરી ઉપયોગમાં લેનાર કોન્ટ્રાક્ટર સામે ફરિયાદ નોંધાઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

સારોલીના વેડછા ગામે આવેલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં વીજળીકરણના ડેવલપમેન્ટનો કોન્ટ્રાકટ લેનાર શ્રી ક્રિષ્ના ઈલેક્ટ્રિકલના માલીક દ્વારા સમગ્ર પ્રોજેક્ટમાં વીજકંપનીનો માલ મટીરિયલની ચોરી કરી ઉપયોગમાં લીધો હોવાનું સામે આવતા વીજકંપનીના નાયબ ઈજનેર દ્વારા કોન્ટ્રાકટર સામે પોલીસમાં ફરિયાદ નોધાવી છે.

આશીષકુમાર અશોકભાઈ પટેલ દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં સારોલી પેટા વિભાગીય કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે.તેમના હદ વિસ્તારમાં આવલા વેડછા ગામ ખાતે ઓમ એથમ કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડાયરેકટર શ્રેયશ સવાણી અને નિકુંજ ગજેરાનો આવિષ્કાર ટેક્ષટાઈલ અને આવિષ્કાર ઈન્ડસ્ટ્રીયલના નામે ઈન્ડસ્ટ્રીયલ પાર્કનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. આ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્રોજેક્ટમાં વીજળીકરણના ડેવલપમેન્ટ માટેની કામગીરી શ્રી ક્રિષ્ના ઈલેક્ટ્રિકલના માલીક કલ્પેશ રામાણીને આપવામાં આવી છે.નવીનચંદ્ર ઠાકોરભાઈ પટેલના નામે વીજળીકરણ માટેની અરજી કરવામાં આવી છે. સારોલી પેટા વિભાગીય કચેરી દ્વારા તેમના સુપરવિઝન ચાર્જ સાથે ભાવપત્રક મોકલી આપ્યું હતું. ભાવપત્રાક મુજબની રકમ ભરપાઈ પણ કરી દેવામાં આવી હતી. આ દરમ્યાન જૂનીયર ઈજનરોને આ સાઈડમાં ૨૨ નંગ ડીઓડીપીના બસવાર તથા બસબારથી ડીઓ સુધીના જમ્પર માટે ઉપયોગમાં લેવામાં આવેલા ડીજીવીસીએલ કંપનીના માકાવાળો ૧૩૨ મીટર તેમજ બીજી સાઈટમાં ૭૦ મીટર એબીસી ઉપયોગમાં લેવામાં આવ્યું હોવાનુ બહાર આવ્યુ હતું. તપાસ દરમ્યાન સાઈટનું વીજળીકરણ ડેવલપમેન્ટ કરવાનો કામ લેનાર શ્રી ક્રિષ્ણા ઈલેક્ટ્રિકલના કલ્પેશ રામાણીએ વીજકંપનીમાંથી રૂપિયા ૩૯, ૧૮૫ના મતાનો માલ મટીરિયલની ચોરી કરી પ્રાઈવેટ કોન્ટ્રાકટના કામમાં ઉપયોગમાં લીધો હોવાનું બહાર આવતા આ મામલે તેઓએ કલ્પેશ રામાણી સામે સારોલી પોલીસમાં ફરિયાદ નોધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હજીરાના ઔદ્યોગિક ગૃહને ટર્શરી ટ્રીટેડ પાણી આપવાના નામે

# મનપાની તિજોરીને નુકસાન પહોંચાડવાના બનાવમાં ડે.ઈજનેરથી માંડી તમામની બદલી

(સંવાદદતા દ્વારા)

સુરત, તા.૨૧

હજીરાના ઔદ્યોગિક ગૃહને ટર્શરી ટ્રીટેડ પાણી આપવાના નામે પાલિકાની તિજોરીને કરોડો રૂપિયાનો ચુનો ચોપડવાના પ્રયાસમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા તળિયા ઝાટક તપાસ બાદ જવાબદારો વિરૂદ્ધ કાયદાકીય લગામ કસવામાં આવી રહી છે. શરૂઆતના તબક્કે કેતન દેસાઈ પાસેથી તમામ મહત્ત્વપૂર્ણ વિભાગો છીનવી લેવામાં આવ્યા હતા અને ત્યારબાદ ગઈકાલે તેમને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સિવાય ટેન્ડર પ્રક્રિયામાં ચાવી રૂપ ભુમિકા ભજવનારા ડેપ્યુટી ઈજનેર પિયુષ ટેલર, પ્રિયેશ મગજવાલા, આસી. ઈજનેર ગૌરાંગ ખલાસી, ફાલ્ગુની રાણાની પણ સજાના ભાગરૂપે બદલી કરવામાં આવી છે. પિયુષ ટેલરને સચીન-કનકપુર ઝોનમાં સેન્ટ્રલ સ્ટોર ખાતે મૂકી દેવામાં આવ્યા છે જ્યારે પિયુષ મગજવાલા પાસેથી તાપી શુદ્ધિકરણ અને ખાડી રિહેબીલિટેશન તથા હાઈડ્રોલિક વિભાગનો ચાર્જ છીનવીને એફોર્ડેબલ હાઉસિંગમાં ખસેડી દેવામાં આવ્યા છે. આ રીતે જ ગૌરાંગ ખલાસીને પણ વરાછા ઝોનમાં અને ફાલ્ગુની રાણાને સેન્ટ્રલ ઝોનમાં જેજે અઘાડીની જગ્યાએ ટ્રાન્સફર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યારે સચીન-કનકપુરમાં ફરજ બજાવતાં ગૌરવ કુમાર બાગુલને ટર્શરી ટ્રીટમેન્ટ અને રિસાયકલ સેલનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ સિવાય હાઈડ્રોલિક વિભાગના નરેન્દ્ર માંડલિયાને પણ ટર્શરી ટ્રીટમેન્ટ અને રિસાયકલ સેલમાં નિમણૂંક કરવામાં આવી છે. સેન્ટ્રલ ઝોનમાં ફરજ બજાવતાં જેજે અઘાડીને ફાલ્ગુની રાણાનો ચાર્જ સોંપવાની સાથે સાથે ટર્શરી ટ્રીટમેન્ટ અને રિસાયકલ સેલનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ સિવાય ડેપ્યુટી ઈજનેર રાકેશ બરફીવાલા, સંદિપ કુમાર ઢીમ્મર, મનીષકુમાર ભગત અને મેહુલ પટેલને પણ અનુક્રમે ટર્શરી ટ્રીટમેન્ટ અને રિસાયકલ સેલ, સિટી સ્પેશિયલ સેલ, તાપી રિવર ફ્રન્ટ અને ઈન્વાયરોમેન્ટ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ પ્રોટેકશન સેલનો હવાલો સોંપવામાં આવ્યો છે.

# બમરોલીમાં મકાનમાં આગ લાગતા દિવ્યાંગ યુવતીનું મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

પાંડેસરા બમરોલી રોડ ખાતે આવેલા એક ઘરમાં આજે વહેલી સવારે આગ લાગતા ભાગદોડ મચી ગઈ હતી. ઘરમાં આગ લાગવાને પગલે પાછળના રૂમમાં સૂઈ રહેલી દિવ્યાંગ પુત્રી આગમાં દાઝી જવાને કારણે ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જોકે આગળના ભાગે હોલમાં સૂતેલી તેની માતાનો બચાવ થયો હતો. આગની ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ફાયરે પાણીનો મારો ચલાવી આગ કાબૂમા લીધી હતી. આગને કારણે ઘરવખરીનો સામાન બળી ગયો હતો. આગમાં એકની એક પુત્રી બળીને ભળતું થઈ જવાની કરૂણ ઘટનાને પગલે પરિવારમાં શોકની કાલીમા છવાય ગઇ હતી.

પાંડેસરા બમરોલી રોડ સત્યનરાયણ ગલીમાં રહેતા રાકેશ તિવારી ડાઈંગ મિલમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની ૨૪ વર્ષીય એકની એક પુત્રી અંજલિ દિવ્યાંગ હતી.રાત્રે તેઓ નાઈટ શિફટમાં નોકરી ઉપર ગયા હતા. જ્યારે ઘરમાં પત્ની પાર્વતી અને પુત્રી અંજલી હતી. રાત્રે માતા આગળના ભાગે હોલમાં સૂતી ગઇ હતી. ત્યારે દિવ્યાંગ પુત્રી અંજલી પાછળના રૂમમાં સૂતી ગઇ હતી. આજે મળસ્કે લગભગ ૪ વાગ્યે અચાનક તેમના ઘરમાં આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગ આખા ઘરની અંદર પ્રસરી ગઈ હતી. આ પરિસ્થિતિ વચ્ચે માતા પાર્વતીબેન જેમતેમ પોતાનો જીવ બચાવી બહાર નીકળી ગઈ હતી. પરંતુ પાછળના રૂમમાં સૂતેલી દિવ્યાંગ પુત્રી અંજલી બહાર નીકળી શકી ન હતી આગમાં ગંભીર રીતે દાઝી જતા તેનું સ્થળ ઉપર જ કરૂણ મોત નીપજ્યું હતું. આ આગની ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં પણ ભાગદોડ મચી ગઈ હતી. જોકે લોકોએ આગ ઓલવી દીધી હતી અને સાથે ફાયર કંટ્રોલને જાણ કરી હતી. જેથી ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂમાં લીધી હતી. ત્યારબાદ સ્થળ ઉપર મૃત્ય પામેલી યુવતીનો મૃતદેહ પોલીસને સોંપવામાં આવ્યો હતો. આગમાં ૧૨થી ૧૫ હજાર જેટલી રોકડ અને ઘર વખરી બળી ગઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.

સચિન વકતાણા અને મોહીણી ગામ પાસે

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટની જગ્યા પરથી રૂા.૧૨.૪૨ લાખથી વધુના સામાનની ચોરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

સચીન વકતાણા ગામ અને મોહીણી ગામ પાસે ચાલતા બુલેટ ટ્રેન પ્રોજેકટની જગ્યા પરથી બે મહિના પહેલા ટેમ્પામા આવેલા ચાર ચોરો રૂા.૧૨.૪૨ લાખથી વધુની મતાના ફોક્સ, ચેનલો અને વોટર સ્ટોપર પ્લેટ ચોરી કરી ભાગી ગયા હતા. ઝારખંડના ગઢવા જીલ્લાના કરૂઆખુદગામની વતની હાલ કડોદરાના અંત્રોલીગામમા શ્રી ક્રિષ્ના પેલેસમા ભાડેના મકાનમાં રહેતા ૫૬ વષિય ક્રિષ્નાકાંત રામલખન હરીહર ઉપાધ્યાય બુલેટ ટ્રેન પ્રોજેકટમા નોકરી કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. હાલ બુલેટ ટ્રેનની કામગરી સચીન વકતાણા ગામ પાસે ચાલી રહી છે. જેથી બુટેન ટ્રેનની લગતી તમામ સામગ્રી આજુબાજુની જગ્યાએ મુકવામા આવી છે. પરંતુ તા.૧૪મી સપ્ટેબરની રોજ રાત્રિના સમયે એક ટેમ્પામા ચાર ચોરો આવ્યા હતા. ત્યારબાદ ત્યાંથી ફોકસ લાઈટો, ચેનલો વગેરે મળી રૂા.૧,૭૫,૮૭૮ની મતા ચોરી કરી ભાગી ગયા હતા. ત્યારબાદ ફરીથી તા.૧૯મી સપ્ટેબરથી ૨૬મી સપ્ટેબર દરમ્યાન સચીન મોહીણી ગામમા ચાલતા બુલેટ ટ્રેન પ્રોજેકટની રૂા.૧૦.૬ લાખની ૨૭૭ નંગ વોટર સ્ટોપર પ્લેટ ચોરી કરી ટેમ્પામા મુકીને ભાગી ગયા હતા. આ બુલેટ ટ્રેન પ્રોજેકટની જગ્યા પરથી કુલ રૂા.૧૨,૪૨ લાખથી વધુની મતા ચોરી થઈ હતી. આ બનાવ અંગે ક્રિષ્નાકાંતને જાણ થતા તેમણે સચીન પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી હતી. પોલીસો ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોતાની પત્ની અને બાળકો કોરોનામાં મૃત્યુ પામ્યા હોવાનું જણાવી

# ખેડા જિલ્લા પોલીસમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલે છૂટાછેડા લીધેલ મહિલાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરતા ચકચાર

## ફેસબુક માધ્યમથી કોન્સ્ટેબલનો પરિચય આપી પોતે ડિવોર્સી હોવાનું જણાવતા કોન્સ્ટેબલે હાલમાં એકલવાયું જીવન જીવતો હોવાની વાત કરી મંગળસૂત્ર પણ અપાવ્યું પરંતુ પત્ની અને બાળકો હયાત હોવાની વાત કરતા મહિલાના પગ નીચેથી ધરતી ખસી ગઇ : આરોપીની ધરપકડ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરાઈ

નડિયાદ, તા.૨૧

નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં એક ડિવોર્સી યુવતી ફેસબુકના માધ્યમથી ખેડા જિલ્લા પોલીસ તંત્રમાં એક કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મચારીના સંપર્કમાં આવી હતી. આ પોલીસ કર્મચારીએ યુવતી સાથે સંબંધ વધુ ડેવલપ કરવા માટે પોતાના પત્ની અને બાળકો કોરોનામાં મૃત્યુ પામ્યા હોય પોતે એકલવાયું જીવન જીવતો હોવાની ખોટી વાત રજૂ કરી યુવતીનો વિશ્વાસ જીત્યો હતો અને લગ્ન કરવાની લાલચ આપી યુવતી સાથે છેલ્લા ઘણા સમયથી શારીરિક સંબંધ બાંધતો હતો લગ્ન માટેની તમામ ખરીદી પૂર્ણ થઈ ગયા બાદ પોલીસ કર્મચારીએ પોતાની પત્ની અને બાળકો હાલમાં હયાત હોવાની વાતનો ખુલાસો કરતા યુવતીના પગ નીચેથી ધરતી ખસી ગઈ હતી. લગ્નની લાલચમાં પોલીસ કર્મચારીએ સંખ્યાબંધ વખત પોતાનું શોષણ કર્યું હોય આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસમાં યુવતીએ પોલીસ કર્મચારી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે હાલમાં તેની ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ બનાવને લઈ વધુ એક વખત પોલીસ બેડા માં ચકચાર મચી છે.આ બનામ અંગે મળતી માહિતી મુજબ નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં રહેતી એક યુવતીના લગ્ન વર્ષ ૨૦૦૭માં વસો તાલુકાના એક ગામડામાં થયા હતા લગ્ન ફળ રૂપે આ યુવતીને બે સંતાન થયા હતા જોકે પતિ સાથે મનમેળના થતા ૨૦૧૪માં પતિ પત્નીએ એકબીજાની સંમતિથી છૂટા પડવાની ઈચ્છા દર્શાવી છુટાછેડા લીધા હતા ત્યારથી આ યુવતી પોતાના બે સંતાન સાથે નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં એક ફ્લેટમાં રહેતી હતી.આ દરમિયાન આ યુવતીનો કોન્ટેક્ટ ફેસબુકના માધ્યમથી ખેડા જિલ્લા પોલીસબેડામાં ફરજ બજાવતા પોલીસ કર્મી ( હેડ કોસ્ટેબલ) યશપાલસિહ કિશોરસિંહ ઝાલા હાલ રહે મહેમદાબાદ મૂળ રહે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના કળમ ગામ સાથે થયો હતો. શરૂઆતમાં ગુડ મોર્નિંગ હાય હલો જેવી વાતો થતી હતી ત્યારબાદ પરિચય ધીમે ધીમે વધવા લાગ્યો હતો. યુવતીએ પોતે ડીવોર્સી હોવાની વાત યશપાલસિંહને જણાવી હતી અને પોતાના બે સંતાનોની વાત પણ જાહેર કરી હતી એટલે આ પોલીસ કર્મચારી યશપાલએ યુવતી સાથે વધુ નીકટતા મેળવવા માટે તેની પત્ની અને બે બાળકો કોવિડમાં કોરોનાની બીમારીમાં અવસાન પામ્યા હોવાની ખોટી વાત કરી હતી અને પોતે હાલમાં મહેમદાવાદ ખાતે રહેતો હોય એકલવાયુ જીવન જીવતો હોવાની વાત કરી હતી જેથી આ ડીવોર્સી યુવતીને યશપાલસિંહ તરફ લાગણીનો ધોધ વહેતો થયો હતો. જેનો મોકો આ પોલીસ કર્મચારીએ પૂરેપૂરો ઉઠાવ્યો હતો ફ્રેન્ડશીપ પ્રેમમાં પલટાવી હતી અને વાત લગ્ન સુધી પહોંચી હતી. પોલીસ કર્મચારીએ આ ડીવોર્સી યુવતીને લગ્નની લાલચ આપી તારીખ ૧ એપ્રિલથી અત્યાર સુધી વિવિધ જગ્યા પર લઈ જઈ તેની સાથે દુષ્કર્મ કર્યુંહતુંઅને લગ્ન માટેની તૈયારીઓ પણ શરૂ કરી દીધી હતી આ માટે આ પોલીસ કર્મચારીએ નડિયાદમાં ચોકસી બજારમાંથી મંગલસૂત્ર અપાવ્યું હતું. બાદવાત પોલીસ કર્મચારીએ પોતાની પત્ની અને બાળકો મહેમદાવાદ ખાતે રહેતા હોવાનો એકાએક ખુલાસો કરતા યુવતીના પગ નીચેથી ધરતી ખસી ગઈ હતી પત્ની અને બાળકો હયાત હોવા છતાં આ છૂપાવી લગ્ન કરવાની લાલચ આપી પોલીસ કર્મચારીએ ઘણી વખત દુષ્કર્મ કર્યું હતું. જેથી આ યુવતીએ નડિયાદ પશ્ચિમ પોલીસમાં પોલીસ કર્મચારી યશપાલસિંહ ઝાલા વિરૂદ્ધ ફરિયાદ આપી છે. નડિયાદ પશ્ચિમ પોલીસે બીએનએસ કલમ ૬૯ અને ૩૫૧ (૩) મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ બનાવ મામલે નડિયાદ ડિવિઝનના ડીવાયએસપી એ જણાવ્યું હતું કે, આ ગુનામાં પોલીસે આરોપીની અટકાયત કરી છે. આરોપી પોલીસ કર્મચારી પોતે પરીણિત છે. બનાવ મામલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલમાં રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

### મંગળસૂત્ર સુધીની ખરીદી થઈ ત્યાં સુધી યુવતીને અજાણ રાખી

સન ૨૦૧૪માં પતિ સાથે છૂટાછેડા લેનાર યુવતીને પોલીસ કર્મચારી જીવનસાથી મળવાનો છે તેવું જાણીને તેના આનંદનો પાર રહ્યો ન હતો અને ભારે ઉત્સાહથી મંગળસૂત્રની ખરીદી થઈ હતી દસ વર્ષ બાદ આનંદનો પ્રસંગ આવવાનો હતો પરંતુ પોતાનો ભાવિ પતિ પોતાની સાથે ચીટિંગ કરી રહ્યો હોવાનું બહાર આવતા યુવતીના પગ નીચેથી ધરતી ખસી ગઈ હતી.

# સુરત : ભેસ્તાન ગભેણી ચોકડી પાસે આવેલ સી.એન.જી. પેટ્રોલપંપ પર ચોરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

ભેસ્તાન ગભેણી ચોકડી પાસે આવેલા એક સીએનજી પેટ્રોલપંપ પર રાત્રિના સમયે તસ્કરો ત્રાટકયા હતા. ત્યારબાદ પેટ્રોલપંપના સેલ્સ ઓફીસમા પ્રવેશ કરી અંદરથી સી.એન.જી. ગેસના વેચાણના રાખેલા રોકડા રૂા.૭૬,૫૨૦ની ચોરી કરી ભાગી ગયા હતા ખજોદ લેક ગાર્ડનની સામે હરીજનવાસમા રહેતા ૪૯ વષિય ચંદ્રેશભાઈ કાંતિભાઈ સુરતી ભેસ્તાન ગભેણી ચોકડી સચીન મગદલ્લા રોડ પર આવેલા લલીત મોટર્સ પેટ્રોલપંપમા નોકરી કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. તા.૧૬મી નવેમબરના રોજ રાત્રીના સમયે પેટ્રોલપંપ હોવાને કારણે તસ્કરો ત્રાટકયા હતા. ત્યારબાદ પેટ્રોલપંપના સેલ્સ ઓફીસમા પ્રવેશ કરી અંદરથી સી.એન.જી. ગેસના વેચાણના રાખેલા રોકડા રૂા.૭૬,૫૨૦ની ચોરી કરી ભાગી ગયા હતા. આ બનાવ અંગે બીજા દિવસે જાણ થતા ચંદ્રેશભાઈએ ભેસ્તાન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વરાછા ફૂલપાડાના ફ્લેટમાં લાગેલ આગમાં દાઝેલ યુવકનું સારવારમાં મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

વરાછા અશ્વનીકુમાર વિસ્તારમાં આવેલા ક્રિષ્ના કોમ્પલેક્ષના બીજા માળે ગઇ કાલે વહેલી સવારે ફ્લેશ ફાયર થતાં સાત યુવકો દાઝી ગયા હતા. સાતેય યુવકોને સારવાર માટે હોસ્પિલટમાંદાખલ કરવામાં આવ્યા હતા. જયા સારવાર દરમિયાન એક યુવકનુ રાત્રે મોત નિપજતા પરિવારમાં શોક છવાઈ ગયો છે. વરાછામાં અશ્વનીકુમાર ફુલપાડા બુધવારે વહેલી સવારે ક્રિષ્ના કોમ્પલેક્ષમાં બીજા માળે આવેલ ફ્લેટમાં રસોઈ બનાવતી વખતે અચાનક રાંધણ ગેસના બોટલમાંથી ફ્લેશ ફાયર થતાં સાત યુવકો દાઝી ગયા હતા. વહેલી સવારે અચાનક સર્જાયેલી ઘટનાને કારણે કોમ્પલેક્ષના રહેવાસીઓમાં પણ ભારે નાસભાગ મચી જવા પામીહતી. બીજી તરફ સ્થાનિકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરતાં ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. દાઝી ગયેલા સાતેય યુવકોને સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યા સારવાર દરમિયાન સાત પૈકી ૨૩ વર્ષીય મીથુંન મોહન પાસવાનનું મોડી રાત્રે મોત નીપજયું હતું. મિથુનને બે સંતાનને છે અને તે બિહારનો મૂળ વતની હતો. તેના મોતને પગલે પરિવારમાં શોક છવાઈ ગયો છે.

# સુરત : ૯ મહિનાથી ફરાર હનીટ્રેપનો આરોપી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

સુરતના અડાજણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૩૦ લાખની હનીટ્રેપ કાંડમાં છેલ્લા ૯ મહિનાથી ફરાર આરોપીની પોલીસે આખરે ધરપકડ કરી લીધી છે. નકલી પોલીસ બનીને ૩૦ લાખની ઠગાઈ કરી હતી. પીસીબીની ટીમે ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસને બાતમી મળી હતી કે, હનીટ્રેપ કેસમાં વોન્ટેડ આરોપી સંજય ઉર્ફે સંજય સુદાની (રહેવાસી રાજ પેલેસ એપાર્ટમેન્ટ, પૂણાગામ, સુરત) પૂણાગામ વિસ્તારમાં જોવા મળ્યો છે. ઘટનાસ્થળે પહોંચી ટીમે તેને પકડી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ ૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અડાજણ થાણા વિસ્તારમાં આવેલા વિદ્યાકુંજ સ્કૂલ પાસે આવેલા એક ઘરમાં સાગરીતો સાથે મળી ૩૦ લાખ રૂપિયાની છેતરપિંડી કર્યાની કબૂલાત કરી છે. આરોપીએ કબૂલ્યું કે, તેણે અને તેના સહયોગીઓ મહેશ ઉલવા, નિકુંજ ઉર્ફે ટકો, અશ્વિન ઉર્ફે ગોપાલ અને સુશાંત સાથે મળીને નકલી પોલીસ બની ફરિયાદીને બ્લેકમેલ કર્યો હતો. આરોપીએ એક મહિલાનો ઉપયોગ કરીને ફરિયાદીને ચક્રવ્યૂહમાં ફસાવ્યો અને પૈસા લૂંટી લીધા. પોલીસે આરોપીને કાનુની કાર્યવાહી બાદ અડાજણ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. તપાસમાં એ પણ સામે આવ્યું કે, આરોપી સામે સરથાણા પોલીસ સ્ટેશનમાં પહેલાથી જ બળાત્કાર અને અન્ય ગંભીર ગુનાના કેસ નોંધાયા છે.

અમરોલી-સાયણ રોડ પર આવેલ

# ઓવરબ્રિજ પરથી પસાર થતાં બાઈકચાલકનું ગળું કપાયું : ગંભીર હાલત

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૨૧

ઉત્તરાયણના તહેવારને હજી ૫૪ દિવસની વાર છે. તેમ છતાં સુરતના અમરોલી-સાયણ રોડ પર આવેલા ઓવરબ્રિજ પરથી પસાર થતા એક બાઈકચાલક યુવકની ચાઈનીઝ દોરીના કારણે ગળું કપાયું હતું. દોરીના ઘા એટલે તેજ હતો કે, મગજમાં જતી ત્રણ નસ કપાઈ ગઈ હતી. યુવક ઘટનાસ્થળે જ લોહીલુહાણ થઈ જતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેની હાલ ગંભીર ગણાવાઈ રહી છે.

અમરોલી-સાયણ રોડ સ્થિત ઓવરબ્રિજ ઉપરથી પસાર થઈ રહેલા ડાયમંડ ફેક્ટરીના એકાઉન્ટન્ટનું ગળું ચાઈનીસ દોરીના કારણે કપાઈ ગયું હતું. યુવાન લોહીથી લથબથ હાલતમાં હોસ્પિટલમાં ખસેડયો હતો. ગળાના ભાગે કપાઈ ગયેલી મગજમાં જતી ત્રણ નસ કપાઈ ગઈ છે. જ્યારે હાલ પણ યુવક જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે અને આઈસીયુમાં સારવાર ચાલી રહી છે.

### ચાઈનીઝ દોરીથી યુવકની ગળાની ત્રણ નસ કપાઈ

જાન્યુઆરી મહિનાની ૧૪ તારીખે ઉજવાતો ઉત્તરાયણ તહેવાર જેટલો મજાનો છે એટલો જ ઘાતક પણ છે. તેમાં ખાસ કરીને છેલ્લા કેટલાક વર્ષોથી બજારમાં ચાઈનીસ દોરીએ પકડ જમાવી છે અને તેનાથી કેટલાય લોકોના ગળા કપાઈ જતા મોતના મુખમાં ધકેલાયા છે. ઉત્તરાયણ પૂર્વે પતંગની દોરીથી સર્જતા અકસ્માતનો એક કિસ્સો અમરોલી-સાયણ રોડ સ્થિત ઓવર બ્રિજ ઉપર બન્યો હતો.

શહેરની જાણીતી ડાયમંડ ફેક્ટરીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા સમર્થ અરવિંદ નાવડીયા (રહે. શીવધારા રેસીડન્સી, મોટા વરાછા) ગત ૧૮ નવેમ્બરના રોજ સાંજે પાંચ વાગ્યાના અરસામાં બાઈક ઉપર મોટા વરાછાથી અમરોલી તરફ જઈ રહ્યા હતા. ત્યારે અમરોલી-સાયણ સ્થિત ઓવર બ્રિજ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે દોરી આવી જતા ગળું કપાઈ ગયું હતું. પોલીસે લોહીથી લથબથ હાલતમાં સમર્થને નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ ત્યાંથી તુરંત જ કિરણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ડોકટર દ્વારા ગળાના ભાગે કપાઈ ગયેલી મગજમાં જતી ત્રણ નસને જોઈન્ટ કરી સમર્થને નવજીવન આપ્યું હતું અને હાલ આઈસીયુમાં સારવાર હેઠળ છે. ડોક્ટરે પોલીસને જણાવ્યું હતું કે જ સમયસર સારવાર નહીં મળતે તો સમર્થને બચાવવું અશક્ય હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે જાન્યુઆરી મહિનામાં આવતા ઉતરાયણના પર્વ પહેલા જ અત્યારથી જ દોરીથી લોકોના ગળા કપાવવાનું શરૂ થઈ ગયું છે. જ્યારે ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ હોવા છતાં પણ ચાઈનીઝ દોરીથી પતંગ ચગાવવામાં આવતી હોવાનું સામે આવ્યું છે. આ મામલે ઉતરાયણ પહેલા પોલીસ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવતું હોય છે. ત્યારે હવે આ જાહેરનામું ક્યારે બહાર પાડવામાં આવે છે તે જોવું રહ્યું.

# રાજકોટ અગ્નિકાંડના બહાને છ મહિનાથી બંધ ઈપ્કોવાળા હોલને ચાલુ કરવા માંગ

## નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા ચીફ ઓફિસર સહિત ઉચ્ચ સ્તરે રજૂઆત

નડિયાદ, તા.૨૧

નડિયાદના કલા અને સાંસ્કૃતિક વારસાને જાળવવામાં મુખ્ય ચાવીરૂપ ભૂમિકા ભજવનાર એકમાત્ર "ઈપ્કોવાળા હોલ"ને વહેલી તકે પુનઃ લોક ઉપયોગ માટે ખુલ્લુ મુકવા નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખે પાલિકાના ચીફ ઓફિસર સહિત ઉચ્ચસ્તર રજૂઆત કરી છે.નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટે પાલિકાના ચીફ ઓફિસર સહિત અન્ય ઠેકાણે કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે નડિયાદ શહેરમાં વિવિધ કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા પરંપરાઓને નિભાવવામાં અને રંગભૂમિને જીવંત રાખવામાં મુખ્ય ચાવીરૂપ ભૂમિકા ભજવનાર એકમાત્ર સ્થળ "ઈપ્કોવાળા હોલ"નો નડિયાદ નગરપાલિકાના સત્તાધીશો અને અમલદારોએ તેમના અણઘડ વહીવટને છૂપાવવા રાજકોટ અગ્નિકાંડનું બહાનું આગળ ધરીને છેલ્લા છ મહિનાથી સદંતર બંધ કરાવેલ છે.નડિયાદના કલા અને સાંસ્કૃતિક વારસાને જાળવવામાં મુખ્ય ચાવીરૂપ ભૂમિકા ભજવનાર એકમાત્ર "ઈપ્કોવાળા હોલ"માં અનેક સમાજના સંગઠનો, વિદ્યા સંસ્થાનો (શાળા-કોલેજો), ક્લબો, સિનિયર સિટીઝન ક્લબો, જુદા-જુદા સરકારી વિભાગોના તેમજ સંતરામ મંદિર જેવી અનેક ધાર્મિક સંસ્થાનો અને અનેક સંસ્થાઓના કાર્યક્રમો યોજાતા હોય છે. જેનો સીધો લાભ નડિયાદ શહેર ઉપરાંત બાલાસિનોર, ડાકોર, આણંદ, સેવાલિયા, કઠલાલ, કપડવંજ, મહુધા, મહેદાવાદ, ખેડા, માતર જેવા ૫૦થી ૭૦ કિમી સુધીના વિસ્તારના લોકોની સાંસ્કૃતિક અને કલાની ભૂખ સંતોષતું અને નવી પેઢી માટે રાહ ચીંધનાર મહત્વનું પરિબળ છે. જે સદંતર બંધ થવાથી ચરોતરની કલા પ્રેમી જનતાને ના પુરાય એવી ખોટ વર્તાઈ રહી છે.ઈપ્કોવાળા હોલ ૨૦૧૬માં રીનોવેટ કરી કાર્યરત કરવામાં આવ્યાના માંડ ૮ વર્ષના ટૂંકાગાળામાં જાળવણીના અભાવે તથા સમયાંતરે યોગ્ય મરામત કે દેખરેખ અભાવે સંખ્યાબંધ ખુરશીઓ તૂટેલી હાલતમાં છે, એર કન્ડિશનર સિસ્ટમ પણ બંધ હાલતમાં છે તેમજ ચોમાસાની સિઝનમાં ચાલુ કાર્યક્રમ દરમિયાન વરસાદ વરસે ત્યારે હોલની છતમાંથી દર્શકોની બેઠક પર તેમજ સ્ટેજ પર પાણી ટપકે છે. ઘણા ખરા કાર્યક્રમોમાં નગરપાલિકાના પ્રમુખ તેમજ અન્ય નગરસેવકો કે કર્મચારીઓ/અધિકારીઓ સહ પરિવાર મહેમાન તરીકે નગરપાલિકાની આરક્ષિત બેઠકમાં કાર્યક્રમ માણવા હાજર રહેતા હોવાથી આ બાબતની સમસ્યાઓથી વાકેફ છે છતાં હોલની જાળવણી માટે આંખ આડા કાન કરી દુર્લક્ષ સેવી રહ્યા છે. આ બાબતે સરકારના નીતિ નિયમાનુસાર યોગ્ય વૈકલ્પિક કે કાયમી વ્યવસ્થા ઊભી કરી ઈપ્કોવાળા હોલને શક્ય એટલી વહેલામાં વહેલીતકે કલા પ્રેમી જનતા માટે ઉપલબ્ધ કરાવવામાં આવે એવી સૌ કલા શોખીન જનતા અને કલા જગત સાથે સંકળાયેલા લોકોની લાગણી અને માગણી છે.

# ગાઝા પર સંયુક્ત રાષ્ટ્ર સિક્યુરિટી કાઉન્સિલના યુદ્ધવિરામ પ્રસ્તાવને અમેરિકાએ ફરી એકવાર વીટો કર્યો

(એજન્સી) તા.૨૧

અમેરિકાએ બુધવારે ગાઝા પટ્ટીમાં "તાત્કાલિક, બિનશરતી અને કાયમી" યુદ્ધવિરામની માંગ કરતા યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવના મુસદ્દાને વીટો કર્યો. તેણે પેલેસ્ટીનીઓની ભૂખમરાને રોકવા માટે પણ વિનંતી કરી.




કાઉન્સિલના ૧૦ ચૂંટાયેલા સભ્યો- અલ્જેરિયા, એક્વાડોર, ગુયાના, માલ્ટા, મોઝામ્બિક, દક્ષિણ કોરિયા, સિએરા લિયોન, સ્લોવેનિયા અને સ્વિટ્ઝર્લેન્ડ દ્વારા રજૂ કરાયેલ ડ્રાફ્ટ ઠરાવને તરફેણમાં ૧૪ મત મળ્યા હતા. ઠરાવમાં "તમામ પક્ષો દ્વારા તાત્કાલિક, બિનશરતી અને કાયમી યુદ્ધવિરામ માટેઆદરની માંગણી કરવામાં આવી હતી" તેમજ "તમામ બંધકોને તાત્કાલિક અને બિનશરતી મુક્ત કરવાની માંગ" અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવા માટે સુરક્ષા પરિષદને વિનંતી કરવામાં આવી હતી. તે બગડતી માનવતાવાદી કટોકટીને પ્રકાશિત કરે છે અને માંગ કરે છે કે "ગાઝા પટ્ટીમાં નાગરિક વસ્તીને તેના અસ્તિત્વ માટે અનિવાર્ય મૂળભૂત સેવાઓ અને માનવતાવાદી સહાયની તાત્કાલિક ઍક્સેસ પ્રદાન કરવામાં આવે."

ડ્રાફ્ટ ઠરાવમાં "પેલેસ્ટીનીઓને ભૂખે મરવાના કોઈપણ પ્રયાસો" નકારી કાઢવામાં આવ્યા હતા અને "ગાઝા પટ્ટીમાં અને બહાર માનવતાવાદી સહાયના સંપૂર્ણ, ઝડપી, સલામત અને અવરોધ વિના પ્રવેશની સુવિધા" માટે માંગ કરવામાં આવી હતી. તમામ પક્ષોને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું પાલન કરવા વિનંતી કરી, ખાસ કરીને નાગરિકો અને નાગરિક માળખાના રક્ષણના સંદર્ભમાં, તેણે સુરક્ષા પરિષદના ઠરાવ ૨૭૩૫ના અમલ માટે પણ માંગ કરી, જેમાં બંધકો, પેલેસ્ટીની કેદીઓ અને ઈઝરાયેલીઓને ગાઝામાંથી મુક્ત કરવાની જરૂર છે દળો પાછા ખેંચવા માટેની જોગવાઈઓ. તેણે યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ પાસેથી તેના અમલીકરણ અને ગાઝા માટે ૯૦ દિવસની અંદર વ્યાપક જરૂરિયાતોના મૂલ્યાંકન અંગેના અહેવાલની પણ વિનંતી કરી હતી. જો કે, યુએસ વીટો આ પગલાંને અમલમાં મૂકતા અટકાવે છે.

અપેક્ષિત યુએસ વીટો પહેલાં સંયુક્ત રાષ્ટ્રમાં ગુયાનાના રાજદૂત કેરોલિન રોડ્રિગ્સ-બિરકેટે જણાવ્યું કે "કાઉન્સિલ સમક્ષનો ઠરાવ એ તમામ કાઉન્સિલ સભ્યો વચ્ચે કેટલાક અઠવાડિયાના પરામર્શનું પરિણામ છે." તેમણે જણાવ્યું કે"તે ગાઝામાં આપત્તિજનક માનવતાવાદી પરિસ્થિતિ પર કાઉન્સિલની ઊંડી ચિંતા દ્વારા પ્રેરિત હતી, જેમાં ઉત્તર ગાઝામાં શું થઈ રહ્યું છે અને તે પરિસ્થિતિ માટે તાત્કાલિક પ્રતિસાદની જરૂરિયાતનો સમાવેશ થાય છે. અમેરિકાએ અગાઉ ગાઝાના ૩ ઠરાવો વીટો કર્યો હતો. યુએનમાં અમેરિકાના નાયબ દૂત રોબર્ટ વૂડે મતદાન પછી જણાવ્યું કે, "અમે મંત્રણા દરમિયાન સ્પષ્ટ કર્યું હતું કે અમે બંધકોને મુક્ત કરવામાં નિષ્ફળ રહેલા બિનશરતી યુદ્ધવિરામને સમર્થન આપી શકીએ નહીં," અને "યુદ્ધનો કાયમી અંત આવવો જ જોઈએ. બંધકોની મુક્તિ સાથે."

# અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રમાં ગાઝા યુદ્ધવિરામમાં આહ્‌વાન પર વીટો કર્યો; હમાસે વૉશિંગ્ટન પર 'નરસંહાર યુદ્ધ' માટે 'સીધી રીતે જવાબદાર' હોવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨૧

યુનાઈટેડ સ્ટેટ્સે બુધવારે યુએન સિક્યુરિટી કાઉન્સિલના એક ઠરાવને વીટો કર્યો જેમાં ગાઝામાં યુદ્ધવિરામની માંગ કરવામાં આવી હતી, આરોપ લગાવ્યો કે તે હમાસને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ હતો. ઠરાવમાં ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધમાં 'તાત્કાલિક, બિનશરતી અને કાયમી યુદ્ધવિરામ' તેમજ 'તમામ બંધકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિ' માટે માંગ કરવામાં આવી છે. આ શબ્દોએ ઈઝરાયેલને ગુસ્સો આપ્યો, અને મતદાન પહેલાં એક વરિષ્ઠ યુએસ અધિકારીએ ચેતવણી આપી કે ઠરાવ 'માત્ર હમાસને પ્રોત્સાહન આપશે, જેની પાસે મંત્રણાના ટેબલ પર આવવાનું કોઈ કારણ રહેશે નહીં.' સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયેલના રાજદૂત ડેની ડેનને જણાવ્યું કે, સુરક્ષા પરિષદ દ્વારા આજે જે ઠરાવ પર વિચાર કરવામાં આવી રહ્યો છે તે વિશ્વાસઘાતથી ઓછો નથી. યુએનમાં યુએસના ડેપ્યુટી એમ્બેસેડર રોબર્ટ વૂડે જણાવ્યું કે, 'અમારા માટે, આ યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ વચ્ચેની કડી હોવી જોઈએ'. 'આ શરૂઆતથી જ અમારો સિદ્ધાંત રહ્યો છે અને તે હજુ પણ છે.'પેલસ્ટીની આતંકવાદી સમુહ હમાસે યુનાઈટેડ સ્ટેટ્સ પર ગાઝામાં ઈઝરાયેલના 'નરસંહાર યુદ્ધ' માટે 'સીધી



રીતે જવાબદાર' હોવાનો આરોપ મૂક્યો હતો. હમાસે એક નિવેદનમાં જણાવ્યું કે, 'એકવાર ફરી, યુનાઈટેડ સ્ટેટ્સે દર્શાવ્યું છે કે તે આપણા લોકો વિરૂદ્ધ આક્રમણમાં સીધો સહભાગી છે, તે એક અપરાધી છે, બાળકો અને મહિલાઓની હત્યા કરે છે અને ગાઝામાં નાગરિક જીવનનો નાશ કરે છે. નરસંહાર યુદ્ધ અને વંશીય સફાઈ માટે જવાબદાર છે, જેમ કે કબજે કરનાર રાજ્ય (ઈઝરાયેલ) જવાબદાર છે.' ૧૦ ચૂંટાયેલા સભ્યો દ્વારા પ્રાયોજિત અને ૧૫-સભ્યોની કાઉન્સિલમાંથી ૧૪ દ્વારા સમર્થિત ઠરાવ, ઘેરાયેલા ઉત્તરી ગાઝા સહિત 'મોટા પાયે માનવતાવાદી સહાયની સલામત અને અવરોધ વિનાની પ્રવેશ' માટે કહેવામાં આવ્યું અને પેલેસ્ટીનીઓને ભૂખે મરવાના કોઈપણ પ્રયાસોની ટીકા કરી છે. સંયુક્ત રાષ્ટ્રમાં પેલસ્ટીની પ્રતિનિધિ મંડળે સૂચન કર્યું છે કે આ લખાણ પૂરતું નથી. રાજદૂત રિયાદ મન્સૂરે ચેતવણી આપી હતી, 'ગાઝાનું ભાવિ આવનારી પેઢીઓ માટે વિશ્વને ત્રાસ આપશે.'

# રિપબ્લિકન સૂત્રોનું કહેવું છે કે ટ્રમ્પ વેસ્ટ બેંકના ઈઝરાયેલના જોડાણનો વિરોધ કરે છે

(એજન્સી) તા.૨૧

નવા ચૂંટાયેલા યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કબજાવાળા વેસ્ટ બેંકને જોડવાની ઈઝરાયેલની અહેવાલ યોજનાનો વિરોધ કર્યો છે, એમ તેમની રિપબ્લિકન પાર્ટીના સૂત્રોએ જણાવ્યું છે.



ઈઝરાયેલી આઉટલેટ અનુસાર, પ્રમુખ-ચુંટાયેલાની નજીકના એક વરિષ્ઠ રિપબ્લિકન સેનેટરે જણાવ્યું છે કે ટ્રમ્પ વેસ્ટ બેંકના જોડાણને "મંજૂર નહીં કરે."

નવા પ્રમુખ માને છે કે આ પ્રકારનું પગલું "ઈઝરાયેલ માટે એક ભૂલ" હશે, જે તેની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને વધુ નુકસાન પહોંચાડશે - કબજે કરેલા દેશ પર એક વર્ષથી વધુ બોમ્બમારો અને ગાઝા પટ્ટી પરના આક્રમણને કારણે પહેલેથી જ ખરાબ છે. ટ્રમ્પ એ પણ મુખ્યત્વે ચિંતિત છે કે કોઈપણ સત્તાવાર જોડાણ ઈઝરાયેલ અને સઉદી અરેબિયા વચ્ચે સામાન્યીકરણ સુધી પહોંચવાના પ્રયત્નોને વધુ અવરોધી શકે છે અને તે પ્રયત્નોને ગંભીરતાથી પાટા પરથી ઉતારી શકે છે - જે આવનારા ટ્રમ્પ વહીવટ માટે મુખ્ય પ્રાથમિકતા છે અને રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામ ખાસ કરીને તેની પર કામ કરી રહ્યા છે. અજ્ઞાત સ્ત્રોતો દ્વારા કરવામાં આવેલી કથિત ટિપ્પણીઓ, ટ્રમ્પ દ્વારા તેમના આગામી વહીવટમાં વિવાદાસ્પદ વ્યક્તિઓની નિમણૂક અંગેની વધતી અટકળો પછી આવી છે, જેમાં પશ્ચિમમાંથી ગુસ્સે ભરાયેલા સંબંધિત હોદ્દા પર સંખ્યાબંધ કટ્ટરપંથી ઈઝરાયેલ તરફી વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવી છે.

# સીરિયાના પાલમિરા પર ઈઝરાયેલના હુમલામાં ૩૬ લોકોનાં મોતઃ રાજ્ય મીડિયા

(એજન્સી) તા.૨૧

સીરિયન રાજ્ય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે સીરિયાના શહેર પાલમિરામાં રહેણાંક ઈમારતો પર ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૩૬ લોકો મૃત્યુ પામ્યા છે અને ૫૦ ઘાયલ થયા. સીરિયન સંરક્ષણ મંત્રાલયે બુધવારે એક નિવેદનમાં જણાવ્યું કે પૂર્વ સીરિયામાં અલ-તાન્ફની દિશામાંથી હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો અને રાજ્યની સમાચાર એજન્સી SANA દ્વારા ટાંકીને 'નોંધપાત્ર ભૌતિક નુકસાન' થયું હતું. અલ-તાન્ફ એ ઈરાકી સરહદ નજીકનો વિસ્તાર છે જે યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા નિયંત્રિત છે. ૨૦૧૧માં સીરિયન યુદ્ધ શરૂ થયું ત્યારથી, ઈઝરાયેલે સીરિયામાં સૈન્ય અને ઈરાન સમર્થિત સમુહોને નિશાન બનાવીને સેંકડો હુમલાઓ કર્યા છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ગાઝા પર ઈઝરાયેલનું યુદ્ધ શરૂ થયું ત્યારથી, તેણે સીરિયામાં તેના હુમલાઓને વેગ આપ્યો છે કારણ કે ઈરાન-સાથી લેબનીઝ સશસ્ત્ર સમુહ હિઝબુલ્લાહ સાથે દુશ્મનાવટ વધી છે. ગયા અઠવાડિયે, ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે તેણે સીરિયન-લેબનીઝ સરહદ પરના પરિવહન માર્ગો પર હુમલો કર્યો હતો જેનો ઉપયોગ હિઝબુલ્લાહને શસ્ત્રો મોકલવા માટે કરવામાં આવતો હતો. ઈઝરાયેલ ભાગ્યે જ સીરિયામાં વ્યક્તિગત હુમલાઓ પર ટિપ્પણી કરે છે, પરંતુ વારંવાર જણાવ્યું છે કે તે ઈરાનને દેશમાં તેની હાજરી



વધારવા દેશે નહીં. સીરિયન રાજ્ય મીડિયાએ ગયા અઠવાડિયે લેબેનોનની સરહદે આવેલા હોમ્સ રાજ્યમાં ઘણા ઈઝરાયેલી હુમલાઓની જાણ કરી હતી. પાલમીરા, હોમ્સમાં સ્થિત છે. પાલમિરા તેના પ્રાચીન શહેર માટે જાણીતું છે, જે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. તે ૨૦૧૫માં ISIS (ISIL) સશસ્ત્ર સમુહ દ્વારા કબજો કરવામાં આવ્યું હતું અને સીરિયન આર્મી દ્વારા ફરીથી કબજો કરવામાં આવે તે પહેલાં આંશિક રીતે નાશ પામ્યું હતું.

# ગાઝા પેલેસ્ટીની બાળકો માટે 'કબ્રસ્તાન': સંયુક્ત રાષ્ટ્ર એજન્સીના પ્રમુખ

(એજન્સી) તા.૨૧

પેલેસ્ટીની શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રની એજન્સી (UNRWA)ના વડાએ બુધવારે જણાવ્યું કે ગાઝા પટ્ટી પર સતત ઈઝરાયેલ હુમલાઓએ આ વિસ્તારને બાળકો માટે "કબ્રસ્તાન"માં ફેરવી દીધો છે. હમાસે ગાઝા સ્ટ્રીપ પર હુમલો કર્યા પછી ઈઝરાયેલે ગયા વર્ષે ગાઝા પટ્ટી પર નરસંહાર યુદ્ધ શરૂ કર્યું હતું, જેમાં લગભગ ૪૪,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને ૧૦૪,૦૦૦થી વધુ ઘાયલ થયા છે. "ગાઝા બાળકો માટે કબ્રસ્તાન બની ગયું છે," UNRWA કમિશનર જનરલ ફિલિપ લેઝારિનીએ વિશ્વ બાળ દિવસ નિમિત્તે એક નિવેદનમાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે "તેઓ માર્યા જાય છે, ઘાયલ થાય છે, ભાગી જવા માટે મજબૂર છે અને સુરક્ષા, શિક્ષણ અને રમતગમતથી વંચિત છે. "તેમનું બાળપણ છીનવી લેવામાં આવ્યું છે અને તેઓ એક ખોવાયેલી પેઢી બનવાની આરે છે કારણ કે તેઓ બીજું શાળા વર્ષ ગુમાવે છે." લાઝારિનીએ જણાવ્યું કે વિશ્વએ ત્રણ દાયકા પહેલા બાળ અધિકારો પરના સંમેલનને અપનાવીને બાળકોના અધિકારોનું સન્માન કરવા અને તેને જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ કર્યું હતું. તેમણે જણાવ્યું કે "આજે, પેલેસ્ટીની બાળકોના અધિકારોનું દિવસેને દિવસે ઉલ્લંઘન થાય છે. તેમની પોસ્ટ સાથે ગાઝામાં ફાટેલા કપડાં પહેરેલા બે થાકેલા બાળકોનો ફોટો હતો. વિસ્થાપિત પરિવારો માટે આશ્રયસ્થાનમાં રૂપાંતરિત કરાયેલી UNRWA સંચાલિત શાળામાં લેવાયેલ આ ફોટો, પેલેસ્ટીની બાળકોને વંચિતતાનો સામનો કરવો પડે છે તે દર્શાવે છે કારણ કે ઈઝરાયેલી યુદ્ધ દ્વારા તેમનું શિક્ષણ અને સુરક્ષા ખોરવાઈ ગઈ છે. યુએનઆરડબ્લ્યુએના પ્રમુખે જણાવ્યું કે અધિકૃત વેસ્ટ બેંકમાં પેલેસ્ટીની



બાળકો પણ ભય અને ચિંતામાં જીવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે "ગયા વર્ષે ઓક્ટોબરથી ત્યાં ૧૭૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે અન્ય લોકો ઈઝરાયેલના અટકાયત કેન્દ્રોમાં તેમનું બાળપણ ગુમાવી રહ્યા છે. લાઝારિનીએ ઉમેર્યું કે, "અધિકૃત પેલેસ્ટીની પ્રદેશમાં બાળકો માટે કોઈ સ્થાન નથી." "તેઓ વધુ સારી રીતે લાયક છે, તેઓ શાંતિ, ન્યાય અને વધુ સારા ભવિષ્યને લાયક છે." ગાઝા હત્યાકાંડની આંતરરાષ્ટ્રીય માન્યતા તેના બીજા વર્ષને ચિહ્નિત કરે છે, આંકડાઓ અને સંગઠનો આ ઘટનાને વસ્તીને સમાપ્ત કરવાના ઈરાદાપૂર્વકના પ્રયાસ તરીકે વર્ણવે છે. ગાઝા પરના તેના ઘાતક યુદ્ધ માટે ઈઝરાયેલ આંતરરાષ્ટ્રીય અદાલતમાં નરસંહારની સુનાવણીનો સામનો કરી રહ્યું છે.

# બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલાએ G20 સમિટમાં ગાઝા પર તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી




(એજન્સી) તા.૨૧

બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ ગઈકાલે રિયો ડી જાનેરોમાં ૧૯મી G20 સમિટની શરૂઆત કરી અને ગાઝામાં માનવતાવાદી આપત્તિને પ્રકાશિત કરવા માટે આ પ્રસંગનો ઉપયોગ કર્યો. ગાઝામાં પેલેસ્ટીનીઓ સામે ચાલી રહેલા ઈઝરાયેલી નરસંહારમાં ઓછામાં ઓછા ૪૪,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મુખ્યત્વે મહિલાઓ અને બાળકો છે અને ૧૦૪,૦૦૦ અન્ય ઘાયલ થયા છે. અંદાજિત ૧૧,૦૦૦ લોકો ગુમ છે, એવું માનવામાં આવે છે કે તેઓ તેમના ઘરો ઈઝરાયેલ દ્વારા નાશ પામેલા અન્ય નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કાટમાળ નીચે દટાયેલા છે. લાખો લોકો વિસ્થાપિત થયા છે, તેમાંના મોટા ભાગના બહુવિધ પ્રસંગોએ અને ઈઝરાયેલ દ્વારા માનવતાવાદી સહાયને અવરોધિત કરવાને કારણે વસ્તી ભૂખમરોનો સામનો કરે છે.

લુલાએ પેલેસ્ટીની લોકોના સ્વ-નિર્ધારણના અધિકારની ખાતરી કરી, માનવતાવાદી કટોકટીને સંબોધવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો અને ગાઝાને આંતરરાષ્ટ્રીય સહાય વધારવા માટે હાકલ કરી. તેમણે મધ્ય પૂર્વમાં વ્યાપક અને કાયમી શાંતિની પણ હિમાયત કરી હતી. બ્રાઝિલના રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, "પેલેસ્ટીની લોકોના સ્વ-નિર્ણયના અધિકારની પુનઃપુષ્ટિ કરતા, અમે બે-રાજ્ય ઉકેલના વિઝન માટે અમારી અતૂટ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ, જ્યાં પેલેસ્ટીની સુરક્ષિત અને માન્ય સરહદોની અંદર શાંતિપૂર્ણ રીતે સહઅસ્તિત્વ ધરાવે છે, જે અનુરૂપ છે. આંતરરાષ્ટ્રીય કાયદો અને સંબંધિત યુએન ઠરાવો." "અમે ગાઝામાં વ્યાપક યુદ્ધવિરામના સમર્થનમાં એક છીએ.

તેઓએ એ પણ ભાર મૂક્યો કે કોઈપણ યુદ્ધવિરામ યુ.એસ. દ્વારા પ્રાયોજિત સહિત યુએનના ઠરાવો સાથે સુસંગત હોવું જોઈએ અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા હેઠળ જવાબદારીઓ જાળવવી જોઈએ. G-20 નેતાઓની સમિટનું આયોજન બ્રાઝિલ દ્વારા કરવામાં આવે છે અને તેમાં તમામ ઓગણીસ સભ્ય દેશોના નેતાઓ તેમજ આફ્રિકન યુનિયન અને યુરોપિયન યુનિયનના પ્રતિનિધિઓ ભાગ લે છે. જો બાઈડેન, શી જિનપિંગ, રેસેપ તૈયિપ એર્દોગાન, ઈમેન્યુઅલ મેક્રોન અને નરેન્દ્ર મોદી જેવા વિશ્વના અગ્રણી નેતાઓએ તેમાં ભાગ લીધો હતો. સમિટની અંતિમ સંયુક્ત ઘોષણામાં ગાઝા હત્યાકાંડ, યુક્રેનમાં યુદ્ધ, આબોહવા પરિવર્તન અને વૈશ્વિક શાસન સુધારણા સહિત અનેક મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. નોંધનીય રીતે તેણે યુએન સુરક્ષા પરિષદમાં સુધારાની માંગ કરી, જે આંતરરાષ્ટ્રીય નિર્ણય લેવામાં વધુ સમાન પ્રતિનિધિત્વની જરૂરિયાત પર સભ્ય દેશોમાં વધતી સર્વસંમતિને પ્રતિબિંબિત કરે છે, અગાઉ, રવિવારે, રાષ્ટ્રપતિ લુલાએ તેમના ભાષણ દરમિયાન ગાઝા પટ્ટીમાં હત્યાકાંડને સંબોધિત કર્યું હતું G20 સમિટ દરમિયાન અર્બન ૨૦ સમિટ ગાઝાના ઘિરાણ પર કેન્દ્રિત હતી. બ્રાઝિલના નેતાએ ગાઝા પર ઈઝરાયેલી બોમ્બની વિનાશક અસર પર પ્રકાશ પાડ્યો હતો.

"ગાઝા પટ્ટીનો બે તૃતીયાંશ ભાગ જે માનવતાની સૌથી જૂની શહેરી વસાહતોમાંની એક છે (૪૦૦૦ બીસીની), અંધાધૂંધ બોમ્બ ધડાકા દ્વારા નાશ પામી છે," લુલાએ જણાવ્યું હતું. "તેની ૮૦ ટકા આરોગ્ય સુવિધાઓ હવે અસ્તિત્વમાં નથી. તેના કાટમાળ નીચે ૪૦,૦૦૦થી વધુ લોકોના જીવ ગયા છે." હેગમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસમાં રંગભેદ રાજ્ય સામે દક્ષિણ આફ્રિકાના નરસંહારના કેસને સમર્થન આપતા, લુલાએ ઈઝરાયેલની ક્રિયાઓની ટીકામાં અવાજ ઉઠાવ્યો છે. ઈઝરાયેલે બ્રાઝિલના નેતાને પર્સોના નોન ગ્રેટા જાહેર કર્યા છે.

# સંયુક્ત રાષ્ટ્ર સિક્યુરિટી કાઉન્સિલના કેટલાક સભ્યોએ ગાઝા યુદ્ધવિરામ ઠરાવના અમેરિકાના વીટોની ટીકા કરી

(એજન્સી) તા.૨૧

સંયુક્ત રાષ્ટ્ર સિક્યુરિટી કાઉન્સિલના કેટલાક સભ્યોએ બુધવારે ગાઝા પટ્ટીમાં પ્રસ્તાવિત યુદ્ધવિરામ પ્રસ્તાવના યુએસના ચોથા વીટોની ટીકા કરી છે. ચીનના રાજદૂત ફુ કાંગે મતના પરિણામ પર નિરાશા વ્યક્ત કરી અને અમેરિકા પર વીટોના ઉપયોગ દ્વારા "પેલેસ્ટીનીઓની અસ્તિત્વની આશાઓને અવરોધે છે અને તેમને અંધકાર અને નિરાશામાં ધકેલવાનો આરોપ મૂક્યો. એમ કહીને કે સભ્ય દેશોની ક્રિયાઓ "ઈતિહાસના કઠોર ચુકાદામાંથી છટકી શકશે નહીં", ફુએ પૂછ્યું "શું પેલેસ્ટીનીઓના જીવનનો કોઈ અર્થ નથી ?" તેણે કટાક્ષમાં પૂછ્યું કે "અમેરિકા તેની ખોટી નિંદ્રામાંથી જાગે તે પહેલાં હજુ કેટલા લોકો મરવાના છે ?" ફુએ દલીલ કરી કે વારંવાર અમેરિકાના વીટોએ "સુરક્ષા પરિષદ અને આંતરરાષ્ટ્રીય કાયદાની સત્તાને ઓલ-ટાઈમ નીચી સપાટીએ ઘટાડી દીધી છે." તેમણે જણાવ્યું કે, "અમે યુ.એસ.ને કાઉન્સિલના સ્થાયી સભ્ય તરીકે તેની જવાબદારીઓને ગંભીરતાથી લેવાનું આહ્વાન કરીએ છીએ. યુએસએ નિષ્ક્રિય અને અવગણના કરવાનું બંધ કરવું જોઈએ. અલ્જેરિયાના રાજદૂત અમ્ર




બેન્ડજામાએ જણાવ્યું કે, "આજનો સંદેશ ઈઝરાયેલ પર કબજો કરનાર સત્તા માટે સ્પષ્ટ છે; 'તમે તમારો નરસંહાર ચાલુ રાખી શકો છો, તમે પેલેસ્ટીની લોકોને સંપૂર્ણ સજા આપ્યા વિના સામૂહિક રીતે સજા કરવાનું ચાલુ રાખી શકો છો.'" તેમણે જણાવ્યું કે યુએસ વીટોએ પેલેસ્ટીની લોકોને બીજો "સ્પષ્ટ" સંદેશ મોકલ્યો, ઉમેરતા પહેલા કે "જ્યારે મોટાભાગની દુનિયા તમારી દુર્દશા સાથે એકતામાં છે, અન્ય લોકો તમારી વેદના પ્રત્યે ઉદાસીન છે." ફ્રાન્સના રાજદૂત નિકોલસ ડી રિવિયરે વીટો પર "દુઃખ" વ્યક્ત કર્યુ અને જણાવ્યું કે ગાઝામાં પરિસ્થિતિ દિવસેને દિવસે બગડી રહી છે. તેમણે જણાવ્યું કે, "આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાને કચડી નાખવામાં આવી રહ્યો છે" અને સંકેત આપ્યો કે એકમાત્ર જવાબ યુદ્ધવિરામ હોઈ શકે છે. સંયુક્ત રાષ્ટ્રમાં રશિયન રાજદૂત વેસિલી નેબેન્ઝિયાએ દલીલ કરી કે યુએસએ ઠરાવને વીટો કરે તે આશ્ચર્યજનક નથી. તેમણે જણાવ્યું કે, "મહિનાઓથી યુનાઈટેડ સ્ટેટ્સે ગાઝામાં આપત્તિજનક પરિસ્થિતિને સંબોધવા માટે કાઉન્સિલની કાર્યવાહીમાં અવરોધ કર્યો છે અને પેલેસ્ટીની જીવનના ભોગે તેના રાજકીય ઉદ્દેશ્યોને આગળ વધારવા માટે સંઘર્ષની એક બાજુનો સાથ આપ્યો છે." તેમણે જણાવ્યું કે વીટો "અયોગ્ય" હતો. "અમે દંભ પર અમેરિકા તરફથી ઉપદેશો સાંભળવાની જરૂર નથી. દંભ એ છે જે તેઓ દરરોજ વિવિધ સંઘર્ષોમાં દર્શાવે છે." અમેરિકી નાયબ રાજદૂત રોબર્ટ વુડને સંબોધતા, નેબેન્ઝિયાએ જણાવ્યું કે"તમે આજે સ્પષ્ટપણે બતાવ્યું છે કે હજારો નિર્દોષ નાગરિકોના મૃત્યુ, શરણાર્થીઓ પરના પ્રતિબંધો, બંધકોની વેદના અને ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવેલા પેલેસ્ટીનીઓ માટે તમે સંપૂર્ણ આદર ધરાવો છો. એક પ્રકારના જવાબદાર છે." ગયાનાના રાજદૂત કેરોલિન રોડ્રિગ્સ-બિરકેટે દુઃખ વ્યક્ત કર્યુ અને જણાવ્યું કે "પેલેસ્ટીની લોકોનો સંહાર એ આપણા સામૂહિક માનવતાવાદી અંતરાત્મા પર એક મોટો ડાઘ છે."

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# યુપીમાં લોકશાહી પર કુઠારાઘાત, મુસ્લિમ મતદારોને મત આપતા અટકાવવાનું કૃત્ય નિંદનીય, આપણો દેશ કઈ દિશામાં ?

**તા**જેતરના સમયમાં લઘુમતીઓ અને ખાસ કરીને મુસ્લિમ સમાજ વિરુદ્ધ કારણ વિના મામૂલી મુદ્દાઓ પર સંઘર્ષ કરવાની અને સમગ્ર સમાજની હેરાનગતિ કરવાની જે નવી રીત રસમ ચાલુ થઈ છે તેના પગલે તમામ જનવાદી અને લોકશાહી પ્રેમી નાગરિકો ચિંતાતુર થઈ ઊઠ્યા છે અને એવા સવાલો પૂછી રહ્યા છે કે વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે વિખ્યાત આપણું દેશ શા કારણે કઈ દિશામાં જઈ રહ્યો છે? મુસ્લિમ ધર્મસ્થાનો વિશે શંકાઓ ઊભી કરવી અને મુસ્લિમોના શિક્ષણ ધામો વિષે શંકા-કુશંકાનું વાતાવરણ ફેલાવવું તથા શાંતિપ્રિય રીતે પોતાની રોજી-રોટી કમાવવા નીકળતા ગરીબ અને મધ્યમ વર્ગના મુસ્લિમ વેપારીઓ અને રેકડીધારકોને કોઈપણ કારણ વિના પજવવા તથા એમના ધંધા બંધ કરાવવા જેવી હીન ચેષ્ટાઓના દાખલાઓ હવે નિયમિત રીતે સામે આવી રહ્યા છે અને એક ચોક્કસ પ્રકારની મુસ્લિમ વિરોધી અનિષ્ટ સાંકળ રચાઈ ગઈ હોય એવા દૃશ્યો રોજેરોજ ભારતના ખૂણે-ખૂણે અલગ અલગ વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે. એટલા સ્વાભાવિક રીતે ભારતના તમામ કોમ અને વર્ગના શાંતિપ્રિય અને કાયદાપાલક નાગરિકો મોઢામાં આંગળા નાખીને ચિંતાનો સૂર વ્યક્ત કરી રહ્યા છે અને એવું બોલતા સંભળાય છે કે આપણા દેશનું આ શું થવા બેઠું છે? મોબ લિંચિંગ એ તો હવે જૂની વાત થઈ ગઈ અને તેના પર હજુ સુધી કોઈ અસરકારક નિયમન પણ મુકવામાં આવ્યું નથી ત્યાં હવે બીજી રાજ રમતો એ પ્રકારની ચાલુ થઈ છે કે જે કોઈ વિસ્તારમાં મુસ્લિમ નાગરિકો પોતાનો ધંધો-કારોબાર કાયદેસર રીતે અને શાંતિપૂર્ણ રીતે ચલાવી રહ્યા હોય ત્યાં પણ તેમને ડિસ્ટર્બ કરવા અને એમના ધંધા-રોજગારને ખોરવી નાખવા અને એમનો આર્થિક બહિષ્કાર પોકારવાનો જે ચીલો ચોક્કસ જૂથ અને વર્ગો દ્વારા સ્થાપિત કરવામાં આવી રહ્યો છે તેનાથી દેશનું લોકશાહી તંત્ર ગંભીર રીતે ખતરામાં મુકાયું છે અને ભારત જે માટે વિશ્વમાં અત્યાર સુધી વખણાતું આવ્યું છે એ વૈવિધ્યસભર કોમી એકતા ગંભીર રીતે ખતરામાં મુકાઈ જવા પામેલ છે એવું કહીએ તો ખોટું નહીં ગણાય. બુધવારનો દિવસ તો સમગ્ર રાષ્ટ્ર માટે ખૂબ જ શરમજનક ગણી શકાય એવો રહ્યો છે. વાત આપણે ઉત્તર પ્રદેશની કરવાની છે જ્યાં અગાઉ કદી ન બની હોય એવી જે ઘટના બની છે તેનાથી દેશ આખો હચમચી ગયો છે. યુપીમાં વિધાનસભાની ૯ બેઠકો માટે પેટા ચૂંટણી યોજાઈ હતી અને શાંતિથી મતદાન થઈ રહ્યું હતું અને મતદાર યાદીમાં કાયદેસર રીતે નોંધાયેલા મુસ્લિમ મતદાર ભાઈ-બહેનો ઉત્સાહ સાથે મતદાન કરવા માટે ઘરોની બહાર નીકળ્યા હતા ત્યારે યુપીના કુંદરકી અને મીરાપુર જેવા ગ્રામ્ય વિસ્તારોમાં અનેક બૂથ પર મુસ્લિમ મતદારોને મત આપતા અટકાવવામાં આવ્યા હતા અને એ કામ કોણે કર્યું એ જાણીને તો તમારું માથું ભમી જશે. કેટલાય બુચ પરથી એવી ગંભીર ફરિયાદો સાંભળવામાં આવી છે કે હથિયાર લઈને મતદાન મથક ઉપર ફરજ પર ગોઠવાયેલા કેટલાક પોલીસ અધિકારી અને કર્મચારીઓએ જ મુસ્લિમ મહિલા મતદારો સામે રિવોલ્વોર અને બંદૂકો તાકી હતી અને એમને મત આપવાને બદલે પાછા ચાલ્યા જવાનું ફરમાન કર્યું હતું. આ કોઈ વિરોધ પક્ષોએ કરેલી ટીકા કે આક્ષેપ નથી પરંતુ ખુદ ઉત્તર પ્રદેશના બહુ મોટા નેતા અને સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ એ આવી એક ઘટનાનો વીડિયો ઉતારીને એ વાયરલ કરવામાં આવ્યા બાદ દુનિયાને ખબર પડી હતી કે યુપીમાં શું ગોરખધંધા ચાલી રહ્યા છે અને કઈ રીતે હવે મુસ્લિમોના બંધારણીય રીતે એમને પ્રાપ્ત એમને આઝાદી પછી મળેલા મતાધિકારના મૂળભૂત અધિકાર ઉપર પણ તરાપ મૂકવાની હીન ચેષ્ટાઓ કરવામાં આવી રહી છે. આ ઘટનાની જોરદાર ટીકા થઈ અને અખિલેશ યાદવે જાતે વીડિયો વાયરલ કર્યા બાદ ચૂંટણી પંચને પણ છેવટે શરમ આવી હતી અને મોડે મોડે પગલાં લઈને પાંચ સામાન્ય પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરીને બહુ મોટી ધાડ મારી હોય એવો ચૂંટણી પંચે દેખાવ કર્યો છે. આ તો હદ વટાવી ગયેલી ઘટના છે જે બિલકુલ નિંદનીય છે અને સદંતર બિનલોકશાહી અને ગેરબંધારણીય કહેવાય એ પ્રકારનું આ કૃત્ય છે જેને કોઈપણ કાળે ચલાવી લઈ શકાય નહીં. સ્વાભાવિક છે કે ઉત્તર પ્રદેશમાં ઈસ્લામ વિરોધી અને ખાસ કરીને તો મુસ્લિમ વિરોધી વાતાવરણ ઊભું કરવામાં યોગી સરકારની બહુ મોટી નકારાત્મક ભૂમિકા રહી છે તેનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અવારનવાર તેમના ચૂંટણી પ્રવચનોમાં અને જ્યારે પણ જાહેર કાર્યક્રમોમાં બોલતા હોય છે ત્યારે સર્વેનો સાથનું સૂત્ર અવારનવાર બોલતા હોય છે પરંતુ ઉત્તર પ્રદેશમાં જાણે કે કાયદાનું કોઈ શાસન ન હોય અને માત્ર બંધારણ નહીં પણ યોગીનું રાજ હોય એવી રીતે અહીં સમગ્ર પ્રશાસન તેને ફાવે તે રીતે વર્તન કરે છે અને તેને ફાવે તે રીતે કામ કરતું હોય છે જે મોટા ભાગે બંધારણની અને કાયદાની વિરુદ્ધનું હોય છે. સર્વે સાથનું સૂત્ર યુપીમાં અરણ્યરૂદન કરે છે. તાજેતરમાં બુલડોઝર ન્યાય સામે સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી એ પછી પણ ઉત્તર પ્રદેશમાં અનેક લોકોના મકાનો તોડી નાખવામાં આવ્યા હતા એ હકીકતની બધાને ખબર છે. બુધવારે જે બન્યું એ સમગ્ર દેશનું માથું શરમથી ઝુકાવી નાખે એવી ઘટના છે. જેના માટે ચૂંટણી પંચે જે પગલાં લીધા છે તે કોઈ કાળે પૂરતા નથી. ચૂંટણી પંચ જે હાલનું માળખું છે તેની પાસેથી ન્યાયની અપેક્ષા રાખવી એ વધુ પડતી છે એવું પંચની તાજેતરની કામગીરીની સમીક્ષા કરતા નિષ્ણાંતો પણ કહેવા માટે મજબૂર બન્યા છે. જ્યારે જ્યારે પેટા ચૂંટણીનો અથવા તો રાજ્યની કે સંસદીય સામાન્ય ચૂંટણીઓ યોજાય છે ત્યારે બુથ કેપ્ચરિંગ અને એવીએમના હેકિંગ સહિતની જેટલી ફરિયાદો વિરોધ પક્ષો તરફથી આવે છે તેના પર પૂરતું ધ્યાન નહીં આપવાની ચૂંટણી પંચની વૃત્તિ અંગે કોંગ્રેસ પણ કાગારોળ મચાવી ચૂકી છે. પરંતુ યુપીની ઘટના એ તો ચૂંટણીની ગેરરીતિઓને એક નવું જ રૂપ આપ્યું છે અને આપણે કહેવું પડશે કે જો આવું ચાલ્યા કરશે તો આ દેશમાં કોઈ લોકશાહી સંગઠન કે સંસ્થા સ્વતંત્ર રીતે નિરપેક્ષ થઈને કામ કરી નહીં શકે. મતદાન એ દરેક નાગરિકનો મૂળભૂત બંધારણીય અધિકાર છે. એ અધિકાર તેની પાસેથી કોઈ છીનવી શકે નહીં અને યુપીમાં ભલે થોડી માત્રામાં ઘટના બની છે પરંતુ એ ખૂબ જ ચિંતાજનક છે અને ગંભીર ચર્ચા માંગી લે છે. મુસ્લિમ મતદારોને ડરાવી-ધમકાવીને ખુદ પોલીસવાળા જે બૂથ ઉપર મુક્ત ચૂંટણી કરાવવા માટે મૂકવામાં આવ્યો છે એ લોકો જ કાયદો હાથમાં લે તો પછી ફરિયાદ કોને કરવી એવો સવાલ ઊભો થાય છે. આ ખૂબ જ ગંભીર ઘટના છે અને તેને નાનીસુની કે એકલદોકલ ઘટના ચલાવીને તેની અવગણના કરવાની ભૂલ બંધારણીય લોકશાહી માટે ખતરો ઊભો કરી શકે છે અને આવા પ્રકારના કૃત્યો કરનારાને દાખલારૂપ સજા કરવામાં નહીં આવે તો આવી હીન ચેષ્ટાઓ એક પરંપરા બની જશે અને સમગ્ર લોકશાહી ચૂંટણી પ્રક્રિયા એકદમ એકતરફી બનીને રહી જશે. ન્યાય અને મુક્ત રીતે ચૂંટણીઓનું આયોજન કરી શકાશે નહીં. જાગ્યા ત્યાંથી સવાર ગણીને આ દિશામાં તાત્કાલિક કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારો સંકલન કરીને આવા પ્રકારની ઘટનાઓ બનતી અટકાવવા માટે અગમચેતીરૂપે કડકમાં કડક આયોજન કરે એ દેશના હિતમાં છે અને લોકશાહીના હિતમાં છે. ભારતનો કોમી એકતાનો એક લાંબો અને પ્રશંસાને પાત્ર ઈતિહાસ રહ્યો છે પરંતુ આવા ઉમદા એખલાસ અને એકતાને ભાંગી નાખવા માટે ચોક્કસ જૂથો તરફથી ચોક્કસ તત્વોના ઈશારે પ્રયત્નોમાં હવે અતિરેક કરવામાં આવી રહ્યો છે એટલે તેને પણ રૂક જાવ કહેવાનું જરૂરી બન્યું છે. દેશમાં લોકશાહી અને બંધારણ ખતરામાં છે એવું કોંગ્રેસ અને વિરોધ પક્ષો કહેતા રહ્યા છે અને યુપીની ઘટના આપણને સૂચવે છે કે વિરોધ પક્ષની વાતમાં દમ છે. રક્ષા કરવાની જવાબદારી દરેક પક્ષની છે અને દરેક નાગરિકની છે.

# મસ્જિદોને સામુદાયિક કેન્દ્રો તરીકે વિકસિત કરવી એ મુસ્લિમ સમુદાયના શિક્ષણ અને આર્થિક સશક્તિકરણ માટે મહત્ત્વપૂર્ણ છે



**જા**મા મસ્જિદ (દિલ્હી):

ભારતીય ઉપખંડમાં મસ્જિદો એક સમયે વાઈબ્રન્ટ સમુદાય જીવનનું કેન્દ્ર હતું અને તેમનું મહત્વ પ્રાર્થના માટેના સ્થાન કરતાં પણ વધુ હતું અને ત્યાં સામાજિક ક્રિયાપ્રતિક્રિયા, શિક્ષણ અને આર્થિક સહાય માટે મીટિંગ પણ કરવામાં આવતી હતી. આ મસ્જિદોએ સમુદાય માટે સમર્થનના મહત્વના સ્તંભ તરીકે કામ કર્યું હતું, લોકોને માર્ગદર્શન, સંઘર્ષનું નિરાકરણ અને સમુદાયને ઉત્થાન કરવાના માર્ગો પ્રદાન કર્યા હતા.

દુર્ભાગ્યે અનેક વર્ષોથી, તેમની આ વ્યાપક ભૂમિકા ઝાંખી પડી રહી છે. આજે ઘણી મસ્જિદો ધાર્મિક સેવાઓ અને દૈનિક પ્રાર્થનાઓ સુધી જ મર્યાદિત રહી ગઈ છે. આજે મુસ્લિમો આધુનિક સામાજિક-આર્થિક સંઘર્ષોનો સામનો કરી રહ્યા છે ત્યારે, મસ્જિદોને શિક્ષણ, નોકરીની તાલીમ, કારકિર્દી સહાય અને વ્યવસાય માર્ગદર્શન માટેના કેન્દ્રો તરીકે વિકસિત કરવાની તાત્કાલિક જરૂર છે, જે સમુદાયની સાચી સંભાવનાને રજૂ કરે છે.

મસ્જિદોની આ ઘટતી ભૂમિકા ૧૮૫૭ના વિદ્રોહ પછી શરૂ થઈ હતી, જેનાથી ભારતીય ઈતિહાસમાં એક મોટો વળાંક આવ્યો હતો. મુસ્લિમ વિદ્વાનો અને નેતાઓ બ્રિટિશ શાસનનો વિરોધ કરવામાં મુખ્ય વ્યક્તિઓ હતા, મસ્જિદો ઘણીવાર આ પ્રવૃત્તિઓ માટે હબ તરીકે સેવા આપે છે. તેના બદલામાં, અંગ્રેજોએ મુસ્લિમ સમુદાયો પર હુમલા કર્યા અને મસ્જિદો બંધ કરી અને વિદ્વાનોને નિશાન બનાવ્યા હતા. આવો વધુ જુલમ ટાળવા માટે, ઈસ્લામિક નેતાઓએ ધાર્મિક ઉપદેશોને આધુનિક અભ્યાસોથી અલગ કરવાનું પસંદ કર્યું.

દારૂલ ઉલૂમ દેવબંદ અને અન્ય જેવી સંસ્થાઓની સ્થાપના ઈસ્લામિક શિક્ષણ અને ઓળખ જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કરવામાં આવી હતી. તે સમયે, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોને શંકાની નજરે જોવામાં આવતા હતા, જેને વસાહતી નિયંત્રણના સાધનો તરીકે જોવામાં આવતા હતા. આ શૈક્ષણિક વિભાજન ક્યારેય કાયમી બનવાનો હેતુ ન હતો પરંતુ વસાહતી દબાણ માટે જરૂરી પ્રતિક્રિયા હતી.

આજે, આવા અલગ થવાના જૂના કારણો હવે અસ્તિત્વમાં નથી. જ્યારે ધાર્મિક શિક્ષણ એ પણ નિર્ણાયક છે, ત્યારે મુસ્લિમો માટે આધુનિક, વ્યવહારૂ જ્ઞાન અપનાવવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે. મુસ્લિમ સમુદાયો અનુભવી રહ્યા છે કે આજના પડકારોને પહોંચી વળવા માટે આધ્યાત્મિક અને દુન્યવી બંને પ્રકારની કુશળતા જરૂરી છે. જાણીતા મુસ્લિમ ચિંતક, સૈયદ નુરસીએ જણાવ્યું હતું કે વૈજ્ઞાનિક અને વ્યવહારૂ જ્ઞાન એ સાંપ્રદાયિક ફરજ છે (ફર્દ અલ-કિફાયા), દુન્યવી જ્ઞાન એટલું જ મહત્વપૂર્ણ છે જેટલું આધ્યાત્મિક શિક્ષણ છે. બિનસાંપ્રદાયિક જ્ઞાનની અવગણના હવે મુસ્લિમ યુવાનોને અર્થપૂર્ણ યોગદાન આપવા અને આર્થિક સફળતા હાંસલ કરવાથી રોકે છે.

આપણી ઝડપથી બદલાતી દુનિયામાં, આધુનિક શિક્ષણ અને આર્થિક તકોનો અભાવ ધરાવતા સમુદાયો પાછળ રહી જવાનું જોખમ ધરાવે છે. મુસ્લિમોને સામાજિક, રાજકીય અને આર્થિક પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ રીતે ભાગ લેવા માટે શિક્ષણ અને આર્થિક સશક્તિકરણમાં મજબૂત પાયાની જરૂર છે. આર્થિક સ્વતંત્રતા સમુદાયના પ્રભાવ અને સામાજિક સ્થિરતા તરફ દોરી જાય છે. અવાજ ઉઠાવવા અને પરિવર્તન લાવવા માટે, સમુદાયે સૌ પ્રથમ એ ખાતરી કરવી જોઈએ કે તેના સભ્યો આત્મનિર્ભર છે અને સમાજમાં યોગદાન આપી શકે છે.

સશક્તિકરણ અને કૌશલ્ય નિર્માણ માટેના સ્થળો તરીકે મસ્જિદોને પુનર્જીવિત કરવાથી જીવન બદલાઈ શકે છે. કલ્પના કરો કે મસ્જિદો માત્ર પ્રાર્થના જ નહીં પણ આધુનિક કૌશલ્યોનું જ્ઞાન પણ આપે છે, જેમ કે કમ્પ્યુટર તાલીમ, ભાષાના વર્ગો અને કારકિર્દી વર્કશોપ. આ દ્રષ્ટિકોણ યુવા મુસ્લિમો માટે શિક્ષણ અને નોકરીના અંતરને દૂર કરી શકે છે. આવા કાર્યક્રમો મૂળભૂત કોડિંગ, ડેટા વિશ્લેષણ અથવા અંગ્રેજી શીખવવા, યુવાનોને સ્પર્ધાત્મક તાલીમ આપી શકે છે. સુથારકામ, મિકેનિક્સ અથવા તો વ્યવસાય કૌશલ્ય જેવા વ્યવસાયોમાં વ્યાવસાયિક તાલીમ તેમને પોતાનું સાહસ શરૂ કરવા અથવા સ્થિર કારકિર્દી શોધવા માટે તેઓને તૈયાર કરી શકે છે. સ્થાનિક નિષ્ણાતો દ્વારા કરિયર કાઉન્સેલિંગ યુવાનોને માહિતગાર કારકિર્દી પસંદગીઓ કરવામાં વધુ માર્ગદર્શન આપી શકે છે. આ વિચાર અમલમાં મૂકવો એ મુશ્કેલ નથી. ઐતિહાસિક રીતે, મસ્જિદોમાં માત્ર પ્રાર્થના કરવી અને તેને માત્ર ધાર્મિક સેવાઓ સુધી તેમની ભૂમિકા મર્યાદિત રાખવી એ ઈસ્લામિક પરંપરામાં રહેલી વ્યાપક જવાબદારીઓની અવગણના છે. મસ્જિદ સમિતિઓ, જે નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે, તેમણે સમુદાયની જરૂરિયાતોને પહોંચી વળવા આગળ વધવું જોઈએ. તેઓએ લોકોની આધ્યાત્મિક અને ભૌતિક સુખાકારી બંનેને સુધારવા માટે કામ કરવું જોઈએ.

મસ્જિદોને એવા સ્થાનોમાં રૂપાંતરિત કરવી જોઈએ, જ્યાં લોકો શીખી શકે અને વિકાસ કરી શકે. આપહેલ એકતાનું નિર્માણ કરશે અને સારા હેતુને પ્રેરણા આપશે. વિવિધ પૃષ્ઠભૂમિના લોકોને એકસાથે લાવવાથી સહાયક વાતાવરણ સર્જાય છે, જ્યાં યુવાનો આત્મવિશ્વાસ અને મહત્વાકાંક્ષા વિકસાવી શકે છે. મુસ્લિમો માટે સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં અર્થપૂર્ણ અસર કરવા માટે આર્થિક તાકાત એ એક નિર્ણાયક પ્રથમ પગલું છે. સામાજિક અને આર્થિક વૃદ્ધિના કેન્દ્રો તરીકે મસ્જિદોને પુનર્જીવિત કરીને, સમુદાયો સ્વ-સુધારણા, અન્યને મદદ કરવા અને જવાબદારીની વહેંચણીના ઈસ્લામિક મૂલ્યોને વધુ સારી રીતે જીવિત કરી શકે છે.

મજબૂત અને સશક્ત સમુદાય તેની આસપાસના વિશ્વમાં મૂલ્યવાન હોય છે. મુસ્લિમો માટે, શિક્ષણ અને આર્થિક શક્તિનો પાયો હોવો એ તેમના માટે ગેરફાયદાના ચક્રને દૂર કરવા અને સ્થિરતા હાંસલ કરવાની મુખ્ય ચાવી છે. દુન્યવી શિક્ષણ અને ધાર્મિક શિક્ષણને એકબીજાના વિરોધી તરીકે જોવાને બદલે, તેમને પૂરક તરીકે જોવું જોઈએ. વ્યવહારિક કુશળતા અને નાણાકીય સ્વતંત્રતા એ એક સંતુલિત જીવનનો એક ભાગ છે જેને ઈસ્લામ પ્રોત્સાહિત કરે છે. વ્યાપક શિક્ષણના સ્થાનો તરીકે મસ્જિદોને રજૂ કરવાથી મુસ્લિમોને જ્ઞાનની સમૃદ્ધ પરંપરા સાથે ફરીથી જોડવામાં આવશે, તેમને આજના ઝડપી વિશ્વમાં વિકાસ કરવામાં મદદ મળશે.

સમુદાયના નેતાઓ, મસ્જિદ બોર્ડ અને સભ્યો માટે આ વિચારને વાસ્તવિકતામાં ફેરવવાનો સમય હવે આવી ગયો છે. જ્ઞાનથી ઘણી બધી તકો ઊભી થાય છે, મુસ્લિમોને શિક્ષણ અને વ્યાવસાયિક કૌશલ્યોથી સશક્ત બનાવવાથી સમગ્ર સમુદાયનો ઉત્કર્ષ થશે. સામાજિક-આર્થિક વિકાસ માટે મસ્જિદોને યોગ્ય સ્થાનો બનાવવાથી તેમની ઐતિહાસિક ભૂમિકાનું સન્માન થશે અને સમગ્ર ભારતમાં અને તેની બહારના મુસ્લિમો માટે ઉજ્જ્વળ, અને વધુ આત્મનિર્ભર ભવિષ્ય માટે તે મૂળભૂત પાયો હશે.

**(લેખક સલમાન મોહમ્મદ ખાન ડબલિન આયર્લેન્ડ સ્થિત ભારતીય ચાર્ટર્ડ સર્ટિફાઈડ એકાઉન્ટન્ટ છે.)**

**- સલમાન મોહમ્મદ ખાન**

**(સૌ. : મુસ્લિમ મિરર)**

# વિધવા અને ઈસ્લામ

**મા**નવ સમાજમાં મહિલા અધિકારોના સંબંધમાં વિધવાનો વિષય હરહંમેશથી જ ફકત મહત્ત્વપૂર્ણ રહ્યો છે. એટલું જ નહીં પરંતુ ચર્ચાનો વિષય પણ રહ્યો છે. આ જ કારણે માનવ ઈતિહાસના જુદા જુદા યુગો અને વર્ગોમાં આનું સામાજિક સ્તર અને અધિકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. સાથોસાથ સંસારમાં જોવા મળતા જુદા જુદા ધર્મોએ પણ પોતપોતાના સ્તરે વિધવાઓના સામાજિક સ્તર અને અધિકારોની વાત કરી છે. જો આ સંબંધમાં ઈસ્લામી શિક્ષાઓનું અધ્યયન કરવામાં આવે અને આ વાત જાણવાનો પ્રયાસ કરવામાં આવે કે વિધવાથી સંબંધિત ઈસ્લામમાં કયા દિશા-નિર્દેશ આપવામાં આવ્યા છે તો આપણને ખૂબ જ વિચિત્ર વાતની ખબર પડે છે. ઈસ્લામમાં વિધવાને તેનો યોગ્ય અને વાસ્તવિક અધિકાર આપ્યો છે એટલું જ નહીં પરંતુ વિધવા સંબંધિત સમાજમાં ફેલાયેલી જુદા જુદા પ્રકારની અવધારણાઓનો અંત અને સમાપન પણ કર્યું. ઈસ્લામી શિક્ષાઓમાં મહિલાને એક સ્વતંત્ર વ્યક્તિત્વ અને અસ્તિત્વ માનવામાં આવ્યું છે. તે કોઈ બીજી વ્યક્તિને આધીન નથી. તેની



**ઈસ્લામની ઝલક**

**- પ્રો. અફઝલ વાસે**

આ સ્વાધીનતા લગ્ન પૂર્વે પણ સુનિશ્ચિત અને સ્થાપિત છે તથા ત્યારબાદ પણ અને પતિનું મૃત્યુ નિપજ્યા બાદ પણ આમાં કોઈપણ પ્રકારનો ઘટાડો થતો નથી. મહિલા સ્વાધીનતાની આ ઘોષણા દ્વારા ઈસ્લામે ભૂતકાળની તમામ અવધારણાઓનો અંત લાવી દીધો. જે મહિલાઓ ખાસ કરીને વિધવાઓ સાથે સંબંધિત હતી. માનવ સમાજમાં પોતાના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત આ જોયું કે વિધવાઓને પાપી અને તુચ્છ સમજી શકાય એટલું જ નહીં પરંતુ વિધવાની સાથે સાથ-સહયોગ પૂરો પાડવાની વાત ઈસ્લામમાં કહેવામાં આવી છે અને તેમને પણ અન્ય વ્યક્તિની અનુરૂપ સમાજમાં રહેવા તથા જીવવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

ઈસ્લામમાં વિધવાઓને આ વાતનો પણ અધિકાર આપવામાં આવ્યો છે કે પોતાના પતિના મૃત્યુ બાદ તે ઈચ્છે તો બીજા લગ્ન કરી શકે છે. ઈસ્લામે આ વાત માટે ફકત પ્રોત્સાહિત નથી કર્યા પરંતુ અંતિમ પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબે પોતાના જીવનથી આનું ક્રિયાત્મક સ્વરૂપ પણ રજૂ કર્યું. મોહમ્મદ (સ.અ.વ.) સાહેબે પોતાના ક્રિયાત્મક જીવનથી વિધવા લગ્નને પ્રોત્સાહન આપીને વિધવાઓને ફકત તેમના સામાજિક અધિકાર અપાવ્યા એટલું જ નહીં પરંતુ તે ઘણા બધા દુષ્કર્મો અને બુરાઈઓનો અંત પણ લાવી દીધો. જે સમાજમાં ઉત્પન્ન થવાના હતા.

આ જ પ્રકારે ઈસ્લામે વિધવાને તેના પતિની સંપત્તિમાં બાળકોની સાથે ઉત્તરાધિકાર અને ભાગીદાર પણ બનાવી જેથી કરીને પતિના મૃત્યુ બાદ વિધવાનું ભરણપોષણ થઈ શકે. પતિના મરણોપરાંત પણ તેની વિધવા આર્થિક સ્વરૂપે સશકત બની શકે અને તેને કોઈને પણ આધીન ન રહેવું પડે તથા કોઈની સમક્ષ હાથ ફેલાવવા માટે વિવશ બનવું ન પડે. ઈસ્લામ દ્વારા વિધવા સંબંધી આપવામાં આવેલ આ જ નિયમો, દિશા-નિર્દેશો અને ધારણાઓનું જ પરિણામ હતું કે માનવ સમાજમાંથી આ તમામ બુરાઈઓનો ધીમે ધીમે અંત આવ્યો. જેમાં માનવ સમાજ સદીઓથી લિપ્ત અને ગ્રસ્ત હતો. ઉદાહરણ તરીકે ભારતીય સતી પ્રથા કહી શકાય. વર્તમાન યુગમાં પણ વિધવા સંબંધી આ ઈસ્લામી શિક્ષાઓને ઉચિત અને વાસ્તવિક સ્વરૂપ ક્રિયાત્મક અને પ્રાયોગિક ચહેરો આપવામાં આવે તો કફત માનવ સમાજને ઘણી સમસ્યાઓથી બચાવી શકાય છે એટલું જ નહીં પરંતુ આના દ્વારા મહિલા સશક્તિકરણનું મહત્ત્વપૂર્ણ કાર્ય પણ થશે.

**(લેખક ડૉ. ઝાકીર હુસૈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈસ્લામિક સ્ટડીઝના ડાયરેક્ટર છે.)**

# સુરતમાં રાશનકાર્ડ કેવાયસીની કામગીરી ગોકળગાયની ગતિએ થતાં કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

## પોલીસે વિરોધ કરી રહેલા કોંગ્રસના નેતાઓ સહિત કાર્યકર્તાઓની અટકાયત કરી : લોકોને પડતી હાલાકીનો ત્વરિત ઉકેલ આવે અને કામગીરી ઝડપથી થાય તેવી માંગ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

હાલમાં શહેરના તમામ ઝોન પુરવઠા ઓફિસમાં રાશન કાર્ડની કેવાયસીની કામગીરીને પગલે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વહેલી સવારથી ઝોન ઓફિસે પહોંચતા નાગરિકોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ પણ કેવાયસી માટે ધરમધક્કા ખાવાની નોબત આવી રહી છે. આ સમસ્યાને ધ્યાને રાખીને આજે દરેક ઝોનમા આવેલી પૂરવઠા ઓફિસ ખાતે કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા વિરોધ પ્રદર્શન સાથે ધરણાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને પગલે એક તબક્કે વાતાવરણ ઉગ્ર બનતાં પોલીસ દોડતી આવી હતી. સુરતમાં હાલ પુરવઠા વિભાગ દ્વારા રેશન કાર્ડ સાથે આધારકાર્ડ લિંક અપડેટ કરવા તેમજ કેવાયસીની કામગીરી ચાલી રહી છે. જો કે, આ કામગીરી ગોકળગાયની ગતિએ ધીમી ચાલી રહી છે. જેથી ઘણા ગરીબ લોકો પોતાને મળતા લાભથી વંચિત રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. મોટા ભાગના ઝોન પુરવઠા ઓફિસમાં કેવાયસી કામગીરીમાં ભારે ધાંધિયા અનેભ્રષ્ટાચારના આક્ષેપો ઉઠી રહયા છે. અધિકારીઓની મંથરગતિની કામગીરી અને એજન્ટ પ્રથાના વિવાદ વચ્ચે નાગરિકોને ભારે હેરાનગતિનોસામનો કરવો પડી રહ્યો છે. મોટા ભાગે લોકો નોકરી-રોજગારી પર રજા મૂકીને કેવાયસી માટે આખો દિવસ પુરવઠા ઓફિસે લાઈનમાં ઊભા રહેવાનો વારો આવે છે. પુરવઠા વિભાગની ઝોન ઓફિસોમાં કેવાયસી માટે રોજેરોજ ૫૦૦થી વધુ રાશનકાર્ડ ધારકો આવતાં હોવા છતાં માત્ર ૧૦૦ જેટલા જ રાશનકાર્ડ ધારકોની કેવાયસીની કામગીરી કરવામાં આવે છે. જેને કારણે વહીવટી તંત્રની મંથરગતિની કામગીરીને કારણે લોકોમાં ભારોભાર રોષ જોવા મળી રહયો છે. આ સ્થિતિને પગલે આજરોજ પૂર્વ કોર્પોરેટર અને સામાજીક અગ્રણી અસલમ સાયકલવાલા સહિતના કોંગ્રેસી આગેવાનો દ્વારા પુરવઠા ઓફિસે વિરોધ પ્રદર્શન અને ધરણાં પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો-નેતાઓની હાજરીને પગલે દોડતી થઈ પોલીસ દ્વારા તમામની અટકાયત કરવામાંઆવી હતી. આ અંગે કોંગ્રેસના કલ્પેશ બારોટે જણાવ્યું હતું કે, લોકોને પોતાનો કામ ધંધો છોડી કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. છતા કામ થતું નથી. લોકોને પડતી હાલાકીનો ત્વરિત ઉકેલ આવે અને કામગીરી ઝડપથી થાય તેવી માંગ સાથે સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તમામ પુરવઠા ઝોન ઓફિસ ખાતે પ્રતિક ધરણા રાખવામાં આવ્યા છે.

# સુરત : રિંગરોડની માર્કેટના કાપડના વેપારીએ રૂા.૨૪.૨૮ લાખની ઠગાઈ કરી

(સંવાદદતા દ્વારા) સુરત, તા.૨૧

રિંગરોડની એસ.ટી.એમ માર્કેટમાં ઈસ્મીતા ફેશનના પ્રોપરાઈટરે દલાલ સાથે મળી સચીન જીઆઈડીસીના વેપારી પાસેથી રૂપિયા ૨૪.૧૮ લાખનો સાડીનો માલ ઉધારમાં ખરીદ્યા બાદ પેમેન્ટ નહી આપી રાતોરાત ભાડાની દુકાનને તાળા મારી ઉઠમણુ કરી રફુચક્કર થઈ ગયો છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ મૂળ અમરેલીના વતની હાલ સરથાણા યોગીચોક શ્રી વિલા બંગ્લોઝમાં રહેતા ૩૪ વર્ષીય દિનેશ ભુપતભાઈ માંડલીયા સચીન જીઆઈડીસીમાં રોડ નં-૪૩-બી બ્લોકસી-૧, પ્લોટ નં-૪૩૦૪/૧૦ ખાતે નિલકંઠ ટેક્ષટાઈલ, શ્રીજી ટેક્ષટાઈલ અને ચેતના ટેક્ષટાઈલ ફર્મના નામે ધંધો કરે છે. દિનેશભાઈ પાસેથી ૮ નવેમ્બર ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં રિંગ રોડ એસ.ટી.એમ માર્કેટમાં ઈસ્મીતા ફેશનના પ્રોપરાઈટર પુર્બારામ ઉર્ફે પુરુરામ પુષ્પારામ (રહે, રંગ અવધુત સોસાયટી, પરવત પાટીયા)એ રિંગ રોડ ખાતે સાકી ફેશનના નામે દલાલીનું કામ કરતા દલાલ મહેશકુમાર જયનારાયણ ચાંડક મારફતે સમયસર પેમેન્ટ આપી દેવાની લલચામણી અને લોભામણી વાતો કરી વિશ્વાસમાં લઈ કુલ રૂપિયા ૨૪,૧૮,૨૯૬ના મત્તાનો ફિનીશ સાડીનો મલ ઉધારમાં ખરીદ્યો હતો. નક્કી કરેલ સમય મર્યાદામાં પૂર્બારામ અને દલાલ મહેશકુમાર દ્વારા પેમેન્ટ ચૂકવવામાં નહીં આવતા તેઓએ પેમેન્ટની ઉઘરાણી માટે ફોન કરતા પેમેન્ટ આપી દેવાના ખોટા વાયદાઓ આપી સમય પસાર કર્યા બાદ પુર્બારામએ મોબાઈલ અને ભાડાની દુકાન બંધ કરી રફુચક્કર થઈ ગયો હતો .બીજી બાજુ દલાલ મહેશકુમારે પણ પૈસા આપવા માટે હાથ ખંખેરી લીધા હતા. જેથી દિનેશભાઈને તેમની સાથે ઠગાઈ કરવામાં આવ્યુ હોવાનો ખ્યાલ આવતા સચીન જીઆઈડીસી પોલીસમા ફરિયાદ નોંધાવી હતી.પોલીસે બંને સામે ગુનો દાખલ આગળની તાપસ હાથ ધરી છે.

# સુરતમાં વ્હાઈટ લાઈટ લગાવીને ફરતા વાહનચાલકો સામે પોલીસની કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

સુરત શહેરમાં પોતાના વાહનો ઉપર વાઈટ લાઈટ લગાડીને ફરતા વાહનચાલકો વિરૂદ્ધ ડીસીપી વિજય સિંહ ગુર્જર દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી .પોલીસે ૨૦ જેટલા વાહનચાલકો પાસેથી દંડ લેવાની સાથે એમવી એક્ટ મુજબ કાર્યવાહી કરી જાણકારી આપી માહિતગાર કરવામાં આવ્યા હતા. ડીસીપી-ઝોન ૪ વિજય સિંહ ગુર્જર અને તેમની ટીમ દ્વારા વાહનોમાં અલગથી લગાવવામાં આવતા વાઈટ પ્રોજેક્ટર લાઈટ વાળા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. વાહનો ઉપર પ્રોજેક્ટર લાઈટ લગાવીને ફરતા ૨૦ જેટલા વાહનચાલકો પાસેથી પ્રતિ વાહન પેટે ૫૦૦ રૂપિયાનો દંડ પોલીસે વસૂલ કર્યો હતો. આ અંગે ડીસીપી વિજય સિંહ ગુર્જરે જણાવ્યું હતું કે શહેરમાં પોતાના વાહનો ઉપર વાઈટ લાઈટ લગાવીને ફરતા વાહનચાલકો સામે એમવી એક્ટ મુજબ દંડની કાર્યવાહી કરવામાં આવી હતી. વાઈટ લાઈટને કારણે સામેથી આવતા અન્ય વાહન ચાલકને કંઈ દેખાય નહીં અને તેમની આંખો અંજાય જાય તેમજ થોડા સમય સુધી આંખોમા અંધારૂં છવાય જાય છે. જેને કારણે એક્સીડેન્ટ થવાની સંભાવના અને ખતરો ઊભો થાય છે. જેથી પહેલી વાર સુરત શહેરમાં આવા લાઈટ લગાડીને ફરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. એમવી એક્ટ મુજબ આવી લાઈટ પોતાના વાહનો ઉપર લગાવી એ ગેરકાયેદસર ગણાય છે. એટલું જ નહીં પણ મોટાભાગના વાહન ચાલકોને આ અંગે ખબર જ નથી. અવેરનેસના અભાવે પણ તેઓ આ પ્રકારની લાઈટ લગાવીને વાહન ચલાવતા હોય છે. જેથી વાહન ચાલકોમાં અવેરનેસ આવે તેવું પણ જરૂરી છે.

**હદીસ બોધ**

જલદી ક્ષમા આપવી એ સજ્જનનું લક્ષણ છે.
(હદીસ બોધ)

**બોધ વચન**

સંસાર એક મોટો ગ્રંથ છે, પરંતુ જે વાંચી શકાતો નથી તેના માટે તે નિરર્થક છે. -ગોલ્ડોની

**આજની આરસી**

૨૨ નવેમ્બર શુક્રવાર ૨૦૨૪
૧૯ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૬
કારતક વદ સાતમ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૩૪
ખત્મે ઝવાલ ૧૨-૨૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૭
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૪

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**દિલ સોઝસે ખાલી હૈ, નિગાહ પાક નહીં હૈ**
**ફિર ઈસમેં અજબ કયા કિ તૂ બેબાક નહીં હૈ.**

તારૂં દિલ અલ્લાહની ઈબાદત માટે વ્યાકુળ નથી, તું ઈમાન ઉપર અડગ નથી. તેથી આશ્ચર્ય નથી કે તું હિંમતવાન, નીડર નથી બની શકતો, અસત્ય, બેઈમાની અને જુલ્મ સામે તું ઝુકી જાય છે.

-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# ઓડિશામાં આદિવાસી મહિલા પર હુમલો, તેના મોંમાં માનવ મળ બળજબરીથી નાખવામાં આવ્યો : પોલીસ

## મહિલાએ તેની ખેતીની જમીન પર ટ્રેક્ટર ચલાવતા તેના પાકને નુકસાન પહોંચાડતા પુરૂષને ઠપકો આપ્યો હતો

## ૨૦ વર્ષીય યુવતીને બચાવવા ગયેલી તેની કાકી સાથે પણ કથિત રીતે મારપીટ કરવામાં આવી હતી

(એજન્સી)

ભુવનેશ્વર, તા.૨૧

ઓડિશાના બોલાંગીર જિલ્લામાં ૨૦ વર્ષીય આદિવાસી મહિલા પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો અને તેના મોંમાં માનવ મળ નાખવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું કે, આ ઘટના ૧૬ નવેમ્બરે બાંગમુંડા પોલીસ સ્ટેશન વિસ્તારના જુરાબંધ ગામમાં બની હતી. આરોપી, એક બિન-આદિવાસી પુરૂષ, મહિલાની ખેતીની જમીન પર ટ્રેક્ટર ચલાવતો હતો, જેનાથી પાકને નુકસાન થતું હતું, જેનો તેણે વિરોધ કર્યો હતો. એફઆઈઆર મુજબ આરોપીએ પછી તેના પર હુમલો કર્યો અને તેના મોંમાં માનવ મળ નાખ્યું હતું. જ્યારે તેની કાકી તેને બચાવવા ગઈ ત્યારે તેના પર પણ આરોપીઓએ હુમલો




કર્યો હતો. ભુવનેશ્વરમાં એક પત્રકાર પરિષદને સંબોધતા બીજેડીના સાંસદ નિરંજન બીસીએ આરોપ લગાવ્યો કે પોલીસે આરોપીઓ સામે કોઈ કાર્યવાહી કરી નથી, જેનાથી આદિવાસીઓ નારાજ છે. તેમણે કહ્યું કે, જો બાંગમુંડામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડે તો રાજય સરકાર જવાબદાર હશે. બોલાંગીરના પોલીસ અધિક્ષક ખિલારી ઋષિકેશ જ્ઞાનદેવે મીડિયાને જણાવ્યું કે, આરોપી ઘટના બાદથી ફરાર છે. એસપીએ જણાવ્યું હતું કે, "અમે તેને પકડવા માટે બે વિશેષ ટીમો બનાવી છે. તેની શોધમાં પડોશી રાજયોમાં પણ પોલીસ ટીમો મોકલવામાં આવી છે." તેમણે કહ્યું કે, તેઓ આશાવાદી છે કે આરોપીઓની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. અન્ય એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

# બિહાર : CM નીતિશકુમાર ૨૩ નવેમ્બરે સુધા ડેરી પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરશે, દલિત વસ્તીની પણ મુલાકાત લેશે; તૈયારીઓ પૂરજોશમાં

(એજન્સી) તા.૨૧

ગોપાલગંજ જિલ્લાના કટ્યા બ્લોકના બૈરિયામાં ૨૩ નવેમ્બરે મુખ્યમંત્રી નીતિશ કુમારના આગમનની વ્યાપક તૈયારીઓ ચાલી રહી છે. આ સંબંધમાં ભોર વિધાનસભાના ધારાસભ્ય અને બિહારના શિક્ષણ પ્રધાન સુનિલ કુમારે બૈરિયામાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સ દ્વારા મુખ્ય પ્રધાનની મુલાકાત વિશે વિગતવાર માહિતી આપી હતી. શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ૨૩ નવેમ્બરે બખરિયામાં સુધા ડેરી પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરશે. આ ડેરી પ્લાન્ટ દરરોજ એક લાખ લિટર દૂધનું ઉત્પાદન કરશે. આનાથી ગોપાલગંજના વિજયપુર, કાતેયા, ભોર અને પંચદેવરી વિસ્તારો તેમજ ઉત્તર પ્રદેશના દેવરિયા અને કુશીનગર જિલ્લાના લોકોને ફાયદો થશે. તેમણે કહ્યું કે, આ વિસ્તારમાં દૂધના વધતા વપરાશને જોતા ભવિષ્યમાં પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા વધારી શકાય છે. આ ઉપરાંત મુખ્યમંત્રી કાટૈયા પાસે આવેલી દલિત વસાહતની મુલાકાત લેશે અને જનતા સાથે



સંવાદ કરશે. આ વિસ્તાર માટે આ કાર્યક્રમ ઐતિહાસિક બની રહેશે, કારણ કે મુખ્યમંત્રી પ્રથમ વખત બખરિયાની ધરતી પર આવી રહ્યા છે. મુખ્યમંત્રીની આ મુલાકાતથી વિસ્તારનો વિકાસ થશે અને લાંબા સમયથી ઉપેક્ષિત આ વિસ્તારની દિશા અને દશા સુધરશે તેવી પ્રજાને આશા છે. શિક્ષણ મંત્રીએ એમ પણ કહ્યું કે, સરકાર વિસ્તારના આર્થિક અને સામાજિક વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ગાય ઉછેરને પ્રોત્સાહન આપવા સબસિડી પર લોનની સુવિધા આપવામાં આવશે. તેનાથી ખેડૂતો અને ગ્રામજનોની આર્થિક સ્થિતિમાં સુધારો થશે. મંત્રીએ આ વિસ્તારમાં રૂા.૧૨૭ કરોડના ખર્ચે નિર્માણ થનારા સબગ્રીડ પાવર સબસ્ટેશનની પણ ચર્ચા કરી, જેનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. પ્રેસ કોન્ફરન્સમાં હથુઆના એસડીઓ અભિષેક કુમાર ચંદન, વિજયપુરના સીઓ વેદપ્રકાશ નારાયણ અને જેડીયુ બ્લોક પ્રમુખ નિતેન્દ્ર રાય સહિત ઘણા અગ્રણી નેતાઓ અને અધિકારીઓ હાજર હતા.

# "હિંદુ ધર્મમાં કોઈ દલિત નથી, દરેકને પૂજારી બનવાનો અધિકાર હોવો જોઈએ": બાગેશ્વર બાબાનું આચાર્યોને આહ્‌વાન

(એજન્સી) તા.૨૧

બાગેશ્વર બાબાના નામથી પ્રખ્યાત ધીરેન્દ્ર શાસ્ત્રીએ તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું, જેમાં તેમણે દલિતો અને આદિવાસી સમુદાયના લોકોને હિંદુ મંદિરોમાં પૂજારી તરીકે સ્થાન આપવાની હિમાયત કરી હતી. તેમનું કહેવું છે કે સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવા અને ધર્મની એકતાને સાકાર કરવા માટે આ પગલું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

**દલિતો અને આદિવાસીઓને પૂજારી બનાવવાની અપીલ**

બાગેશ્વર બાબાએ તમામ શંકરાચાર્યો અને આચાર્યોને મંદિરોમાં દલિત અને નીચલી જાતિના પૂજારી બનાવવાની વ્યવસ્થા શરૂ કરવા માટે આહ્‌વાન કર્યું છે. તેમનું માનવું છે કે, હિંદુ ધર્મમાં કોઈ પણ જાતિ કે વર્ગના લોકો પછાત નથી અને જો દેશના તમામ લોકો હિંદુ છે તો દરેકને પૂજારી બનવાનો અધિકાર મળવો જોઈએ.

**હિંદુ ધર્મમાં દરેકને સમાન અધિકાર છે**



ધીરેન્દ્ર શાસ્ત્રીએ કહ્યું, "અમે એ નથી કહી રહ્યા કે કોણ પૂજારી બનવું જોઈએ, બલ્કે અમે કહી રહ્યા છીએ કે આ દેશમાં ન તો દલિત છે, ન પછાત છે, ન તો બહારના લોકો છે. દરેક વ્યક્તિ પૂજારી બની શકે છે. જ્યારે આપણે હિંદુ ધર્મને દરેક માટે સમાન ગણીએ છીએ, તો પછી દલિત કોણ બાકી, કોણ પછાત રહ્યું ? તેમનું માનવું છે કે જો દરેક હિન્દુ છે તો દરેકને મંદિરોમાં પૂજારી બનવાનો અધિકાર મળવો જોઈએ.

**સમાજમાં સંવાદિતાની જરૂર છે**

બાગેશ્વર બાબાએ કહ્યું કે, તેઓ શંકરાચાર્ય અને આચાર્યોને પ્રાર્થના કરે છે કે તેઓ આ વ્યવસ્થા પર વિચાર કરે અને તેને લાગુ કરવાની દિશામાં પગલાં ભરે. તેમનો ઉદ્દેશ્ય સમાજમાં સમાનતા અને સંવાદિતાને પ્રોત્સાહન આપવાનો છે. તે ઈચ્છે છે કે કોઈપણ જાતિ, વર્ગ કે ધર્મની વ્યક્તિને મંદિરોમાં પૂજા કરવાનો અધિકાર મળવો જોઈએ, જેથી સમાજમાં ભેદભાવ ખતમ થઈ શકે.

**ધર્મની એકતા તરફ પગલું**

બાગેશ્વર બાબાએ પણ પુનરોચ્ચાર કર્યો હતો કે જ્યારે દરેક હિંદુ છે, તો મંદિરોમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ ન થવો જોઈએ. આ પગલું માત્ર ધાર્મિક દૃષ્ટિકોણથી જ મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ તેનાથી સમાજમાં સમાનતા અને ભાઈચારાને પણ પ્રોત્સાહન મળશે. ધીરેન્દ્ર શાસ્ત્રીનું આ નિવેદન સમાજમાં એક નવી દિશા તરફ ઈશારો કરે છે. તેમણે હિંદુ ધર્મમાં તમામ જાતિ અને વર્ગના લોકોને સમાન અધિકાર આપવાની વાત કરી છે અને ધર્મના માર્ગે ચાલતી વખતે કોઈપણ પ્રકારનો ભેદભાવ ન કરવો જોઈએ તેવો સંદેશ આપ્યો છે.

## પ્રતિષ્ઠિત બોર્ડર-ગાવસ્કર ટ્રોફીનો પર્થમાં આજથી પ્રારંભ

# ઓસ્ટ્રેલિયામાં સિરીઝ જીતની હેટ્રિક માટે ભારત તૈયાર

પર્થ, તા.૨૧

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ મેચ આવતીકાલથી પર્થમાં શરૂ થશે. આ સિરીઝ પર દુનિયાભરના પ્રશંસકોની નજર હશે. કારણ કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ફાઈનલની રેસની બે સર્વશ્રેષ્ઠ ટીમો વચ્ચે ટક્કર થવાની છે. ભારત પાસે ઓસ્ટ્રેલિયામાં સિરીઝ જીતવાની હેટ્રિક લગાવવાની સુવર્ણ તક છે. આ સિરીઝ જીતવા પર ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ફાઈનલની રેસમાં જળવાઈ રહેશે. ઓસ્ટ્રેલિયાની નજર લાંબા સમય બાદ ઘરઆંગણે સિરીઝ જીતવા પર હશે. રોમાંચક બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ પર્થના ઓપ્ટસ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. આ મેચ માટે ઘણી હાઈપ છે. પ્રશંસકથી લઈ ખેલાડી દરેક વ્યક્તિ પર્થ ટેસ્ટ માટે એક્સાઈટેડ છે. ટીમ ઈન્ડિયા માટે પ્રથમ ટેસ્ટ પહેલા થોડી પરેશાની જરૂર થોડી મોટી છે. કપ્તાન રોહિત શર્મા હાલમાં જ બીજી વાર પિતા બન્યો છે. જેના કારણે હાલ તે મુંબઈમાં છે. આવામાં તે પ્રથમ ટેસ્ટ ગુમાવશે. બીજી બાજું સ્ટાર ટોપ ઓર્ડર બેટસમેન શુભમન ગિલ પણ ઈજાગ્રસ્ત છે. આ બધા છતાં ટીમ ઈન્ડિયા ફોકસ કરી પર્થ ટેસ્ટ જીતી સિરીઝની સારી શરૂઆત કરવા માંગશે. જો કે પિચ ટીમ ઈન્ડિયાની ચિંતા વધારી શકે છે. પર્થના ઓપ્ટસ ક્રિકેટ સ્ટેડિયમની પિચ ઝડપી બોલરો માટે ઘણી મદદગાર સાબિત થશે. ત્યાંનો બાઉન્સ અને ઝડપ બોલરોના પક્ષમાં રહેશે. એવું કહેવાઈ રહ્યું છે કે પ્રથમ ટેસ્ટ મેચ દરમ્યાન ઓવરકાસ્ટ કન્ડિશન રહી શકે છે. જેના પગલે ઝડપી બોલરોને વધારે મદદ મળી શકે છે. બેટસમેન આ પિચ પર સંઘર્ષ કરતા દેખાશે. બેટસમેનોએ ખૂબ જ ધ્યાનપૂર્વક આ પિચ પર બેટિંગ કરવી પડશે. પર્થના આ મેદાન પર અત્યાર સુધી કુલ ચાર મેચ રમાઈ છે. ચારેય મેચ પ્રથમ બેટિંગ કરનારી ટીમે જીત્યા છે. આ આંકડા દર્શાવે છે કે જેમ જેમ રમત આગળ વધતી જશે તેમ તેમ પિચ બેટિંગ માટે વધારે મુશ્કેલ થતી જશે. આવામાં જે પણ ટીમ ટોસ જીતશે તે પહેલા બેટિંગ કરવાનું પસંદ કરશે. ચારેય ઈનિંગોમાં પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં એવરેજ સ્કોરની વાત કરીએ તો પ્રથમ ઈનિંગમાં ૪૫૬, બીજી ઈનિંગમાં ૨૫૦, ત્રીજી ઈનિંગમાં ૨૧૮ અને ચોથી ઈનિંગમાં ૧૮૩ રન છે.




# મુંબઈને ફટકો, કપ્તાન હાર્દિક પર પ્રથમ મેચ માટે પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય ટીમના સ્ફોટક ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા એક દિવસ પહેલા જ ICCની ટી-૨૦ રેન્કિંગમાં નંબર વન ઓલરાઉન્ડર બની ગયો છે. આ ખુશીના એક દિવસ બાદ બીજા એક સમાચાર આવે છે, જે ના ફક્ત હાર્દિક પંડ્યા માટે પણ મુંબઈ ઈન્ડિયન્સ માટે પણ મોટો ફટકો છે. ઓક્શનની તૈયારીમાં લાગેલી ટીમને ટુર્નામેન્ટ શરૂ થવા પર પ્રથમ મેચમાં કપ્તાનનો સાથ મળશે નહીં. હાર્દિક પંડ્યા શરૂઆતની મેચ રમી શકશે નહીં. હવે એક મેચ માટે મુંબઈએ બીજા કોઈને કપ્તાન બનાવવો પડશે. હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સનો કપ્તાન હતો. ટીમે પોતાની



અંતિમ મેચ લખનૌ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ પોતાના હોમ ગ્રાઉન્ડ વાનખેડે સ્ટેડિયમમાં રમી હતી. ટીમ પોતાની ઓવર નિર્ધારિત સમયે પૂરી કરી શકી ન હતી. આ રીતે બીસીસીઆઈના નિયમ અનુસાર હાર્દિક પંડ્યાને એક મેચના પ્રતિબંધનો સામનો કરવો પડ્યો.

## ન્યુઝીલેન્ડ સિરીઝનો બોજ લઈને અહીંયા આવ્યા નથી

# શમીભાઈ જલ્દી ઓસ્ટ્રેલિયા આવશે કપ્તાન બુમરાહે આશા વ્યક્ત કરી

પર્થ, તા.૨૧

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શુક્રવારથી પર્થમાં શરૂ થઈ રહેલી પ્રથમ ટેસ્ટમાં જસપ્રીત બુમરાહ કેપ્ટનશીપ કરતો દેખાશે. કપ્તાન રોહિત શર્મા પ્રથમ ટેસ્ટ માટે ઉપલબ્ધ નથી. જે ૧૫ નવેમ્બરે બીજી વાર પિતા બન્યો છે. રોહિત એડીલેડ ટેસ્ટ મેચની સાથે સિરીઝમાં પુનરાગમન કરી શકે છે. આ ઉપરાંત સિનિયર ઝડપી બોલર મોહમ્મદ શમી ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝ દરમ્યાન ટીમ ઈન્ડિયામાં પુનરાગમન કરી શકશે કે નહીં તેને લઈ સસ્પેન્સ યથાવત્ છે. જો કે બુમરાહે તેને લઈ મહત્ત્વનું અપડેટ આપ્યું છે. મેચના એક દિવસ પહેલા થયેલી પ્રેસ કોન્ફરન્સમાં જયારે બુમરાહને શમીની ફિટનેસ પર અપડેટ પૂછવામાં આવ્યું




તો તેણે કહ્યું કે શમીભાઈએ ક્રિકેટ રમવાનું શરૂ કરી દીધું છે અને તે આ ટીમનો મહત્ત્વનો હિસ્સો છે. મને પૂરી આશા છે કે મેનેજમેન્ટ તેના ઉપર નજર રાખી રહ્યા છે. આશા કરીએ કે વસ્તુઓ ઠીક રહે અને બની શકે કે તમે તેને ઓસ્ટ્રેલિયામાં જોઈ શકો. અમુક મીડિયા રિપોર્ટસમાં દાવો કરાયો હતો કે કપ્તાન રોહિત શર્મા અને શમી સાથે ઓસ્ટ્રેલિયા માટે રવાના થશે અને એડીલેડ ટેસ્ટ પહેલાં ટીમ ઈન્ડિયા સાથે જોડાશે. પ્રથમ ટેસ્ટ મેચ ૨૨ નવેમ્બરે રમાશે. જયારે બીજી ટેસ્ટ મેચ ૬ ડિસેમ્બરે રમાશે. આવામાં પ્રથમ અને બીજી ટેસ્ટ મેચ વચ્ચે ઘણો લાંબો ગેપ છે. એડીલેડમાં રમાનારી સિરીઝની બીજી ટેસ્ટ મેચ ડે-નાઈટ હશે. બુમરાહે કહ્યું કે જયારે તમે જીતો છો તો શૂન્યથી શરૂઆત કરો છો પણ જયારે હારો છો ત્યારે પણ આવું જ થાય છે. અમે ભારતથી કોઈ બોજ લઈને આવ્યા નથી. ન્યુઝીલેન્ડ સિરીઝમાંથી અમે બોધપાઠ લીધો છે પણ અહીંયાની પરિસ્થિતિ અલગ છે અને અહીં અમારા પરિણામ અલગ રહ્યા છે.

## ટીમ ઈન્ડિયાને દબાણમાં લાવવા ઓસી. મીડિયાનો પેંતરો

# શાસ્ત્રીની પ્રશંસા અને ગંભીર પર હુમલો

પર્થ, તા.૨૧

જ્યારે પણ ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે હોય છે તો ત્યાંના પૂર્વ ક્રિકેટર, હાલના ક્રિકેટર અને મીડિયા ટીમ ઈન્ડિયા પર ચારેબાજુથી દબાણ બનાવવાનો પ્રયાસ કરે છે. તે મોટાભાગના સમયે આમાં સફળ થઈ જાય છે પણ ગત બે સિરીઝમાં યજમાનોને ઘૂંટણીયે પડવું પડ્યું છે. આવામાં આ દબાણમાંથી નીકળવા માટે તેમણે ભારત વિરુદ્ધ જૂનો પેંતરો અજમાવવાનું શરૂ કરી દીધું છે. તેમણે હવે ખેલાડીઓને છોડીને કોચ ગૌતમ ગંભીરને ટાર્ગેટ કરવાનો પ્રયાસ કર્યો છે. ઓસ્ટ્રેલિયન મીડિયાએ કહ્યું કે, ભારત આ વખતે પાગલપણું કરી રહ્યું છે. તેણે રવિ શાસ્ત્રીની પ્રશંસા કરી પણ ગંભીર પર નિશાન સાધ્યું છે. ઓસ્ટ્રેલિયન મીડિયાને આ વાતથી તકલીફ થઈ કે ભારતીય ટીમે અનેક દિવસ સુધી WACAમાં બંધ દરવાજાની પાછળ પોતાની પ્રેક્ટિસ કરી. એમાં કોઈને પણ જવાની મંજૂરી ન હતી. ત્યાં સુધી કે ઓસ્ટ્રેલિયન અને ભારતીય મીડિયાને પણ દૂર રખાયા છે. જો કે, ભારતીય ટીમ માટે આ કોઈ નવી વાત નથી. આનો ઉલ્લેખ ઓસ્ટ્રેલિયાના પૂર્વ ક્રિકેટર ડેવિડ વોર્નરની પત્નીએ ફોક્સ ક્રિકેટ પર કહ્યું કે, ભારત આવું કરતું રહ્યું છે. તે આઈપીએલમાં પણ આ જ રણનીતિ અપનાવે છે. તેમણે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ક્રિકેટર રાઈટર રોબર્ટ ક્રેડોકની વાત પર પોતાનો મત રજૂ કર્યો હતો. ક્રેડોકે કહ્યું કે, ભારતને અહિંયા આવવાને એક સપ્તાહ થઈ ગયો અને તેઓ એક શબ્દ પણ બોલ્યા નથી. તેમણે ગંભીર પર નિશાન સાધતા કહ્યું કે, મેં અત્યાર સુધી કોઈ ટીમને અહિંયા આવી ઓસ્ટ્રેલિયાને હરાવતા જોઈ નથી. ગત બે વખત જયારે ભારત અહિંયા આવ્યું હતું ત્યારે રવિ શાસ્ત્રીએ ટીમને કોચિંગ આપ્યું હતું. તેમને ઓસ્ટ્રેલિયાથી પ્રેમ હતો. તેમને ચેપલ સાથે પ્રેમ હતો, તેમને બહાર જવાનું પસંદ હતું અને તે ટીમને પોતાની સાથે લઈને આવ્યા હતા. તમે તેમને રાત્રે આઉટિંગ કરતા જોશો અને આ જ વલણના કારણે તેમણે ઓસ્ટ્રેલિયામાં બે ટેસ્ટ સિરીઝ જીતી. તેમને ઓસ્ટ્રેલિયાનો ડર ન હતો. હાલના કોચ ગૌતમ ગંભીરના નેતૃત્વમાં આ થોડું અલગ છે. મને નથી લાગતું કે, તે ખેલાડીઓની વચ્ચે શાસ્ત્રી જેટલા લોકપ્રિય છે અને આ લાંબા પ્રવાસમાં ઘણું મહત્ત્વ ધરાવે છે.

# રોહિત શર્મા પર્થ ટેસ્ટ દરમ્યાન ટીમ ઈન્ડિયા સાથે જોડાશે

પર્થ,તા.૨૧

ભારતીય કપ્તાન રોહિત શર્મા ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ પાંચ મેચોની ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચમાં રમશે નહીં પણ બીજી મેચમાં તે ટીમનું નેતૃત્વ કરતો દેખાશે તે પ્રથમ ટેસ્ટ મેચ દરમ્યાન ટીમ સાથે જોડાશે. રિપોર્ટ અનુસાર રોહિત શર્મા પર્થમાં ૨૪ નવેમ્બરે ભારતીય ટીમમાં સામેલ થશે. પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે રોહિત ભારતીય ટીમ સાથે દેખાશે. રિપોર્ટ અનુસાર તેણે બીસીસીઆઈના અધિકારીઓને સૂચિત કરી દીધા છે કે તે રવિવારે ટીમમાં સામેલ થશે. રોહિતની ગેરહાજરીમાં બુમરાહ ટીમનું નેતૃત્વ કરશે. ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૨૦૨૨ની એજબેસ્ટન ટેસ્ટ બાદ તે બીજીવાર રોહિત શર્માની ગેરહાજરીમાં કપ્તાન હશે. બીજી ટેસ્ટમાં એકવાર ફરી રોહિત કેપ્ટનશીપ કરશે બીજી ટેસ્ટ ૬ ડિસેમ્બરે શરૂ થશે. જે ડે-નાઈટ હશે. બીજા બાળકના જન્મના કારણે રોહિત ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ પ્રથમ ટેસ્ટ ગુમાવશે તેણે ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ ટેસ્ટ સિરીઝમાં થયેલી હાર બાદ ઘરે રોકાવાનો નિર્ણય કર્યો હતો. અને ટીમ ઈન્ડિયા સાથે ઓસ્ટ્રેલિયા પ્રવાસે ગયો ન હતો રોહિતની સાથે સાથે શુભમન ગિલનું પણ પર્થ ટેસ્ટમાંથી બહાર થવું લગભગ નક્કી છે તે વાકામાં સ્લિપમાં લો કેચ ઝડપવાના પ્રયાસમાં ઈજાગ્રસ્ત થઈ ગયો હતો.

**આ બાળકના માતા-પિતા કોણ છે?**



**ધવલ રંગીત બારીયા**

**ઉંમર - ૧૪ વર્ષ**

બાળ કલ્યાણ સમિતિ-મુંબઈ શહેર ૨ સંબંધિત બાળકને ચિલ્ડ્રન એઈડ્સ સોસાયટીની ડેવિડ સસૂન ઈન્ડસ્ટ્રીયલ સ્કૂલ-૮૩,ટી. એચ.કટારિયા માર્ગ, માટુંગા રોડ પ્લાય ઓવર પાસે, માટુંગા રોડ (પ), માહિમ, મુંબઈ-૪૦૦૦૧૬માં તા.૧૬/૦૫/૨૦૨૪ના રોજ પ્રવેશ આપવામાં આવ્યો

**સંપર્ક નંબરઃ- ૯૧૭૨૨૪૭૦૧૪ ૮૭૭૯૦૨૯૯૦૧**

આ બાળકના માતા-પિતા અથવા સંબંધીઓએ ફોટો પ્રકાશિત થયાના ૩૦ દિવસની અંદર નીચેના સરનામે સંપર્ક કરવો.

**બાલ આશા ટ્રસ્ટ**

આનંદ નિકેતન, કે.જી.વી.એમ રાખંગી ચોક, ડૉ.ઈ.મોસેસ રોડ, મહાલક્ષ્મી મુંબઈ-૪૦૦ ૦૧૧
ફોન ૭૨૭૬૦૨૪૬૪૬/ ૯૯૩૦૯૮૬૪૦૦

અથવા

**મહિલા અને બાળ વિકાસ કમિશનરેટ**

૨૮ ક્વીન્સ ગાર્ડન, પુણે-૦૧

**આ બાળકના કિસ્સામાં બાળ કલ્યાણ સમિતિ કાનૂની નિર્ણય લેશે.**

www.balashatrust.org

**બાલ આશા ટ્રસ્ટ એક માન્ય એનજીઓ છે જે નિરાધાર, ખોવાયેલા અને મળેલા બાળકો માટે છેલ્લાં ૩૯ વર્ષથી દત્તક દ્વારા તેમની સંભાળ અને પુનર્વસન માટે કામ કરે છે.**

## ૪૨ વર્ષ સાથે જેમ્સ એન્ડરસન પ્રથમ સ્થાને

# IPL ઓક્શનમાં ઊતરનારા ૬ સૌથી મોટી ઉંમરના ખેલાડીઓ

નવી દિલ્હી, તા.૨૧ : આઈપીએલ ૨૦૨૫ મેગા ઓક્શનનું આયોજન ૨૪ અને ૨૫ નવેમ્બરે સઉદી અરબના જેદ્દાહ શહેરમાં થવાનું છે. ઓક્શનમાં ઊતરનારા ૬ સૌથી મોટી ઉંમરના ખેલાડીઓ પર નજર કરીએ.

- **જેમ્સ એન્ડરસન :-** ઈંગ્લેન્ડનો દિગ્ગજ ઝડપી બોલર જેમ્સ એન્ડરસન આગામી ઓક્શનમાં સૌથી મોટી ઉંમરનો ખેલાડી હશે. તેની ઉંમર હાલ ૪૨ વર્ષની છે. તેની બેઝ પ્રાઈઝ ૧.૨૫ કરોડ રૂપિયા છે. એન્ડરસન પહેલીવાર આઈપીએલ હરાજીમાં ભાગ લઈ રહ્યો છે.
- **જેમી ઓવરટન :-** ઈંગ્લેન્ડનો ઓલરાઉન્ડર જેમી ઓવરટને ઓક્શન માટે પોતાને ૧.૫ કરોડમાં રજિસ્ટર્ડ કરાવ્યો છે. તેની ઉંમર ૪૧ વર્ષની છે. તે બોલિંગની સાથે-સાથે સિક્સર મારવા માટે જાણીતો છે. ઓવરટન ક્યારેય આઈપીએલમાં રમ્યો નથી.
- **ફાફ ડુ પ્લેસિસ :-** ૪૦ વર્ષીય ફાફ ડુ પ્લેસિસ પણ હરાજીમાં નસીબ અજમાવતો દેખાશે. દ.આફ્રિકાના પૂર્વ દિગ્ગજ ક્રિકેટરે ત્રણ સિઝનમાં આરસીબીની કેપ્ટનશીપ કરી છે. ડુ પ્લેસિસની બેઝ પ્રાઈઝ બે કરોડ રૂપિયા છે.
- **મોહમ્મદ નબી :-** મોહમ્મદ નબી આઈપીએલમાં ૨૪ મેચ રમી ચૂક્યો છે. ૪૦ વર્ષીય અફઘાની ઓલરાઉન્ડરે પોતાને ૧.૫ કરોડમાં રજિસ્ટર્ડ કરાવ્યો છે. તે સનરાઈઝ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સનો હિસ્સો રહ્યો છે.
- **અશ્વિન :-** ભારતના સ્પિનર અશ્વિનની બેઝ પ્રાઈસ બે કરોડ રૂપિયા છે. ૩૮ વર્ષીય અશ્વિનને રાજસ્થાન રોયલ્સે રિલીઝ કરી દીધો હતો. તે આઈપીએલમાં પાંચ ટીમો માટે ૨૧૨ મેચ રમી ચૂક્યો છે.
- **ડેવિડ વોર્નર :-** ઓસ્ટ્રેલિયાનો સ્ફોટક બેટ્સમેન ડેવિડ વોર્નર પણ ઓક્શનમાં ઊતરશે. ૩૮ વર્ષીય વોર્નરને દિલ્હી કેપિટલ્સે રિટેન કર્યો નથી. તેણે આઈપીએલમાં ૧૮૪ મેચ રમી છે.

# વડાપ્રધાન મોદીને નિજ્જરની હત્યાના 'ષડયંત્ર' વિશે જાણકારી હતી : કેનેડિયન મીડિયા રિપોર્ટ

**● વિદેશ મંત્રાલયે વળતો પ્રહાર કરતાં કહ્યું કે, આવા 'આક્ષેપોના અભિયાન'થી બંને દેશો વચ્ચે પહેલેથી જ વણસેલા સંબંધોને વધુ નુકસાન પહોંચશે ● વિદેશ મંત્રાલયે અખબાર દ્વારા કરવામાં આવેલા આરોપો પર પ્રતિક્રિયા આપી અને આવા મીડિયા અહેવાલોને 'હાસ્યાસ્પદ' ગણાવ્યા છે**

(એજન્સી) તા.૨૧

કેનેડાના એક અગ્રણી અખબારે અહેવાલ આપ્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી શીખ અલગતાવાદી નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યાના કથિત કાવતરાથી વાકેફ હતા. કેનેડિયન નાગરિક નિજ્જરની ગયા વર્ષે જૂનમાં બ્રિટિશ કોલંબિયાના સરેમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જસ્ટિન ટ્રુડો સરકારે આ ઘટનામાં ભારતીય એજન્ટોની સંભવિત સંડોવણીનો આરોપ મૂક્યો હતો, જેના કારણે બંને દેશો વચ્ચે રાજદ્વારી વિવાદ થયો હતો. નવી દિલ્હીએ નિજ્જરની હત્યામાં કોઈ સંડોવણી હોવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. કેનેડાના એક અનામી રાષ્ટ્રીય સુરક્ષા અધિકારીએ ગ્લોબ એન્ડ મેલને જણાવ્યું હતું કે કેનેડિયનોને ખાતરી છે કે નિજ્જરની હત્યાનું કાવતરું કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા રચવામાં આવ્યું હતું. વડા પ્રધાન મોદી, વિદેશ પ્રધાન એસ. જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીતડોવલને આ વિશે જાણ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે કેનેડિયન મૂલ્યાંકન એ છે કે ભારતમાં ત્રણ વરિષ્ઠ રાજકીય વ્યક્તિઓએ આગળ વધતા પહેલા શ્રી મોદી સાથે લક્ષ્યાંકિત હત્યાઓ અંગે ચર્ચા કરી ન હોય તે અકલ્પ્ય છે. ભારતે આ અખબારના અહેવાલ પર વળતો પ્રહાર કરતા કહ્યું કે આવા "આક્ષેપોની ઝુંબેશ" બંને દેશો વચ્ચે પહેલાથી જ વણસેલા સંબંધોને વધુ નુકસાન પહોંચાડશે. અમે સામાન્ય રીતે મીડિયા અહેવાલો પર ટિપ્પણી કરતા નથી. જો કે, કેનેડાના સરકારી સ્ત્રોત દ્વારા કથિત રીતે અખબારને આપવામાં આવેલા આવા હાસ્યાસ્પદ નિવેદનોને તિરસ્કાર સાથે રદ કરવા જોઈએ. ગયા વર્ષે જસ્ટિન ટ્રુડોએ કહ્યું હતું કે નિજ્જરની હત્યા સાથે ભારત સરકારના એજન્ટો જોડાયેલા છે એવી વિશ્વસનીય ગુપ્તચર માહિતી છે તે પછી ભારત-કેનેડાના સંબંધોમાં તણાવ આવ્યો હતો. ગયા મહિને કેનેડાએ આ ઘટનામાં ભારતીય હાઈ કમિશનરની સંડોવણીનો આક્ષેપ કર્યા પછી રાજદ્વારી તણાવ



વધુ વધ્યો હતો, નવી દિલ્હી તરફથી તીવ્ર પ્રતિક્રિયા આપવામાં આવી હતી. ભારતે કેનેડાના છ રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા અને ઓટ્ટાવાના આરોપોને ફગાવી દીધા પછી કેનેડામાંથી તેના હાઈ કમિશનરને પાછા ખેંચવાની જાહેરાત કરી હતી.

ભારત સરકારે બુધવારે કેનેડિયન અખબારના અહેવાલને રદિયો આપ્યો હતો જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના કાવતરાથી વાકેફ હતા. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં આવા મીડિયા અહેવાલોને હાસ્યાસ્પદ ગણાવ્યા છે.

જો કે આ રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કેનેડા પાસે પીએમ મોદી વિરૂદ્ધ આ દાવાને સમર્થન આપતા કોઈ પુરાવા નથી. ગયા વર્ષે, ભારત-કેનેડાના રાજદ્વારી સંબંધો અભૂતપૂર્વ રીતે ખરાબ થયા હતા કારણ કે ટ્રુડોએ નિજ્જરની હત્યા સાથે ભારત સરકારના એજન્ટોને જોડતી વિશ્વસનીય ગુપ્તચર માહિતી આપી હતી. ભારતે કોઈપણ સંડોવણીનો સખત ઈનકાર કર્યો છે, અને આ દાવાઓને પાયાવિહોણા અને રાજકીય રીતે પ્રેરિત ગણાવીને ફગાવી દીધા છે.

# પેટાચૂંટણીની ૧૫ બેઠકોમાંથી ૮ બેઠકો પર મતદાનમાં ગેરરીતિ અને પોલીસની નિર્દયતા સાથે ઉપદ્રવ; ઉત્તરપ્રદેશમાં મુસ્લિમ મતદારોનો મતાધિકારનું ઉપયોગ કરતાં રોકવામાં આવ્યા

(એજન્સી) તા.૨૧

૧૫ પેટાચૂંટણી બેઠકોમાંથી ૮ પર મતદારોના દમન અને છેડછાડને કારણે ઉત્તર પ્રદેશમાં ૭ બેઠકો પર ન્યાયી મતદાન પ્રથાનું સ્પષ્ટ ઉલ્લંઘન થયું છે અને પોલીસ મુસ્લિમ મતદારોને મત આપવાનો ઈન્કાર કરતી જોવા મળી હતી. પંજાબના ડેરા બાબા નાનકમાં AAP અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. યુપીમાં, મતદાનનો અધિકાર માંગી રહેલા મતદારો પર પોલીસે નિર્દયતાથી હુમલો કરતા જોવા મળ્યા હતા. શરૂઆતમાં મૂક પ્રેક્ષક બનેલી ECI પર આખરે વિપક્ષ દ્વારા મતદારોને અવરોધવા અને મતપત્રોની ચકાસણી કરવા બદલ ૭ અધિકારીઓને સસ્પેન્ડ કરવા દબાણ કરવામાં આવ્યું હતું.

બુધવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ઉત્તર પ્રદેશ, પંજાબ, કેરળ અને ઉત્તરાખંડની ૧૫ વિધાનસભા બેઠકો માટેની પેટાચૂંટણીમાં ૫૦%થી વધુ મતદાન નોંધાયું હતું. ખાસ કરીને ઉત્તરપ્રદેશમાં નવ વિધાનસભા બેઠકો માટેની પેટાચૂંટણીમાં મતદાન ધીમી ગતિએ જોવા મળ્યું હતું.

સબરંગ ઈન્ડિયાએ ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ઉત્તરપ્રદેશના મીરાપુર, કુંડારકી અને સિસામાઉ વિધાનસભા મતવિસ્તારમાં મતદાર દમનની બહુવિધ ઘટનાઓ નોંધી હતી. ૧૫ બેઠકો માટેની પેટાચૂંટણી સાંજે ૬ વાગ્યે પૂર્ણ થતાં, ૧૫માંથી ૮ બેઠકો પર મતદાન અધિકારોનું ઉલ્લંઘન જોવા મળ્યું હતું. ઉત્તર પ્રદેશની ૯ બેઠકોમાંથી ૭ બેઠકોના અહેવાલો ખાસ કરીને ચિંતાજનક હતા, જ્યાં મુસ્લિમ મહિલાઓને કથિત રીતે તેમની ધાર્મિક ઓળખના આધારે મત આપવાનો અધિકાર નકારવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર સેંકડો વીડિયો સામે આવ્યા છે, જે આ ઉલ્લંઘનોને ઉજાગર કરે છે અને ચૂંટણીની નિષ્પક્ષતા અંગે ચિંતાઓ ઉભી કરે છે. આ ઉપરાંત પંજાબની ડેરા બાબા નાનક સીટ પર AAP અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું.

સપાના વડા અખિલેશ યાદવે મીરાપુરના કાકરૌલીનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં એક પોલીસ અધિકારીને મહિલાઓ પર બંદૂક તાકી રહ્યો છે. તેમણે ચૂંટણી પંચને ટેગ કરીને કાકરૌલી એસએચઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની વિનંતી કરી. તેમણે અધિકારી પર આરોપ લગાવ્યો કે તેઓ મતદારોને રિવોલ્વર બતાવીને તેમને વોટ આપવાથી રોકે છે.

અખિલેશ યાદવે અન્ય એક વીડિયો પણ શેર કર્યો હતો જેમાં બુરખા પહેરેલી મહિલાઓએ દાવો કર્યો હતો કે પોલીસ દ્વારા તેમને મતદાન મથક સુધી પહોંચતા અટકાવવામાં આવી રહી છે. ઈબ્રાહિમપુરમાં, મુસ્લિમ મહિલાઓને દુર્વ્યવહારનો સામનો કરવો પડ્યો અને તેમને મત આપવાનો અધિકાર નકારવામાં આવ્યો. તેમના સત્તાવાર એક્સ હેન્ડલ પર ચિંતા વ્યક્ત કરતા યાદવે ચૂંટણી પંચને આ ઘટના માટે જવાબદાર સ્ટેશન હાઉસ ઓફિસર (એસએચઓ) સામે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી. ચોંકાવનારી વાત એ છે કે, આંબેડકર નગરની કથેરી વિધાનસભાના બૂથ નંબર ૬૫ પર મતદારોને પણ પોલીસ દ્વારા મતદાન કરતા અટકાવવામાં આવ્યા હતા.

ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજના આદેશમાં સ્પષ્ટ થયા મુજબ મતદારોના આઈડી અને સ્લિપ તપાસવાનો કાનૂની આદેશ પ્રિસાઈડિંગ ઓફિસર અને તેમની ટીમ પાસે છે, જ્યારે યુપીમાં મતદાન મથકો પર તૈનાત પોલીસ કર્મચારીઓએ આનું સ્પષ્ટ ઉલ્લંઘન કર્યું હતું. મતદાનના દિવસે એટલે કે ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ પોલીસ કર્મચારીઓએ મતદારો, ખાસ કરીને મુસ્લિમ મતદારોએ તેમના આઈડી બતાવવાની માંગ કરી. ઘણાને બળજબરીથી દૂર કરવામાં આવ્યા હતા અને મતદાન મથક તરફ આગળ વધતા અટકાવવામાં આવ્યા હતા.

બુધવારે, સમાજવાદી પાર્ટી (SP) એ કુંડારકી વિધાનસભા બેઠક પર ફરીથી મતદાન માટે હાકલ કરી હતી, જેમાં કપટપૂર્ણ મતદાન અને ચોક્કસ સમુદાયના મતદારોને મતદાન મથકો સુધી પહોંચતા અટકાવવાના ઈરાદાપૂર્વકના પ્રયાસનો આરોપ લગાવ્યો હતો. સમાજવાદી પાર્ટી (SP)ના ઉમેદવાર મોહમ્મદ રિઝવાને ચૂંટણી પંચને પત્ર લખીને ચૂંટણી રદ કરવાની વિનંતી કરી છે. રિઝવાને દાવો કર્યો હતો કે વહીવટીતંત્ર સપા સમર્થકોને મતદાન કરતા સક્રિયપણે અટકાવી રહ્યું છે.

રિઝવાને દાવો કર્યો હતો કે એસપીના સમર્થકો અને અન્ય મતદારો પર ધાકધમકી અને અવરોધના અહેવાલો સાથે પોલીસ અત્યાચારો કરવામાં આવ્યા હતા. ઉમેદવારના મતે, સ્થાનિક વહીવટીતંત્ર સક્રિયપણે સમાજવાદી પાર્ટીના સમર્થકોને તેમના મતના અધિકારનો ઉપયોગ કરતા અટકાવી રહ્યું હતું અને ધમકી આપી રહ્યું હતું.

**ECI એ આ ઉલ્લંઘન બદલ યુપીમાં ૭ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કર્યા છે**

X અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અસંખ્ય વિડિયો ફરતા હોવા છતાં, ભારતીય ચૂંટણી પંચ (ECI) શરૂઆતમાં મૌન રહ્યું હતું. અંતે વિરોધના દબાણનો સામનો કર્યા પછી, ઈસીઆઈ એ આખરે કાર્યવાહી કરી અને સાત પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા, જેમાં ત્રણ મુરાદાબાદના, બે કાનપુરના અને બે મુઝફ્ફરનગરના હતા. આ વિડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે કેવી રીતે સમાજવાદી પાર્ટી (SP)ને સમર્થન આપતા મતદારો સાથે વહીવટીતંત્ર દ્વારા કથિત રીતે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો.

એક નિવેદનમાં, મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિડવાએ સ્પષ્ટતા કરી કે મતદાન દરમિયાન ગેરરીતિની ફરિયાદોના જવાબમાં પાંચ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મતદાન કરવા માટે આવનારા તમામ મતદારોનું આઈડી વેરિફિકેશન કરવામાં આવશે, પરંતુ આ જવાબદારી ફક્ત મતદાન મથકના કર્મચારીઓની છે. પોલીસ અધિકારીઓ આઈડી તપાસવા માટે અધિકૃત નથી, અને કોઈપણ પોલીસ કર્મચારી



આ કાર્ય કરતા જણાય તો તેને કડક કાર્યવાહીનો સામનો કરવો પડશે. પંજાબની ૪ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં, સાંજે ૫ વાગ્યા સુધીમાં એકંદરે સરેરાશ ૫૯.૬૭% મતદાન થયું હતું. વ્યક્તિગત બેઠકો માટે મતદાન નીચે મુજબ હતું: ડેરા બાબા નાનકમાં ૫૯.૮%, ચબ્બેવાલ (SC)માં ૪૮.૦%, ગિદ્દરબાહામાં સૌથી વધુ ૭૮.૧% અને બરનાલામાં ૫૨.૭% મતદાન નોંધાયું હતું. મોટાભાગના વિસ્તારોમાં ચૂંટણી શાંતિપૂર્ણ રીતે ચાલી રહી હતી, ત્યારે ગુરદાસપુરના ડેરાપઠાના મતદાન મથક પર AAP અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી, જેનાથી થોડી ક્ષણોમાં તણાવ સર્જાયો હતો. આમ છતાં પેટાચૂંટણી શાંતિપૂર્ણ રહી હતી.

**પલક્કડ (કેરળ) પેટાચૂંટણીમાં મતદાન ૫૦%ને પાર**

પલક્કડ પેટાચૂંટણીમાં મતદાન મથકો પર ૧,૯૪,૭૦૬ નોંધાયેલા મતદારોમાંથી ૧,૨૮,૪૮૪ મત સાથે, મતદાન ૬૫.૯૮% પર પહોંચી ગયું હતું. મતવિસ્તારના ૧,૦૦,૨૯૦ મહિલા મતદારોમાંથી, ૬૬,૧૬૨ પહેલેથી જ તેમના મત આપી ચૂક્યા છે, જે ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી દર્શાવે છે. મતદાનનો સમયગાળો પૂરો થતાં અંતિમ મતદાન વધવાની ધારણા છે.

**કેદારનાથમાં સાંજે ૫ વાગ્યા સુધી ૫૬.૭૮% મતદાન નોંધાયું હતું**

ઉત્તરાખંડના મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર સાંજે ૫ વાગ્યા સુધીમાં કેદારનાથ પેટાચૂંટણીમાં મતદાન ૫૬.૭૮% પર પહોંચી ગયું હતું. મતદાન સવારે ૮ વાગ્યે શરૂ થયું અને સાંજે ૬ વાગ્યે પૂર્ણ થયું. જો કે, વરિષ્ઠ એડવોકેટ પ્રશાંત ભૂષણે આઈડી તપાસવામાં, ગેરકાયદેસર રીતે પોલીસ દખલની ટીકા કરી હતી, તેમણે કહ્યું હતું કે આજે મતદાનમાં પોલીસની દખલગીરીના ઘણા વિશ્વસનીય અહેવાલો છે. પોલીસ આઈડી કાર્ડ ચેક કરવાની આડમાં લઘુમતીઓને મતદાન કરતા અટકાવી રહી છે.

આ ઉલ્લંઘનો માટે ચૂંટણી પંચના વિલંબિત પ્રતિસાદને કારણે તેની નિષ્પક્ષતા અને લોકોના વિશ્વાસને વધુ નુકસાન થયું છે. ૨૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ, તમામ ૧૫ પેટાચૂંટણી બેઠકો માટેના પરિણામો જાહેર કરવામાં આવશે. ત્યારબાદ ૨૩ નવેમ્બરના રોજ સવારે ૮ વાગ્યે મતગણતરી શરૂ થાય તે પહેલા ECI દ્વારા મતવિસ્તાર મુજબના વાસ્તવિક મતદાનના આંકડાઓ છુપાવવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે અને હવે મતગણતરી પ્રક્રિયાની અખંડિતતા પર નજર છે.

# મહારાષ્ટ્રના એક્ઝિટ પોલ અંગે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોલેની પ્રતિક્રિયા, પરાજયની આગાહી થઈ પણ અમે ચોક્કસપણે વિજય મેળવીશું

(એજન્સી) મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રમાં મતદાન પછી જાહેર થયેલા એક્ઝિટ પોલના કારણો ભાજપ પ્રેરિત મોરચા માટે બહુમતીની આગાહી કરી રહ્યા છે ત્યારે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોલેએ વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં વિપક્ષ મહાવિકાસ અઘાડીની હવે સરકાર રચાશે અને અમારા જોડાણના મુખ્યમંત્રી ૨૫ નવેમ્બરે



**ભાજપના મિલિન્દ દેવરાને પણ એટલો જ વિશ્વાસ છે કે શાસક મહાયુતિ જોડાણનો જ વિજય થશે**

શપથ ગ્રહણ કરશે. એક્ઝિટ પોલમાં NDAનો વિજય અથવા તો ત્રિશંકુ ધારાસભા અંગેના તારણો વિશે પૂછવામાં આવતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું હતું કે ગયા વખતે હરિયાણામાં કોંગ્રેસનો વિજય થવાનું એક્ઝિટ પોલ કહેતા હતા પણ એ ખોટા પડ્યા છે તેઓ અહીં અમારા પરાજયની આગાહી કરી રહ્યા છે પણ અમે ચોક્કસ પણે વિજય મેળવી.

વિજયનો આટલો જ વિશ્વાસ ભાજપના મિલિન્દ દેવરા પણ વ્યક્ત કરી રહ્યા છે. દેવરાએ કહ્યું હતું કે હું નંબરની રમતમાં ઊતરવા માંગતો નથી પણ અમે ચોક્કસપણે વિજય મેળવવાના છીએ અને મારા આ વિશ્વાસનું કારણ એ છે કે લોકસભા ચૂંટણીઓમાં પીછેહઠ થયા પછી મહારાષ્ટ્રમાં શાસક મહાયુતિ દ્વારા પ્રયાસો કરવામાં કોઈ કચાસ રાખવામાં આવી નથી અને અમે તમામ મુદ્દાઓ પર તકેદારી રાખી છે અને પીછેહટમાંથી બહાર નીકળ્યા છીએ. જોકે નાના પટોલે ભાજપના દાવાને નકારી કાઢે છે. શું ભાજપનો દાવો વાજબી છે અને લોકસભામાં થયેલી પીછેહટ કામચલાઉ હતી એવો પ્રશ્ન થતા નાના પટોલેએ કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીઓમાં અહીં નરેન્દ્ર મોદી પણ સફળ થયા નહીં તો એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ જેવા શું કરી શકશે ? તેમણે દાવો કર્યો હતો કે એકલા વિદર્ભ વિસ્તારમાં કોંગ્રેસને ૩૫ બેઠકો મળશે જ્યારે જોડાણને સૌથી વધુ બેઠકો મળશે અને આ પ્રદેશની ૬૨માંથી કમસે કમ ૪૮થી ૫૦ બેઠકો જોડાણને મળશે.

કોંગ્રેસના જોડાણમાં કોંગ્રેસ એકલા હાથે ૧૦૩ બેઠકો પર લડી છે અને ઉદ્ધવ ઠાકરે શિવસેનાએ ૮૯ બેઠકો તથા શરદ પવાર એનસીપી દ્વારા ૮૭ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા હતા. મહારાષ્ટ્રમાં બહુમતી માટે ૧૪૫ બેઠકો જીતવી જરૂરી છે.

# મહારાષ્ટ્ર ચૂંટણી : ૭૦૭ કરોડની રકમ જપ્ત, ૧૦,૧૩૪ ફરિયાદોનો નિવેડો

**મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા મતવિસ્તારો માટે બુધવારે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યાની વચ્ચે મતદાન થયું હતું, શનિવારે પરિણામ જાહેર થશે**

(એજન્સી) મુંબઈ, તા.૨૧

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટેના મતદાન સંહિતા વચ્ચે રોકડ, દારૂ અને અન્ય વસ્તુઓની જપ્તીની કિંમત રૂા.૭૦૭ કરોડની છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)ના કાર્યાલય દ્વારા શેર કરવામાં આવેલી માહિતી મુજબ ૧૫ ઓક્ટોબરથી ૨૦ નવેમ્બરની વચ્ચે સી-વિજિલ એપ દ્વારા નોંધાયેલી પોલ કોડના ઉલ્લંઘનની ૧૦,૧૩૯ ફરિયાદોમાંથી ૧૦,૧૩૪ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.



સી-વિજિલ એપ નાગરિકોને આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘનની જાણ કરવાની મંજૂરી આપે છે. એકવાર ફરિયાદ નોંધાયા પછી, ચૂંટણી અધિકારીઓ તપાસ કરે છે અને યોગ્ય પગલાં લે છે.

સીઈઓના કાર્યાલયે જણાવ્યું હતું કે, ૧૫ ઓક્ટોબરથી રાજ્ય અને કેન્દ્રીય એજન્સીઓએ અમલીકરણ પ્રવૃત્તિઓના ભાગરૂપે રૂા. ૭૦૬.૯૮ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. આમાં ગેરકાયદેસર રોકડ, દારૂ, માદક દ્રવ્યો અને કિંમતી ધાતુઓનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા મતવિસ્તારો માટે બુધવારે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યાની વચ્ચે મતદાન થયું હતું. શનિવારે પરિણામ જાહેર થશે.

# અમદાવાદ અને મુંબઈ નહીં ! તાજમહેલ ભારતની ૨૦૩૬ ઓલિમ્પિક બીડના કેન્દ્રમાં રહી શકે છે, યજમાન શહેર હશે : અહેવાલ

(એજન્સી) તા.૨૧

૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સને આડે હજી ૧૨ વર્ષ છે, પરંતુ એનું યજમાન કયો દેશ બનશે એ થોડા સમયમાં નક્કી થઈ જશે, કારણકે ભારત પણ વિશ્વના આ સૌથી મોટા રમતોત્સવના આયોજન માટેનો દાવો કરી રહ્યું છે. અત્યાર સુધી ૨૦૩૬ની ઑલિમ્પિક્સના આયોજન માટે ભારતના સંબંધમાં ખાસ કરીને અમદાવાદ અને મુંબઈનું નામ ચર્ચાતું હતું, પરંતુ એક અહેવાલ એવો આવ્યો છે કે જો ભારતને યજમાનપદ મળશે તો આ બન્ને શહેરોને બાજુ પર રાખીને દિલ્હી તથા ખાસ કરીને તાજમહલ બદલ જગવિખ્યાત આગ્રા શહેરને યજમાન બનાવવામાં આવશે એવી સંભાવના છે. ભારતે ૨૦૩૬ની સમર ઑલિમ્પિક્સ તથા દિવ્યાંગ ઍથ્લીટો માટેની પૅરાલિમ્પિક્સ પોતાને ત્યાં યોજવા ઈચ્છા બતાવી છે એને પગલે આ બે મેગા ઈવેન્ટના આયોજન માટેના સંભવિત શહેરોના નામ પર ચર્ચા થઈ રહી છે. ૨૦૩૬ની ઑલિમ્પિક્સ માટે હમણાં સુધી અમદાવાદ તથા મુંબઈના નામ સૌથી વધુ ચર્ચામાં રહ્યા છે. અમદાવાદમાં ૧.૩૨ લાખ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ ધરાવતું ક્રિકેટજગતનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ બન્યું હોવાથી ગુજરાતના આ અગ્રગણ્ય શહેરમાં ઑલિમ્પિક્સ લાવવામાં આવશે એવી વાતો ચર્ચાતી હતી. મુંબઈ દેશની આર્થિક રાજધાની છે એટલે એનું નામ પણ અગ્રેસર હતું. જોકે એવું મનાય છે કે ભારતનો ઑલિમ્પિક્સના ૨૦૩૬ની સાલના આયોજનનો દાવો જો સ્વીકારાશે તો કેટલાક કારણોસર



આ મહાસ્પર્ધા માટે દિલ્હી-એનસીઆર અને આગ્રા પર કળશ ઢોળવામાં આવશે. પહેલી વાત એ છે કે દિલ્હી દેશનું પાટનગર છે. બીજું, દિલ્હી-એનસીઆર અને આગ્રાને પસંદ કરવામાં આવે તો દેશ-વિદેશના પર્યટકોના આગમન માટે ચાર ઍરપોર્ટ તૈયાર છે. ત્રીજું, ઍથ્લીટો અને ખેલાડીઓના રહેવાની તથા તાલીમી-કેન્દ્રો સહિતનું ઑલિમ્પિક વિલેજ ઊભું કરવા આ પ્રદેશોમાં પુષ્કળ ખાલી જમીન પડી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૦માં કૉમનવેલ્થ ગેમ્સ દિલ્હીમાં યોજાઈ હતી. ચોથું કારણ એ છે કે જો ઑલિમ્પિક્સ આગ્રાના તાજમહલની આસપાસના પ્રદેશમાં રાખવામાં આવે તો વિદેશથી મોટી સંખ્યામાં પર્યટકોને ભારતમાં આકર્ષી શકાય જેનાથી કેન્દ્ર સરકારની તિજોરીને કરોડો રૂપિયાની આવક થઈ શકે.

# જવાહરલાલ નેહરૂ ફેલોશિપ ટેક્નોલોજી ઓફ ધ સેલ્ફ પર સંશોધન માટે ભંડોળ પૂરૂં પાડશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ડૉ. અરૂંધતી મુખરજીને ૧૪ નવેમ્બર ૨૦૨૪ના રોજ ભારતના પ્રથમ વડાપ્રધાનની ૧૩૫મી જન્મજયંતિ પર જવાહરલાલ નેહરૂ મેમોરિયલ ફંડ દ્વારા ઓફર કરવામાં આવતા ૨૦૨૪ના જવાહરલાલ નેહરૂ ફેલોશિપ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ગ્રાન્ટ ડૉ. મુખરજીને તેમના નવીનતમ પ્રોજેક્ટ પર કામ કરવાની મંજૂરી આપશે, જેનું શીર્ષક છે ટેક્નોલોજી ઑફ સેલ્ફ: અ ફિલોસોફિકલ ક્લૂ ટુ રિ-હ્યુમનાઈઝેશન. પંડિત જવાહરલાલ નેહરૂની ૧૪૫મી જન્મજયંતિ નિમિત્તે જવાહરલાલ નેહરૂ મેમોરિયલ ફંડના વહીવટી સચિવ એન. બાલકૃષ્ણ દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝમાં આ જાહેરાત કરવામાં આવી હતી. પ્રકાશન અનુસાર, ડૉ.મુખરજીએ કોલકાતાની જાદવપુર યુનિવર્સિટીમાંથી ફિલસૂફીમાં ડોક્ટરેટની પદવી મેળવી છે. તેઓ છેલ્લાં ૧૪ વર્ષથી સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા છે અને ભારતીય ફિલોસોફિકલ રિસર્ચ



કાઉન્સિલમાં વરિષ્ઠ ફેલો તરીકે સેવા આપી રહ્યા છે. તેણીએ પહેલાંથી જ ભાષાના ફિલસૂફી અને કલા અને સૌંદર્ય શાસ્ત્રના ફિલસૂફીના ક્ષેત્રોમાં વ્યાપક સંશોધનનું નામ આપ્યું છે. એક પ્રશંસનીય લેખક, તેમના નોંધપાત્ર પ્રકાશનોમાં તેમના કેટલાક સંશોધન પત્રો ઉપરાંત ધી પ્રોબ્લેમ ઓફ લિંગ્વિસ્ટિક યુનિવર્સલ્સ (એલાઈડ પબ્લિશર્સ)નો સમાવેશ થાય છે. જવાહરલાલ નેહરૂ ફેલોશિપ બે વર્ષના સમયગાળા માટે આપવામાં આવે છે, જેમાં માસિક ૧ લાખ રૂપિયાનું સ્ટાઈપેન્ડ અને ૭૫,૦૦૦ રૂપિયાની વાર્ષિક આકસ્મિક અનુદાન આપવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા શેર કરાયેલા નિવેદન મુજબ, ડૉ. મુખરજી આજની તારીખમાં આ ફેલોશિપ ધરાવતા ૧૬૨ સન્માનિત ઉમેદવારોમાંના નવીનતમ છે.

# વડોદરા : બાઈકની ચોરી કર્યા બાદ વાહનમાલિકોને પોલીસની ઓળખ આપી રૂપિયા ઉઘરાવતો ઠગ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૧

ગુજરાત રાજયના અલગ અલગ જિલ્લાઓમાંથી વાહનોની ચોરી કર્યા બાદ તેના માલિકોનો મોબાઈલ નંબર શોધી કાઢતો હતો. ત્યારબાદ વાહન માલિકને પોલીસની ખોટી ઓળખ આપી વાહનના બદલામાં રૂપીયાની ઉઘરાણી કરતો હતો. ત્યારે વાહનચોરી અને ઠગાઈના આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ગોલ્ડન ચોકડી પાસેથી ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ચોરીની ૬ બાઈક અને મોબાઈલ મળી રૂા.૧.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. આણંદ જિલ્લાના ચીખલીયા ગામ ખાતે રહેતો સંજય હરજી વણકર ગુજરાત રાજયના અલગ અલગ જિલ્લા સહિત વડોદરા શહેરમાંથી ટુ વ્હિલર વાહનોની ચોરી કરતો હતો. ત્યારબાદ ચોરી કરેલા વાહન માલિકોના નંબર પણ મેળવી લેતો હતો અને તેમને ફોન કરીને ચોરીમાં ગયેલા વાહન પરત આપવાની વાત કરી તેમની પાસેથી રૂપીયાની ઉઘરાણી કરતો હોવાની માહિતી મળી હતી. જેને લઈને ક્રાઈમ બ્રાન્ચે આરોપીની સી.સી.ટી.વી, ટેકનીકલ અને હ્યુમન સોર્સ આધારે તપાસ શરૂ કરી હતી. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે આવી મોડેસ ઓપરેન્ડી ધરાવનાર સંજય વણકર અવારનવાર ગોલ્ડન ચોકડીથી આવતો જતો હોય છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા ગોલ્ડન ટોલ નાકાથી વડોદરા શહેર તરફ જતા-આવતા રોડ ઉપર સતત પેટ્રોલીંગ કરાતું હતું. દરમિયાન ૨૦ નવેમ્બરના રોજ રાત્રિના સમયે માહિતી મળી હતી કે સંજય વણકર પોતાની બાઈક લઈને ગોલ્ડન ચોકડી પાસે ટોલનાકા ખાતે આવી રહ્યો છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ ટોલ નાકે વોચ ગોઠવી હતી. ત્યારે સંજય વણકર બાઈક લઈને આવ્યો હતો પરંતુ ક્રાઈમ બ્રાન્ચની ટીમને જોઈ પોતાની બાઈક પરત વળાવી ભાગવાનો પ્રયાસ કરતો હોય પોલીસ અને તેના પર શંકા જતા તેને બાઈક સાથે જ દબોચી લીધો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેની પૂછપરછ કરતા ૨૫ દિવસ દરમ્યાન વડોદરા શહેરમાં એસએસજી હોસ્પીટલ, એમ.એસ.યુનિવર્સીટી તેમજ અટલાદરા ઉપરાંત બોડેલી, નડિયાદ, પેટલાદ ખાતેથી મળી ૬ જેટલી બાઈકની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. ઉપરાંત ચોરી કરેલા વાહનના માલિકોને તેણે પોતે પોતાની ઓળખ પોલીસ તરીકેની આપતો હોવાનું જણાવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે તેમની પાસેથી ૬ બાઈક અને મોબાઈલ મળી રૂા.૧.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરા : હત્યાના આરોપી બાબરખાનને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૧

એસએસજી હોસ્પિટલમાં પોલીસની હાજરીમાં જ પૂર્વ કોર્પોરેટરના પુત્રની ઘાતકી રીતે હત્યા કરાઈ હતી. પોલીસે આજે સવારે મુખ્ય આરોપી બાબર ખાન પઠાણને સાથે રાખી હત્યાની સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરાયું હતું. હત્યામાં વપરાયેલું ચાકુ પણ પોલીસે કબજે કર્યું છે. વડોદરા શહેરના નાગરવાડા વિસ્તારમાં જુગાર રમવા બાબતે થયેલી મારામારીમાં બાબર હબીબખાન પઠાણ સહિતના સાગરીતોએ અન્ય યુવકો પર ચાકુ અને લાકડીઓ વડે હુમલો કર્યો હતો. તેથી તેઓને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં હોસ્પિટલના સંકુલમાં પોલીસની હાજરીમાં જ પૂર્વ કોર્પોરેટરના પુત્ર તપન પરમારને ચાકુના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. જેના પગલે પોલીસની એક્શનમાં આવી ગઈ હતી અને મુખ્ય આરોપી બાબરખાન પઠાણ સહિત નવ જેટલા સાગરિતોની અત્યાર સુધીમાં ધરપકડ કરી લેવામાં આવી છે. ત્યારે મુખ્ય આરોપી બાબર હબીબખાન પઠાણને સાથે આજે સવારે પોલીસ દ્વારા સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું. હત્યામાં ઉપયોગમાં લેવામાં આવેલું ચાકુ પણ પોલીસે કબજે કરી લીધું છે.

# આણંદની આઈ.પી. મિશન ગર્લ્સ હાઈસ્કૂલમાં વિદ્યાર્થિનીઓ અને વાલીઓનો હોબાળો

(સંવાદદતા દ્વારા)
આણંદ, તા.૨૧



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

આણંદ શહેરમાં આઈ.પી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષિકા દ્વારા વિદ્યાર્થીનીઓનું વર્ગખંડમાં અપમાન કરી તેમજ અભ્યાસક્રમમાં જટીલ પ્રશ્નોના સોલ્યુસન માટે જતી વિદ્યાર્થીઓને યોગ્ય જવાબ આપવામાં નહી આવતા અને શિક્ષિકા દ્વારા પોતાની તરફેણમાં વિદ્યાર્થીનીઓ પાસે અનુભવો લખાવતા આજે વિદ્યાર્થીનીઓ અને વાલીઓ દ્વારા શાળામાં હોબાળો કરી શિક્ષિકાને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી.

આણંદ શહેરની આઈ.પી પટેલ ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષિકા સંગિતા મેકવાન દદ્વારા અભ્યાસક્રમનાં મુંઝવતા પ્રશ્નોના સોલ્યુસન માટે જતા વિદ્યાર્થીનીઓનું કલાસમાં જાહેરમાં અપમાન કરી તેમજ પ્રશ્નોના સોલ્યુસન નહીં કરાવી ગમે તેમ વર્તન કરતા હોવાનું તેમજ શાળામાં ઈતર પ્રવૃત્તીઓમાં ભાગ લેતા પણ રોકવામાં આવતા હોવાના આક્ષેપ સાથે આજે શાળામાં વિદ્યાર્થીનીઓ અને વાલીઓએ હોબાળો કર્યો હતો, તેમજ શાળાનાં ટ્રસ્ટી મંડળનાં સેક્રેટરી વોલેસ મેકવાનને વિદ્યાર્થીનીઓ દ્વારા લેખીત રજૂઆત કરવામાં આવી હતી.

જયારે શિક્ષિકા સંગિતા મેકવાનએ વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોનો ફગાવવામાં આવ્યા હતા અને ટ્રસ્ટી મંડળના કેટલાક સભ્યો તેઓને હેરાન કરતા હોઈ તેમજ તેઓએ કેટલીક આરટીઆઈ દ્વારા માહિતી માંગી હોઈ ટ્રસ્ટી મંડળના કેટલાક સભ્યોના ઈશારે વાલીઓ અને વિદ્યાર્થીનીઓ દ્વારા તેમનાં પર ખોટા આક્ષેપો કરવામાં આવ્યા છે, જયારે આઈ.પી મિશન ગર્લ્સ હાઈસ્કૂલ મેનેજિંગ કમિટીના સેક્રેટરી વોલેસએ કહ્યું હતું કે શિક્ષિકાને અગાઉ પણ એક વાર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તેમજ વિદ્યાર્થીનીઓ દ્વારા જે ફરિયાદ કરવામાં આવી છે, તેનાં પર મેનેજિંગ કમિટીમાં ચર્ચા કર્યા બાદ પગલા ભરવામાં આવશે. શાળામાં વિદ્યાર્થીનીઓ અને વાલીઓ દ્વારા હોબાળો મચાવવામાં આવતા શાળા સંચાલકો દ્વારા પોલીસ બોલાવી લેવામાં આવ્યો હતો.

## વડોદરામાં દબાણ હટાવો ઝુંબેશ જારી

# ન્યાય મંદિર વિસ્તારમાં દબાણો હટાવાતા સ્થાનિકો સાથે ઘર્ષણ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૧

વડોદરા મહાનગરપાલિકા દબાણ શાખા પોલીસ બંદોબસ્ત સાથે રાખી જૂની ન્યાય મંદિર લેરીપુરા મંગલ બજાર આસપાસના દબાણ દૂર કરવા વહેલી સવારથી જ કામે લાગી હતી. ત્યારે સંવેદનશીલ વિસ્તાર દૂધવાળા મોહલ્લો, સાયકલ બજાર જેવા વિસ્તારમાં પણ દબાણ શાખા દ્વારા રોડ પર લારીગલ્લા દ્વારા કરાયેલા દબાણને દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. રામજી મંદિર બાજુમાં આવેલી ગલીમાં પણ પોલીસ અને દબાણ શાખાની ટીમ પહોંચી વર્ષોથી પડી રહેલા લારી તથા રોડ પર વર્ષોથી દબાણ કરી ધંધો કરનાર લોકોને પણ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ન્યાયમંદિર વિસ્તારમાં દબાણો દૂર કરાતા સમયે સ્થાનિકો સાથે દબાણ શાખાના કર્મચારીઓ સાથે ઘર્ષણ સર્જાયું હતું. વડોદરા શહેર ઝોન શ્રીના કમિશનર લીના પાટીલ પોલીસ સ્ટાફ પાલિકાની દબાણ શાખાની ટીમ સાથે મેદાનમાં ઉતર્યા હતા. અસામાજિક તત્વો દ્વારા દબાણ કરી બેફામ બની મધરાત્રી સુધી લારી ગલ્લા ઉભા કરી દબાણો કરતા હોય છે. ત્યારે આજે લાલ કોર્ટની સામેની આસપાસના વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં પાણીગેટ પોલીસ સ્ટેશનનો સ્ટાફ સીટી પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે રાખી દબાણો દૂર કરાયા હતા. ત્યારે સ્થાનિક રહીશના ટોળે ટોળા જોવા મળ્યા હતા. એક તબક્કે સ્થાનિકો અને દબાણ શાખાના કર્મચારીઓ વચ્ચે બોલાચાલી અને ઘર્ષણ સર્જાયું હતું. દબાણ શાખા દ્વારા વિસ્તારમાં ચા ની લારીઓ, નાસ્તાની લારીઓ, પાનના ગલ્લા ચલાવતા લોકોએ દબાણ કર્યા હતા જે દૂર કરાયા હતા.

# ગિરનાર અંબાજી મંદિરના મહંતની નિમણૂક મુદ્દે સર્જાયેલો વિવાદ : બાપુના પરિજનોની આત્મવિલોપનની ચીમકી

જૂનાગઢ,તા.૨૧

સંત તનસુખગીરી બાપુની અંતિમ ઈચ્છા હતી કે, અંબાજી મંદિર શકિતપીઠનો વહીવટ સરકાર સંભાળે તેવી તેમની ઈચ્છા રહી હતી. અંબાજી મંદિરના મહંત પદનો વિવાદ ઉકળતા ચરૂ જેવો શરૂ થયો છે. ગઈકાલે બાપુના સમાધિસ્થાને ધુળલોટની વિધિ સમયે નવા મહંત તરીકે પ્રેમગીરી મહારાજની નિમણૂક અને તેમની ચાદરવિધિ કરી નાંખવાના પગલે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. ગિરનાર ઉપર બિરાજમાન અંબાજી મંદિરે મહંતપદની નિમણૂક બાબતે જે ખેંચતાણ ચાલી રહી છે. તેને લઈને ભકતોમાં દુ:ખની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ દિવસે દિવસે પેચીદો બની ગયેલા આ પ્રશ્ને જૂનાગઢ કલેકટર તેમજ સરકાર દરમ્યાનગીરી કરે અને કોઈ શિરોમાન્ય ઉકેલ લાવે તેવી લાગણી જોવા મળી છે. હાલ અંબાજી મંદિરના મહંતના નિમણૂક બાબતના મુદ્દે ન્યાય મેળવવા માટે પણ કાનૂની નિષ્ણાતો પાસે માર્ગદર્શન પણ મેળવવામાં આવી રહ્યું છે અને જરૂર પડયે અદાલતના દ્વાર પણ ખખડાવવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. ગિરનાર અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુના નિધન પછી તેમની ધૂળલોટ વિધિ હતી તે સમયે બપોરે અખાડા પરિષદ દ્વારા ગિરનાર મંડળના સંતોની હાજરીમાં તનસુખગીરી બાપુના સમાધી શિષ્ય તરીકે પંચદર્શનામ જૂના અખાડાના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રેમગીરી મહારાજની અંબાજી મંદિરના મહંત તરીકે ચાદર વિધિ કરતા હોબાળો થયો હતો. ત્યારે બ્રહ્મલીન બાપુના પરિવારજનોએ આ નિર્ણયનો વિરોધ કરીને ૨૪ કલાકમાં ન્યાય નહીં મળે તો આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી છે. ભીડભંજન મહાદેવ મંદિરના મહંત તનસુખગીરી બાપુને સમાધી આપવામાં આવી ત્યાં સવારે ૧૧:૩૦ કલાકે સૌ સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ધૂળલોટ વિધિ કરવાની હતી. પરંતુ બપોરના ૧૨:૩૦ સુધી એકપણ સંત આવ્યા ન હતા તે સમયે ગિરનાર મંડળના સંતો અને અખાડા પરિષદના સંતો શક્કરીયા ટીંબા ખાતે એક બેઠક કરી હતી જેમાં હરીગીર મહારાજ, ઈન્દ્રભારતી બાપુ સહિતના સંતો ઉપસ્થિત થતા ત્યાં અંબાજી મંદિરના મહંતના નામ અંગે મંથન કરવામાં આવ્યું હતું અને બાદમાં જયારે ભીડભંજન મહાદેવ મંદિર ધૂળલોટ વિધિ માટે તનસુખગીરી બાપુના સમાધી સ્થળે સૌ સંતો આવ્યા અને ત્યાં ગિરનાર મંડળ દ્વારા અંબાજી મંદિરના મહંત તરીકે પ્રેમગીરી બાપુના નામની ઘોષણા કરીને ચાદર વિધિ કરી હતી. આ તકે ઈન્દ્રભારતી બાપુએ કહ્યું હતું કે, અખાડાની ૧૪ મણી પરંપરા અનુસાર જયારે કોઈ મહંતને શિષ્ય ના હોય તો સમાધી શિષ્ય ઘોષિત કરવામાં આવે છે જેથી સર્વે સંતોના નિર્ણય મુજબ પ્રેમગીરી મહારાજને મહંત તરીકે જાહેર કર્યા છે. આ અંગે જો કોઈ વિવાદ, વિરોધ હોય તો તેનો આખરી નિર્ણય કલેકટર અથવા સરકાર જ લેશે તે માન્ય રાખવામાં આવશે. નવા મહંતના નામની ઘોષણા થતા તનસુખગીરી બાપુના પરિવારના સભ્યોએ આનો ખુબ જ વિરોધ કર્યો હતો અને જેમાં ખાસ કરીને તનસુખગીરી બાપુના ઉત્તરાધિકારી મહંત તરીકે પરિવારના દુષ્યંતગીરી કાંતિગીરી અપારનાથીને મહંત બનાવવામાં આવે તેવી લાગણી સાથે સૌએ વિરોધ કર્યો અને તેઓ મહંત તરીકે પ્રેમગીરીને સ્વીકારવા તૈયાર નથી અને બીજા મહંત આવશે અને ન્યાય નહી મળે તો તેઓ આત્મવિલોપન કરશે તેવી ચીમકી આપી પ્રેમગીરી હાય હાયના નારા લગાવ્યા હતા. આમ બ્રહ્મલીન તનસુખગીરી બાપુની સમાધી ઉપર જ મંદિરની ગાદીને લઈને વરવા દશ્યો સર્જાયા હતા. જેને કારણે ભકત સમુદાયે સ્તબ્ધ બની ગયો હતો અને આઘાતની લાગણી અનુભવી રહ્યો છે.

# જૂનાગઢ મનપાની કચરાગાડીનો ચાલક જેલમાં બીડી, તમાકુ લાવતા ઝડપાયો : ગુનો દાખલ

જૂનાગઢ,તા.૨૧

જૂનાગઢ જિલ્લા જેલમાં મહાનગરપાલિકાની કચરા ગાડીનો ચાલક બીડી, તમાકુ, ચુનો લાવ્યો હતો. કેદીએ ૫,૦૦૦માં મંગાવેલ પ્રતિબંધિત વસ્તુઓ કેદી પાસેથી તેમજ કચરા ગાડીની ડ્રાઈવર સીટ નીચેથી જેલ સહાયકે કબજે કરી ડ્રાઈવર અને કેદીને પકડી લીધો હતો. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર જેલ સહાયક પુંજાભાઈ ગરચર ગઈકાલે બુધવારે બપોરે જેલ પાછળના મેઈન ગેટ ઉપર ઝડતી અમલદારની ફરજ ઉપર હતા. તે દરમ્યાન જૂનાગઢ મહાનગરપાલિકા ખાતેથી જીજે-૬-બીટી-૬૪૮૯ નંબરની કચરા ગાડી લઈને ડ્રાઈવર મહેશ ભવાન વાઘેલા જેલમાં સલામતી વિભાગ પાસેનો કચરો લેવા માટે આવતા તેમની સાથે પુંજાભાઈ ગયા હતા. ત્યારે કચરા ગાડીમાં છુપાવેલ જેલ પ્રતિબંધિત ચીજ વસ્તુઓ કાળા ઝભલામાં રાખી હતી. આ વસ્તુઓ જેલના પાકા કામના કેદી અશોક ધનજી સોલંકીએ મંગાવેલ હોય તેને મહેશ વાઘેલાએ આપી દીધી હતી. આ દરમ્યાન જેલ સહાયક પુંજાભાઈ ગરચરની નજર પડતા પાકા કામનો કેદી સર્કલ બાજુ દોડીને જતા તેનો પીછો કરીને તેની પાસેના ઝભલાની ચકાસણી કરતા તમાકુની ૩૦ પડીકી મળી આવી હતી. આ પછી કચરા ગાડીની ઝડતી કરતા ડ્રાઈવર સીટ નીચેની પેટીમાંથી તમાકુની ૨૪ પડીકી, તમાકુવાળા બે મસાલા, ચુનાની ૬૦ ટોટી, છુટક ૧૧ બીડી મળી આવી હતી. આથી જેલ સહાયકે પાકા કામનો કેદી અને કચરા ગાડીનો ડ્રાઈવર સામે ફરિયાદ નોંધાવતા એ-ડિવિઝન પોલીસે બંને સામે ગુનો નોંધી કચરા ગાડીના ચાલકની અટક કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# કેશોદ એરપોર્ટ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું સ્વાગત



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ૧૧મી ચિંતન શિબિરમાં સહભાગી થવા માટે કેશોદ એરપોર્ટ ખાતે આવતાં ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમનાથ ખાતે આયોજિત ૧૧મી ચિંતન શિબિરમાં મુખ્યમંત્રીને સાથે સહભાગી થવા પધારેલા રાજ્ય સરકારના મંત્રીઓ, સચિવાલયના ઉચ્ચ અધિકારીઓનુ ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.મુખ્યમંત્રીની સાથે રાજ્યના પ્રવાસન તથા વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરા, શિક્ષણ અને આદિજાતિ વિકાસ મંત્રી કુબેરભાઈ ડીંડોર, પંચાયત વિભાગના રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ સહિતના ઉચ્ચ અધિકારીઓ હવાઈ માર્ગે કેશોદ એરપોર્ટ ખાતે આવી પહોંચતા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. (તસવીર : સઈદ મહીડા, પ્રભાસપાટણ)

## વડોદરા મનપા દ્વારા પાણીની પાઈપ લાઈનની કામગીરી કરાતા

# આજથી બે દિવસ અમદાવાદ એક્સપ્રેસ-વે તરફ જતો રસ્તો બંધ કરાશે

## ૭ લાખ લોકોને એક ટાઈમ સાંજનું પાણી નહીં મળે

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૧

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીની નવી લાઈન નાખવા,જોડાણ કરવા કામગીરી કરાશે. ત્યારે આ કામગીરીને લઈને આગામી તારીખ ૨૨ અને ૨૩ના રોજ લોકોને અસર વર્તાશે સાથે જ અમદાવાદ એક્સપ્રેસવે તરફ જતો રસ્તો પણ બંધ કરવામાં આવનાર છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીની નવી લાઈન નાખવા માટે ખોદકામ અને નવી લાઈનનું મહી નદી ખાતેથી આવતી પાણીની લાઈન સાથે તેનું જોડાણ કરવાની કામગીરી કરવામાં આવનાર છે. જેના લીધે તારીખ ૨૨ અને ૨૩ના રોજ અમદાવાદ એક્સપ્રેસ-વે તરફ જતો અને આવતો રસ્તો બંધ કરવામાં આવશે. તારીખ ૨૫ના રોજ લાઈન જોડાણની કામગીરીને લીધે આશરે ૭ લાખ લોકોને એક ટાઈમનું સાંજનું પાણી નહીં મળે. શહેરના સમા નોર્થ હરણી વિસ્તારમાં ઊર્મિ સ્કૂલ ચાર રસ્તા-અબેકસ સર્કલથી નોર્થ હરણી પાણીની ટાંકી સુધી ૨૪ ઈંચ ડાયામીટરની પાણીની લાઈન નાખવાની છે. મહારાણા પ્રતાપ રોડથી સમા તરફ-અબેકસ સર્કલ જતા ફીડર લાઈન સાથે જોડાણ માટે રોડ ક્રોસ કરવા ખોદકામ કરાશે. તારીખ ૨૨ અને ૨૩ના રોજ ઊર્મિ બ્રિજથી એક્સપ્રેસવે અમદાવાદ તરફ જતો રસ્તો અને અમદાવાદ એક્સપ્રેસવેથી અમિતનગર સર્કલ તરફ જતો રસ્તો બંધ રાખવામાં આવશે. જેથી આ રોડ પર વાહન વ્યવહાર થઈ શકશે નહીં.આ કામગીરી થયા બાદ નવી નાખેલી લાઈનનું અબેકસ સર્કલ પાસેથી પસાર થતી મહી નદીના ફ્રેંચ કુવા રાયકા દોડકાની આશરે ૫૪ ઈંચ ડાયામીટરની લાઈન સાથે તેનું જોડાણ કરાશે. આ કામ તારીખ ૨૫ના રોજ કરવામાં આવશે. જેના લીધે ૯ પાણીની ટાંકી અને ૧૦ બુસ્ટરને સીધી અસર થશે. જે પૈકી આજવા ટાંકી, નોર્થ હરણી, નાલંદા, ગાજરાવાડી, કારેલીબાગ, પાણી ગેટ, જેલ ટાંકી ,લાલબાગ અને સયાજી બાગ ટાંકીના કમાન્ડ વિસ્તારમાં પાણીની કટોકટી સર્જાશે. આ ટાંકી હેઠળના ૧૦ બુસ્ટર જે પૈકી એરપોર્ટ, દરજીપુરા, વારસિયા, ખોડીયાર નગર, બકરાવાડી, નવી ધરતી, વ્હીકલ પુલ, જૂની ગઢી, સાધના નગર અને સંખેડા દશા લાડ બુસ્ટરને તારીખ ૨૫મી સાંજે પાણી નહીં મળે. આ બધા વિસ્તાર હેઠળની આશરે સાત લાખની વસ્તીને સાંજના પાણીથી વંચિત રહેવું પડશે. જયારે આ જ વિસ્તારમાં તારીખ ૨૬ના રોજ સવારના ઝોનમાં પાણી ઓછા પ્રેશરથી અને મોડેથી થોડા સમય માટે અપાશે.

## સુન્ની મુસ્લિમ ઘાંચી જમાઅત SMGJ એજ્યુકેશન ગ્રુપ દ્વારા

# ધોળકામાં વિદ્યાર્થીઓનો સન્માન તથા ઈનામ વિતરણ સમારોહ યોજાયો



ધોળકા, તા.૨૧

સુન્ની મુસ્લિમ ઘાંચી જમાત ધોળકા તેમજ SMGJ એજયુકેશન ગ્રૂપ દ્વારા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તેમજ ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મુખ્ય મહેમાન તરીકે

જનાબ શાફીન બાપુ ચિશ્તી હાજર રહ્યા હતા. તેમજ સુન્ની મુસ્લિમ ઘાંચી જમાત ધોળકાના પ્રમુખ મહંમદહુસેન ઘાંચી ( પટેલ ) તથા કારોબારી કમિટીના સભ્યો હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. જેમા વિદ્યાર્થીઓને ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈલ્મ ઈસ્લામની દ્રષ્ટિએ કોન્સેપ્ટ ઉપર સાફિન બાપુ ચિશ્તીએ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. એમ SMGJ એજયુકેશન ગ્રૂપના પ્રમુખ જનાબ અબ્દુલ રજ્જાક મદિનાવાળાએ જણાવ્યું છે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંચાલન મોહમ્મદ સોહીલ કાપડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભાવનગર : ડમ્પરની અડફેટે રાહદારીનું મોત

ભાવનગર, તા.૨૧

શહેરના નિર્મળનગર વિસ્તારમાં કોર્પોરેશનના કચરા ભરેલા ડમ્પર અડફેટે એક રાહદારી કચડાતા તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યુ મોત નિપજયું હતું. આ બનાવથી ભારે અરેરાટી સાથે આઘાત છવાઈ ગયો હતો. અકસ્માત સર્જી ડમ્પરને સ્થળ પર છોડી ચાલક ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે મળતા પ્રાથમિક વિગતો અનુસાર આજે બપોરના સુમારે નિર્મળનગરમાં માધવરત્ન બિલ્ડિંગની સામેથી ચાલીને પસાર થઈ રહેલા એક રાહદારી આધેડને કોર્પોરેશનના ડમ્પરે ઠોકરે ચડાવતા આ આધેડ ડમ્પરના પાછળના વ્હીલમાં આવી ગયા હતા જેમાં તેમનું અડધુ શરીર ચકદાઈ ગયું હતું. આ બનાવમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત આધેડનું સ્થળ પર કમકમાટી ભર્યુ મોત નિપજયું હતું. ઘટનાસ્થળેથી વધુમાં મળતી વિગતો મુજબ કોર્પોરેશનનું કચરા ભરેલું ડમ્પર પૂરપાટ ઝડપે જતુ હતું. તેવામાં રાહદારી અડફેટે ચડતા અકસ્માત બાદ કેટલાક ફૂટ સુધી આ ડમ્પરે રાહદારીને ઢસડ્યા હતા. બનાવના પગલે ભારે રોષભેર એકત્ર થઈ ગયા હતા. દરમિયાનમાં મોકો જાઈને ડમ્પરનો ચાલક સ્થળપરથી રફુચક્કર થઈ ગયો હતો. વધુમાં મળતી માહિતી મુજબ કોર્પોરેશનની ડમ્પિંગ સાઈટ પરથી કચરો ભરીને દોડતા વાહનો બેફામ ગતી એ ચાલી રહ્યા છે અને હંમેશા રાહદારીઓને ભય રહેતો હતો.



બાકરોલનાં પતરાવાળી કોલોનીમાં આજે સાંજનાં પાંચ વાગ્યાનાં સુમારે રધુભાઈ ગોવિંદભાઈ ભરવાડના ઘર પાસે મુકેલાં પુળાની ધોઈમાં અચાનક આગ લાગતા આણંદ ફાયરબ્રિગેડનાં લાસ્કરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી.(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

# ભાભરના મીઠા ગામમાં શાળાઓ નજીક તમાકુ વેચતા ૧૭ દુકાનદારો પકડાયા

ડીસા, તા.૨૧

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએથી મળેલ સૂચનાથી તાલુકા હેલ્થ ઓફીસર ડો.હિતેન્દ્ર ઠાકોર અને મેડિકલ ઓફિસર ડો.દર્શન દેસાઈના માર્ગદર્શન હેઠળ કુવાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સરપ્રાઈઝ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને તમાકુનું વેચાણ થતું નથી તેવા બોર્ડ નહીં લગાવનાર અને શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મીટરની ત્રિજયામાં તમાકુનું વેંચાણ નહીં કરવાના નિયમનો ભંગ કરતા ૧૭ દુકાનદારો સામે દંડનીય કાર્યવાહી કરી હતી. નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત તમાકુ નિયંત્રણ અધિનિયમનની ગાઈડ લાઈન મુજબ મીઠા ગામમાં દરેક વિસ્તારમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૮ વર્ષની નીચેની ઉંમરની વ્યક્તિને તમાકુ બનાવટનું વેચાણ કરનાર પર પ્રતિબંધ મુજબ ૧૭ કેસ કરી ૧૭૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં કુવાળા આયુષ ઓફિસર ડો.નિકિતા પોરણિયા, પીએચસી હેલ્થ સુપરવાઈઝર ભીખાભાઈ પરમાર, લાખાભાઈ દેસાઈ, યોગેશભાઈ, લાલાભાઈ દેસાઈ, વિજયભાઈ કાળા, અરૂણાબેન વગેરે જોડાયા હતાં.


**GUJARAT STATE WAQF BOARD**
**ગુજરાત રાજ્ય વકફ બોર્ડ**
Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
Under Wakf Act, 1995 (Central Act - 43 )

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર
Dr.jivraj bhai Mehta Bhavan, Block No.8, Ground Floor, Old Secretariat, Sector- 10, Gandhinagar.

વકફઅધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬
વિષય :- **"મસ્જિદે ઉમર વકફ"**
ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **શૌકતઅલી ગુલામભાઈ દેસાઈ મુ.પો.જોગવાડ,** જિ.નવસારીનાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત/જંગમ મિલકત વકફ અધિનિયિમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો.ઠે | તાલુકો અને જિલ્લો | મિલકતનો પ્રકાર | સર્વે નં/મિલ્કત નં |
| --- | --- | --- | --- |
| મુ.પો. જોગવાડ, | તા.ચીખલી, જિ.નવસારી | પાકું મકાન | મકાન નં.૭૩૯, મિલ્કત નં.૮૫૫ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ- ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.



**ઓનલાઈન જાહેર નિવિદા નં.૯ સને.૨૦૨૪-૨૫**
**પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં. અમરેલી**

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, અમરેલી. (ફોન.નં.૦૨૭૯૨ ૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની MMGSY/BUJ,SR,CDP-5, સુવિધાપથ,૧૫ મું નાણાપંચનાં પેકેજ-૪૫, કામો-૮૯, અંદાજીત રકમ રૂા.૯૧૪૯.૨૪ લાખ ના કામો માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે. તેમજ આ કામોની વિગતવાર માહિતી આ કચેરી ના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તથા https://tender.nprocure.com ઉપર જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.૦૪/૧૧/૨૦૨૪ ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૦૫/૧૧/૨૪ થી તા.૧૧/૧૧/૨૪ (૩) ટેન્ડર ખોલવાની તા.૦૫/૧૧/૨૪ ૧૨.૦૦ કલાક

કાર્યપાલક ઇજનેર
પંચાયત મા.મ. વિભાગ,
અમરેલી

માહિતી/અમર/ ૪૦૨ /૨૪

# મધ્ય પ્રદેશ પછી હવે રાજસ્થાન સરકારે પણ ગોધરા ઘટના પર આધારિત ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ને કરમુક્ત જાહેર કરી

**ન્યુઝ GT પોઈન્ટ**

છેલ્લા ૧૦ વર્ષમાં એક પણ ફિલ્મ એવી જોઈ જેમાં મુસ્લિમને દેશભક્ત કે શાંતિદૂત કે પ્રમાણિક દેખાડ્યો હોય અને ફિલ્મ ટેક્સ ફ્રી કરી હોય ? અરે ભાઈ મુસ્લિમને સારો, સજ્જન પાત્ર તરીકે રજૂ કરતી ફિલ્મો જ બનતી નથી કારણ કે સેન્સર બોર્ડ પાસેથી યુ સર્ટિફિકેટ લેવું પડે ! વળી કાશ્મીર ફાઈલ્સ હોય કે સાબરમતી એક્સપ્રેસ, આપણા વડાપ્રધાન પોતે વખાણ કરે એટલે ઠેર ઠેર નાની મોટી ક્લબનાં પ્રોજેક્ટરો કામે વળગી જાય અને ફિલ્મ જોયા બાદ મુસ્લિમ સમુદાય પ્રત્યે ઘૃણા જાગે ! ૨૦૧૪ અગાઉ ફિલ્મમાં ખલનાયક વિલનનું નામ મુસ્લિમ હોય તો તેની સામે હીરો કે સાઈડ હીરોનું નામ પણ મુસ્લિમ હોય કે જેથી ફિલ્મ જોઈને પ્રેક્ષક બહાર જાય તો મગજમાં નફરત લઈને ન જાય. (ફિલ્મ સરફરોશ વી.) આવું બેલેન્સીંગ ન કર્યું હોય તો સેન્સર બોર્ડ ફિલ્મને પાસ જ ન કરે પરંતુ આજે અચૂક જોવા મળે છે કે મુસ્લિમ સમુદાય પ્રત્યે નફરત ફેલાવતી ફિલ્મને ઉચ્ચ નેતાઓ પ્રમોટ કરે છે અને વળી રાજ્ય સરકારો ટેક્ષ ફ્રી જાહેર કરે અને નુકસાની વહોરે !

ચિત્તોડની રાણી કર્ણાવતી મોઘલ બાદશાહ હુમાયુને રાખી મોકલેલ અને મદદ માંગેલ તો હુમાયુ હજારો સૈનિકો સાથે ચિત્તોડ પહોંચી ગયા'તા. શું આવી ફિલ્મ બનાવી ટેક્ષ ફ્રી કરશે સરકાર ? મુઘલ બાદશાહ ઔરંગઝેબે આસામ, વારાણસી, બનારસ, ચિત્રકૂટ તેમજ ગુજરાતમાં મંદિરો માટે જમીન દાન આપેલી જે ઈતિહાસ દર્શાવે છે અને ચોપડીઓમાં છુપાવેલ હોય તો ગૂગલ જણાવશે. અવધનાં નવાબોએ અયોધ્યાના મંદિરો માટે આર્થિક દાન આપેલ તેમજ રક્ષણ પણ આપેલ.

નવાબ સફદરજંગે તો હનુમાનગીરીનાં મંદિર માટે જમીનો આપેલ. શું યહૂદી પ્રત્યે નફરતનું વાતાવરણ ઊભું કરનાર હિટલરની ફોર્મ્યુલા અપનાવી મુસ્લિમ પ્રત્યે ઘૃણા ફેલાવનારા દેશભક્ત હોઈ શકે ? શું આ નરસંહારની તૈયારી તો નહિ હોય ? એક સમયે હિમાલય પર્વતના પથ્થરો ઉપર કોક અને ફેન્ટાની જાહેરાત ચીતરવા સામે લાલ આંખ કરેલ અને સુઓમોટો જાહેર હિતની અરજી હાથ ધરી આવી જાહેરાત કરનાર કંપની સામે નોટિસ કાઢેલ તો આજે કોર્ટે એક્ટિવ થવાની જરૂર નથી લાગતી ?

## આ ફિલ્મને સમર્થન આપતા શર્માએ જણાવ્યું હતું કે આ ફિલ્મ એ કારણથી જોવી જ જોઈએ કે ભૂતકાળનો ઊંડો વિવેચનાત્મક અભ્યાસ જ આપણને વર્તમાનને સમજવામાં અને ભવિષ્ય માટે માર્ગદર્શન પૂરું પાડવામાં મદદ કરી શકે છે

(એજન્સી) તા.૨૧

રાજસ્થાન સરકારે ગોધરા ઘટના પર આધારિત ફિલ્મ ધ સાબરમતી રિપોર્ટને રાજ્યમાં ટેક્સ ફ્રી જાહેર કરી છે. મુખ્ય પ્રધાન ભજનલાલ શર્માએ સોશિયલ મીડિયા પર આની જાહેરાત કરતા જણાવ્યું હતું કે આ નિર્ણય અર્થપૂર્ણ છે અને તેનો હેતુ ઈતિહાસના મહત્વપૂર્ણ સમયગાળા વિશે જાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો.

શર્માએ X (અગાઉ ટ્વિટર) પર જણાવ્યું હતું કે, અમારી સરકારે ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ને રાજસ્થાનમાં કરમુક્ત બનાવવાનો અર્થપૂર્ણ નિર્ણય લીધો છે. આ ફિલ્મ ઈતિહાસના તે ભયાનક સમયગાળાને દર્શાવે છે, અમુક સ્વાર્થી તત્વોએ પોતાના હિતોની પૂર્તિ માટે તેને વિકૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ફિલ્મ અસરકારક રીતે વાસ્તવિકતાને ઉજાગર કરે છે. તે સમયે સિસ્ટમ અને ખોટી ભ્રામક કથાઓનું ખંડન કરે છે અને આ હૃદયદ્રાવક ઘટનાને આ ફિલ્મમાં અત્યંત સંવેદનશીલતા સાથે રજૂ કરવામાં આવી છે.

આ ફિલ્મને સમર્થન આપતા શર્માએ ભૂતકાળની નિર્ણાયક સમજણ માટે તેના મહત્વ પર ભાર મૂકતા લોકોને તેને જોવાની વિનંતી કરી. તેમણે કહ્યું કે, ભૂતકાળનો ઊંડો, નિર્ણાયક અભ્યાસ આપણને વર્તમાનને




સમજવામાં મદદ કરે છે અને ભવિષ્ય માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ફિલ્મના વખાણ કર્યા હતા. 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ વિશેની એક પોસ્ટને રીટ્વીટ કરીને, તેમણે ટિપ્પણી કરી હતી કે, સત્ય બહાર આવી રહ્યું છે તે સારી વાત છે અને તે પણ એવી રીતે કે લોકો તેને જોઈ શકે. ખોટી માન્યતા ફક્ત ટૂંકા ગાળા માટે જ ટકી શકે છે, પરંતુ હકીકતો આખરે સામે આવે છે.

# મતદાન પહેલાં ભાજપ દ્વારા MCCનું ખુલ્લેઆમ ઉલ્લંઘન તેના માટે EC દ્વારા માત્ર નોટિસો આપવી પૂરતી નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ઝારખંડ અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીઓ ૨૦ નવેમ્બરના રોજ સમાપ્ત થઈ ગઈ છે. ભાજપે તેના સોશિયલ મીડિયા પ્રચારમાં આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે તેની સમીક્ષા કરવાનો આ યોગ્ય સમય હોઈ શકે છે. મોડેલ કોડની જોગવાઈઓને ધ્યાનમાં લીધા વિના, ભાજપે ઝારખંડમાં મુસ્લિમ સમુદાયને નિશાન બનાવતા સાંપ્રદાયિક સોશિયલ મીડિયા વીડિયો પોસ્ટ કર્યા. ભગવા પક્ષ દ્વારા સરક્યુલેટ કરાયેલા સમાન વિડિયોને ઘણા ક્વાર્ટર તરફથી તીવ્ર પ્રતિસાદ મળ્યો હતો. તેણે એક વિડિયો પ્રસારિત કર્યો હતો જેમાં વર્તમાન મુખ્ય પ્રધાન હેમંત સોરેન, તેમની પત્ની કલ્પના સોરેન અને અન્ય ભારતીય જૂથના નેતાઓને ભ્રષ્ટ રાજકારણીઓ તરીકે દર્શાવવામાં આવ્યા હતા જેઓ સત્તામાં પાછા આવવા માટે મુસ્લિમ "બહારના લોકો" સાથે જોડાણ કરવાનું કાવતરૂં કરી રહ્યા હતા.

કોંગ્રેસ અને ઝારખંડ મુક્તિ મોરચાએ તરત જ ચૂંટણી પંચ (EC) પાસે ફરિયાદ નોંધાવી હતી કે આ વિડિયો ભ્રામક, દૂષિત અને વિભાજનકારી છે. ચૂંટણી અધિકારીઓના નિર્દેશો મળ્યા બાદ પોલીસે આ મામલામાં એફઆઈઆર નોંધી છે. બંને વીડિયો ભાજપના એક્સ હેન્ડલ્સ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પોસ્ટ કરવામાં આવ્યા હતા. પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે, એક પછી એક ચૂંટણીમાં આવી બાબતોમાં EC દ્વારા દર્શાવવામાં આવેલ અભિગમ, અયોગ્ય હતો. આવા વિડિયો માત્ર સત્તાવાર હેન્ડલ્સ પર પોસ્ટ કરવામાં આવતા નથી પણ બિનસત્તાવાર ચેનલો પર પણ વ્યાપકપણે પ્રસારિત થાય છે. વિશ્વની સૌથી મોટી પાર્ટીએ ચૂંટણી જીતવા માટે આટલા નીચા સ્તરનો આશરો લેવો પડે તે હવે આશ્ચર્યજનક નથી, કારણ કે ભાજપે જે રીતે દરેક ચૂંટણીમાં તેના મુસ્લિમ વિરોધી રેટરિકનો ઉપયોગ કર્યો છે. EC એ આખરે ૧૭ નવેમ્બરના રોજ તેના રાજ્ય ચૂંટણી વડાને આદેશ મોકલ્યો હતો




કે મુસ્લિમોને ખરાબ દર્શાવતો વિડિયો હટાવવા માટે કહ્યું હતું, પરંતુ તે બહોળા પ્રમાણમાં પ્રસારિત થયો અને ધ્રુવીકરણ ચર્ચાનો મુદ્દો બની ગયો હતો. તેણે આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ રાજ્ય ભાજપ પાસેથી "સ્પષ્ટીકરણ" પણ માંગ્યું છે. ભાજપ વિરૂદ્ધ કોઈપણ શિક્ષાત્મક કાર્યવાહી કર્યા વિના માત્ર નોટિસ મોકલવાથી તેને તેના સાંપ્રદાયિક અભિયાનો ચાલુ રાખવા માટે પ્રોત્સાહન મળ્યું છે. આવા કિસ્સાઓમાં ઈઝ ની પોતાની નિરાશાજનક ક્રિયાઓએ સંસ્થાની અખંડિતતા પર પ્રશ્નો ઉભા કર્યા છે. ભાજપે ઝારખંડમાં આવા વિડિયો પ્રસારિત કર્યા, અને તેણે હિંદુ મતદારોને મહારાષ્ટ્રમાં "એકજૂટ" થવા માટે એક સમાન વિડિયોમાં સ્પષ્ટ આહ્વાન આપ્યું હતું જેમાં મુસ્લિમોને "હુમલાખોરો" અને "ઘૂસણખોરો" તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ભગવા પાર્ટીના તાજેતરના નારા "બટેંગે તો કટેંગે" અથવા "એક હૈ તો સલામત હૈ" લોકોને ભ્રામક રીતે ભાજપ દ્વારા વ્યાપક એકતા માટે અપીલ કરવામાં આવી છે. આવા નારાઓ આદિત્યનાથ અને હિમંત બિસ્વસર્મા જેવા નેતાઓ દ્વારા દ્વેષપૂર્ણ ભાષણમાંથી આવ્યા હતા. આવા દ્વેષપૂર્ણ ઝુંબેશ પર કડક કાર્યવાહી કરવા ECની ઈચ્છાનો અભાવ આવા ધ્રુવીકરણ રાજકીય વાતાવરણમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં ભાજપની ઉદ્ધતતાને પ્રોત્સાહિત કરી શકે છે.

આદર્શ આચારસંહિતા સ્પષ્ટપણે કહે છે કે, કોઈપણ પક્ષ કે ઉમેદવાર એવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ થશે નહીં જે હાલના મતભેદોને વધારી શકે અથવા પરસ્પર દ્વેષ પેદા કરી શકે અથવા ધાર્મિક અથવા ભાષાકીય, વિવિધ જાતિઓ અને સમુદાયો વચ્ચે તણાવ પેદા કરી શકે. મત મેળવવા માટે જ્ઞાતિ કે સાંપ્રદાયિક લાગણીઓ દ્વારા કોઈ અપીલ કરવામાં આવશે નહીં. મસ્જિદો, ચર્ચો, મંદિરો અથવા અન્ય પૂજા સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે મંચ તરીકે ઉપયોગ કરવામાં આવશે નહીં. ભાજપની ઝારખંડ અને મહારાષ્ટ્રની ઝુંબેશ જે રીતે કરવામાં આવી છે તે માત્ર આદર્શ સંહિતાના ઉલ્લંઘનને જ દર્શાવતી નથી પરંતુ બંધારણના મૂલ્યો પર પણ ફટકો છે. શાસક પક્ષે આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવામાં કોઈ ખચકાટ દર્શાવ્યો નથી તેવા સમયે ફરિયાદો નોંધવા અને EC તરફથી જવાબો મેળવવાની અમલદારશાહી પ્રક્રિયાને તાત્કાલિક સંબોધિત કરવાની જરૂર છે.

ભાજપ આત્મસંયમ દાખવશે તેવી અપેક્ષા રાખી શકાય તેમ નથી. છેલ્લા એક દાયકાના રેકોર્ડને જોતાં વડા પ્રધાન પણ ભારતીય મુસ્લિમોને ખરાબ રીતે રજૂ કરવામાં અચકાયા નથી, અને તેઓ અને તેમની પાર્ટીએ આ ટિપ્પણીઓને સ્પષ્ટપણે વાજબી ઠેરવી છે. શું EC ભાજપને સ્પષ્ટ રીતે સંયમ સાથે વર્તન કરવાનો સંકેત આપવા માટે તેના વધુ પ્રયત્નો કરશે? આ ક્ષણે, તે અસંભવિત લાગે છે અને તે માત્ર આશાસ્પદ રીતે કાલ્પનિકતા હોઈ શકે છે.

# શાહિદ અલીનો વિજય : CJPની કાનૂની લડાઈથી અલીને શંકાસ્પદ નાગરિકતા સંકટમાં રાહત મળી, હાઈકોર્ટ દ્વારા જામીન મંજૂર કરવામાં આવ્યા

## જો કે જામીન એ કામચલાઉ રાહત છે, પણ તે શાહિદ અલીની નાગરિક તરીકેની સંપૂર્ણ કાનૂની માન્યતા મેળવવા માટેનું એક મોટું પગલું છે, આસામમાં જેઓ તેમની યોગ્ય ઓળખ અને નાગરિકતા સાબિત કરવામાં સમાન સંઘર્ષનો સામનો કરે છે તેઓને મદદ કરવા માટે CJP પ્રતિબદ્ધ છે

(એજન્સી) તા.૨૧

ન્યાય અને માનવાધિકારની મહત્વની જીતમાં ગૌહાટી હાઈકોર્ટે આસામના બાગેશ્વર ગામના રહેવાસી શાહિદ અલીને જામીન આપ્યા છે, જેને દરરંગ જિલ્લામાં ફોરેનર્સ ટ્રિબ્યુનલ (FT) દ્વારા વિદેશી જાહેર કરવામાં આવ્યો હતો. ગૌહાટી હાઈકોર્ટ દ્વારા શાહિદ અલીને જામીન આપવામાં આવતા આસામમાં અન્યાયી રીતે વિદેશી તરીકે ઓળખાતા લોકોની દુર્દશા તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. પેઢીઓથી પૂર્વજોના સંબંધો ધરાવતા રાજ્યના આજીવન નિવાસી શાહિદને તેની ભારતીય નાગરિકતાના નોંધપાત્ર પુરાવા હોવા છતાં ફોરેનર્સ ટ્રિબ્યુનલ દ્વારા પોતાને વિદેશી જાહેર કરવામાં આવ્યો હતો. આ નિર્ણયે માત્ર તેમના જીવનને જ વિક્ષેપિત કર્યો ન હતો પરંતુ આ પ્રદેશમાં નાગરિકતા નક્કી કરતી પ્રક્રિયાઓમાં પ્રણાલીગત ખામીઓને પણ પ્રકાશિત કરી હતી. તેમનો કેસ આવા વિવાદોને ઉકેલવામાં નિષ્પક્ષતા અને જવાબદારીની આવશ્યક જરૂરિયાતને દર્શાવે છે. શાહિદની વાર્તા આસામમાં ઘણા લોકો દ્વારા સામનો કરવામાં આવતા સંઘર્ષનું પ્રતીક છે. શાહિદ માટે, માનવાધિકાર સંસ્થા, સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)નો હસ્તક્ષેપ મહત્વપૂર્ણ સાબિત થયો. તેની અવિરત હિમાયત અને કાનૂની સમર્થનથી માત્ર તેમની મુક્તિ જ નહીં પરંતુ સમાન લડાઈઓ લડતા અન્ય લોકોને પણ આશા મળી છે. શાહિદ અલીએ પોતાનું આખું જીવન આસામમાં વિતાવ્યું છે. કામરૂપ જિલ્લાના બોકો પોલીસ સ્ટેશનના નાગરબેરા મૌઝા હેઠળના તુપર ગામમાં જન્મેલા અને ઉછરેલા શાહિદની નાગરિકતા શંકાસ્પદ લાગતી હતી. તેમના દાદા, જસીમ મુંડલ પાસે ૧૯૫૭-૬૪ સુધી જમીનનો રેકોર્ડ હતો અને તેમનું નામ ૧૯૬૬ની મતદાર યાદીમાં પણ નોંધાયેલું હતું. વધુમાં, શાહિદના પિતા, બસીર અલી નગરબેરા મૌઝા હેઠળના તુપામરી ગામ માટે ૧૯૭૧ની મતદાર યાદીમાં હતા. આ મજબૂત દસ્તાવેજી પુરાવા હોવા છતાં, જ્યારે આસામ સરકાર દ્વારા તેના પર વિદેશી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. શાહિદ અલી સામેનો કેસ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ (બોર્ડર), દરરંગ દ્વારા, વિદેશી નાગરિકતાના આરોપોના આધારે, યોગ્ય ચકાસણી કર્યા વિના શરૂ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, શાહિદનો પરિવાર ચુંટણી પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લઈ રહ્યો હતો, તેણે નંબર ૬૬ સિપઝાર વિધાનસભા મતવિસ્તાર હેઠળના ફુહુરાતલી ગામમાં પોતાનો મત આપ્યો હતો, જે હકીકતે ભારતીય નાગરિકતાના તેના દાવાને સમર્થન આપે છે. ટ્રિબ્યુનલના ચુકાદાએ શાહિદ અલી અને તેના પરિવારને વિખેરી નાખ્યો અને અનિશ્ચિતતા અને નિરાશાના દુઃસ્વપ્નમાં હતા. નોંધપાત્ર દસ્તાવેજી પુરાવા હોવા છતાં ટ્રિબ્યુનલના નિર્ણયે માત્ર તેની ઓળખ જ છીનવી ન હતી પરંતુ તેને અટકાયત શિબિરમાં મોકલવાની સંભાવનાનો સામનો કરી રહ્યો હતો, જે પોતાની સ્વતંત્રતા ગુમાવી દેવાના અને આવા શિબિરમાં સીમિત રહેવાના વિચારે તેની માનસિક સુખાકારી પર ઊંડી અસર કરી, જેના કારણે તે અવિરત ડર અને ચિંતા સાથે સંઘર્ષ કરી રહ્યો હોવાથી તેનું સ્વાસ્થ્ય બગડ્યું. શાહિદ માટે CJP આસામની કાનૂની ટીમના રૂપમાં આશાનું કિરણ આવ્યું. વરિષ્ઠ કાનૂની સભ્ય એડવોકેટ મૃન્મય દત્તાએ, આ અન્યાયને ઓળખીને, શાહિદનો કેસ નિશ્ચય અને કરૂણા સાથે લડ્યો. ગૌહાટી હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને, દત્તાએ ટ્રિબ્યુનલના ચુકાદાનો વિરોધ કર્યો અને ચુકાદાને રદ કારી દેવાની માંગ કરી. આ હસ્તક્ષેપ માત્ર શાહિદ માટે આશા જ નહીં પરંતુ વ્યાપક પ્રણાલીગત નિષ્ફળતાઓ પર પણ પ્રકાશ પાડે છે જેના કારણે શાહિદ જેવી અસંખ્ય વ્યક્તિઓને વહીવટી દેખરેખનો ભોગ બનવું પડે છે. સીજેપીની કાનૂની ટીમે ગૌહાટી હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને ફોરેનર્સ ટ્રિબ્યુનલના નિર્ણયને પડકાર્યો. દસ્તાવેજી પુરાવાઓ પર આધારીત એક મજબૂત કેસ બનાવ્યો. ૬ નવેમ્બર, ૨૦૨૪ના રોજ હાઈકોર્ટે શાહિદને જામીન આપ્યા ત્યારે તેમના પ્રયત્નો ફળ્યા. આ નિર્ણયથી શાહિદ અને તેના



પરિવારને રાહત મળી છે. જો કે, જામીન મેળવવું એ બીજા પડકારની માત્ર શરૂઆત હતી. જામીનદારને શોધવો અને દસ દિવસની સખત સમયરેખામાં પ્રક્રિયાગત ઔપચારિકતાઓ પૂર્ણ કરવી. તાકીદ અને મર્યાદિત સમય હોવા છતાં, ઝલ્ર ખાતેની ટીમે નોંધપાત્ર સંકલ્પ દર્શાવ્યો. ૧૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ, સીજેપીના આસામ રાજ્યના પ્રભારી, નંદા ઘોષ, દરરંગ ડીવીએમ જોનલ આબેદિન અને શાહિદ અલી સાથે, દારંગની બોર્ડર બ્રાન્ચમાં જામીન બોન્ડ સબમિટ કર્યા. આ નિર્ણાયક પગલું શાહિદના કેસમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. બીજા દિવસે, સિપાઝાર પોલીસ સ્ટેશન હેઠળની સ્થાનિક બોર્ડર બ્રાન્ચમાં ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં આવી હતી. CJPની ટીમ દ્વારા દર્શાવવામાં આવેલ સમર્પણ અને કાર્યક્ષમતા એ સુનિશ્ચિત કરે છે કે શાહિદની મુક્તિમાં વધુ વિલંબ ન થાય, જે ન્યાય અને માનવતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. જ્યારે શાહિદને ખબર પડી કે તેના જામીન મંજૂર થયા છે, ત્યારે તે લાગણી અને કૃતજ્ઞતાથી ભાવુક થઈ ગયો હતો. તેમણે કહ્યું કે, હવે હું મુક્તપણે બહાર જઈ શકું છું અને મારા પરિવારને ખવડાવવા માટે કામ કરી શકું છું. CJPના કારણે જ આ શક્ય બન્યું છે. તમારો ખૂબ ખૂબ આભાર. જો કે, જામીનની મંજૂરી માત્ર કામચલાઉ રાહત છે. શાહિદની નાગરિકતા મેળવવાની લડાઈ એક ભયાવહ પડકાર છે. CJP એ કાયદેસર ભારતીય નાગરિક તરીકેની તેમની ઓળખ પુનઃસ્થાપિત થાય તે સુનિશ્ચિત કરવા માટે તેમને સમર્થન આપવાનું ચાલુ રાખવાનું વચન આપ્યું છે. તે આવા સમાન અન્યાયનો સામનો કરતા તમામ લોકો સાથે ઊભા રહેવાના CJPના અતૂટ સંકલ્પને દર્શાવે છે. શાહિદની વાર્તા આસામની વ્યાપક કટોકટી છે, જ્યાં અસંખ્ય વ્યક્તિઓ શંકા અને પ્રક્રિયાગત નિષ્ફળતાના જાળમાં ફસાયેલા છે. પેઢીઓથી ભારતમાં રહેતા હોવા છતાં, ઘણા લોકો પર અન્યાયી રીતે વિદેશી હોવાનો આરોપ મૂકવામાં આવે છે, અને નાગરિકત્વ વિવાદોને ઉકેલવા માટે ન્યાયી, પારદર્શક અને માનવીય અભિગમની તાત્કાલિક જરૂરિયાતને ઉજાગર કરે છે. શાહિદની સફર, અન્યાયી રીતે વિદેશી તરીકે ઓળખાવાથી લઈને અંતે જામીન મેળવવા સુધી, એક એવી વ્યવસ્થામાં ન્યાય માટે લડતી વ્યક્તિઓની શક્તિનું પ્રમાણ છે જે ઘણીવાર સૌથી વધુ સંવેદનશીલ લોકોનું રક્ષણ કરવામાં નિષ્ફળ જાય છે. શાહિદ માટે, આ પ્રક્રિયા માત્ર કાનૂની લડાઈ નહોતી; તે તેના ગૌરવ, તેની ઓળખ અને તેના પૂર્વજોની ભૂમિમાં નાગરિક તરીકે જીવવાના અધિકાર માટે વ્યક્તિગત લડાઈ હતી. શાહિદની જીત પાછળ CJP જેવી સંસ્થાઓનો અતૂટ ટેકો છે, જેમની સામાજિક ન્યાય અને માનવ અધિકારો પ્રત્યેની પ્રતિબદ્ધતાએ ખામીયુક્ત પ્રણાલીને પડકારવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. CJP ની કાનૂની ટીમની આગેવાની હેઠળની સામૂહિક હિમાયતએ તેમની અસ્થાયી રાહતને સુરક્ષિત કરવા માટે જરૂરી કાનૂની દબાણ લાવવામાં મદદ કરી. જો કે, આ વિજય માત્ર એક માણસનો કેસ નથી પણ તે તમામ વ્યક્તિઓ માટે, ખાસ કરીને પ્રણાલીગત નિષ્ફળતાઓ દ્વારા હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો માટે ન્યાય, ગૌરવ અને અધિકારોની માન્યતા માટેની વ્યાપક લડાઈનું પ્રતિનિધિત્વ કરે છે. CJPનું કાર્ય સામાજિક ન્યાય માટે પ્રતિબદ્ધ સંસ્થાઓ અન્યાયને પડકારવામાં અને વ્યક્તિઓને તેમના જીવન અને અધિકારો પુનઃ દાવો કરવા માટે સશક્તિકરણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

# છૂટાછેડાની અરજી પેન્ડિંગ હોય ત્યારે પત્નીને તેવા જ લાભ મળવાની હકદાર છે જે તેને લગ્નજીવન દરમિયાન મળતા હતા : સુપ્રીમ કોર્ટ

## જસ્ટિસ વિક્રમનાથ અને પીબી વરાલેની ખંડપીઠે કેરળ સ્થિત કાર્ડિયોલોજિસ્ટની પત્નીના દર મહિને રૂા.૧.૭૫ લાખના વચગાળાના ભરણપોષણમાં વધારો કર્યો છે

(એજન્સી) તા.૨૧

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે છૂટાછેડાની અરજી પેન્ડિંગ હોય તે દરમિયાન પત્નીને જીવનની એ જ સગવડો મળવાની હકદાર છે જે તે તેના વૈવાહિક ઘરમાં મળે છે. જસ્ટિસ વિક્રમનાથ અને પીબી વરાલેની બેંચે કેરળ સ્થિત કાર્ડિયોલોજિસ્ટની અલગ રહેતી પત્નીને દર મહિને રૂા.૧.૭૫ લાખના વચગાળાના ભરણપોષણમાં વધારો કર્યો છે. હાઈકોર્ટ દ્વારા વચગાળાની રકમમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. ફેમિલી કોર્ટે પત્નીને રૂા. ૧.૭૫ લાખ વચગાળાનું ભરણપોષણ આપ્યું હતું જ્યારે મદ્રાસ હાઈકોર્ટે આ રકમ ઘટાડીને રૂા.૮૦,૦૦૦ પ્રતિ માસ કરી હતી.

બેન્ચે જણાવ્યું હતું કે, ઉચ્ચ અદાલતે પ્રતિવાદી (પતિ)ની આવક સંબંધિત અમુક પાસાઓની અવગણના કરી છે. તે પણ રેકોર્ડ પર છે કે અપીલકર્તા નોકરી કરતી નથી કારણ કે તેણીએ લગ્ન પછી તેણીની નોકરીનું બલિદાન આપ્યું હતું. તેથી, છૂટાછેડાની અરજી પેન્ડન્સી દરમિયાન, તે તેના લગ્નના ઘરમાં જે સુવિધા માટે હકદાર હશે તે જ જીવનની સુવિધાઓનો આનંદ માણવા માટે હકદાર છે. પત્નીને પતિ દ્વારા આપવામાં આવતા વિશેષાધિકારોનો ઈન્કાર કરી શકાય નહીં. પરિણામે, અમે અપીલ કરનાર પત્નીની અપીલને મંજૂરી આપીએ છીએ અને ૧ ડિસેમ્બર, ૨૦૨૨ના મદ્રાસ હાઈકોર્ટના આદેશને રદ કરીએ છીએ અને ફેમિલી કોર્ટના આદેશને પુનઃસ્થાપિત કરીએ છીએ. પ્રતિવાદી પતિને પ્રતિ ૧,૭૫,૦૦૦ રૂપિયાની રકમ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવે છે.

બેન્ચે જણાવ્યું હતું કે પતિ દ્વારા રજૂ કરાયેલા



દસ્તાવેજો અને આ સંબંધમાં બંને પક્ષોના પુરાવા સ્પષ્ટપણે એ હકીકતને પ્રતિબિંબિત કરે છે કે તે પ્રસિદ્ધ કાર્ડિયોલોજી નિષ્ણાત છે અને તેમની પાસે સંખ્યાબંધ "મૂલ્યવાન મિલકતો" છે અને તે તેના પિતાના એકમાત્ર કાનૂની વારસદાર છે. તેની માતા ૯૩ વર્ષની ઉંમરની છે. તે તેની માતા અને પોતાની માલિકીની મિલકતોમાંથી તમામ આવક એકત્ર કરી રહ્યો છે અને એક શાળાના કબજામાં હોવાનું પણ જાણવા મળ્યું છે, જોકે તે ખોટમાં ચાલી રહી હોવાનું કહેવાય છે. જો કે, પ્રતિવાદી આ અસર માટે કોઈ પુરાવા રજૂ કર્યા નથી.

કોર્ટે કહ્યું કે, અમને જણાયું છે કે હાઈકોર્ટે જાળવણીની રકમને ઘટાડીને ૮૦,૦૦૦ રૂપિયા પ્રતિ માસ કરવામાં ભૂલ કરી છે. હાઈકોર્ટે પ્રતિવાદી માટે આવકના માત્ર બે સ્ત્રોતો ધ્યાનમાં લીધા છે. પ્રથમ તો, તે હોસ્પિટલમાં કાર્ડિયોલોજિસ્ટ તરીકે કામ કરીને ૧.૨૫ લાખ રૂપિયાની કમાણી કરે છે. બીજું, તે અને તેની માતાને મિલકતમાંથી ભાડાની રકમ મળે છે. ખંડપીઠે જણાવ્યું હતું કે હાઈકોર્ટે ફેમિલી કોર્ટના તારણો સાથે વ્યવહાર કર્યો નથી, જે મુજબ પતિ પાસે અસંખ્ય મૂલ્યવાન મિલકતો હોવાનું કહેવાય છે અને હકીકત એ છે કે તે તેના પિતાનો એકમાત્ર કાનૂની વારસદાર છે. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ ખ્રિસ્તી રિવાજો અનુસાર વિખૂટા પડેલા આ યુગલના લગ્ન થયા હતા. પતિને તેના અગાઉના લગ્નથી એક પુત્ર હતો અને બીજા લગ્નથી કોઈ સમસ્યા નથી. પક્ષકારો વચ્ચેના સંબંધો વિખૂટા પડતાં, ૧૯ માર્ચ, ૨૦૧૯ ના રોજ, પતિએ ભારતીય છૂટાછેડા અધિનિયમની જોગવાઈઓ હેઠળ છૂટાછેડા માટે અરજી દાખલ કરી. તેણે વિવિધ ઘટનાઓને ટાંકીને ક્રૂરતાનો આરોપ લગાવ્યો અને છૂટાછેડા માટે વિનંતી કરી હતી.

# યુપીની પેટા ચૂંટણીઓમાં વિધાનસભાની નવ બેઠકોમાંથી ભાજપને પાંચથી સાત બેઠકો મળવાનું એક્ઝિટ પોલનું તારણ

## લોકસભાની ચૂંટણીઓ પછી શાસક અને વિપક્ષ વચ્ચે આ પહેલો ચૂંટણી મુકાબલો છે પણ કોંગ્રેસ પેટા ચૂંટણીઓ લડી રહી નથી અને સમાજવાદી પાર્ટીને ટેકો આપ્યો છે જે ઈન્ડિયા બ્લોકમાં સાથી પક્ષ છે, બહુજન સમાજ પાર્ટી એકલા હાથે તમામ નવ બેઠકો પર લડી રહી છે

(એજન્સી) લખનૌ, તા.૨૧

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની નવ બેઠકોની પેટા ચૂંટણી યોજાઈ છે અને બુધવારે મતદાન થઈ ગયું છે એ પછી સંખ્યાબંધ એક્ઝિટ પોલમાં ભાજપને સૌથી વધુ પાંચથી સાત બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે. કોંગ્રેસ પેટા ચૂંટણીઓ લડી રહી નથી પણ કોંગ્રેસે તેના ઈન્ડિયા બ્લોકના સાથી સમાજવાદી પાર્ટીને ટેકો આપ્યો છે જ્યારે બહુજન સમાજ પાર્ટી એકલા હાથે તમામ નવ બેઠકો લડી રહી છે.

બુધવારે મતદાનની શરૂઆત ધીમી રહી હતી પણ એ પછી ગતિ પકડી હતી છતાં કોઈ બેઠક પર મતદાનની ટકાવારી ૬૦ ટકા પાર કરી શકી નથી સૌથી ઓછું ગાઝિયાબાદમાં ૩૩ ટકા મતદાન થયું હતું. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીઓમાં યુપીમાં સરેરાશ ૬૧.૦૩ ટકા મતદાન થયું હતું આ વખતે આ નવ બેઠકોની પેટા ચૂંટણીમાં કોઈ બેઠક પર મતદાન ૬૦ ટકા સુધી પણ પહોંચી શક્યું નથી. સૌથી વધુ ૫૭.૩૨ ટકા મતદાન કુંદરકી



બેઠક પર નોંધાયું હતું. જોકે આ બેઠકોના પરિણામોથી યુપી વિધાનસભામાં ભાજપની શક્તિમાં કોઈ ઘસારો થશે નહીં કેમકે ૪૦૩ સભ્યોના યુપી વિધાનસભા ગૃહમાં ભાજપના ૨૫૧ સભ્યો છે અને સમાજવાદી પાર્ટીના ૧૦૫ સભ્યો છે.

વડોદરામાં ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્રની હત્યા બાદ

# કારેલીબાગ પોલીસ સ્ટેશન દ્વારા મુસ્લિમ સમુદાયની હેરાનગતિ કરાતા રાજ્યના ડીજીપીને રજૂઆત

## મુસ્લિમ વિસ્તારોમાં કોમ્બિંગના નામે ઘરોમાં ઘૂસી નુકસાન પહોંચાડી ભયનો માહોલ ઊભો કરવા તથા મુસ્લિમોના દબાણો દૂર કરાતા હોવા અંગે અમદાવાદની જમીઅત ઉલમાએ હિન્દ દ્વારા ડીજીપીને પત્ર લખી હેરાનગતિ તાત્કાલિક અટકાવવા માંગ કરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા શહેરમાં તપન પરમારની હત્યાના બનાવ બાદ કારેલીબાગ પોલીસ સ્ટેશન દ્વારા લઘુમતી સમુદાય ઉપર કરવામાં આવતી હેરાનગતિ અંગે અમદાવાદના જમીઅત ઉલમાએ હિન્દ ગુજરાત સંસ્થા દ્વારા રાજ્યના ડીજીપીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

વડોદરા શહેરના નાગરવાડા વિસ્તારમાં આવેલ મહેતા વાડીમાં રહેતા ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ પરમારના પુત્ર તપન પરમારની બાબર પઠાણ અને તેના સાગરીતો દ્વારા એસએસજી હોસ્પિટલના પોલીસની હાજરીમાં જ ચપ્પુના ઘા ઝીંકી કરાયેલી હત્યાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. શહેર પોલીસ એકશનમાં આવી છે. હાલ આ મામલે આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે. પરંતુ લોકોમાં પણ ભારે રોષ ફેલાયો છે. ત્યારે પોલીસ અને કોર્પોરેશન દ્વારા સંયુક્ત રીતે કડક કાર્યવાહી હાથ ધરી છે. લઘુમતી વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણોનો સપાટો બોલાવવામાં આવી રહ્યો છે તેમજ કોમ્બિંગ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર બનાવ અંગે જમીઅતે ઉલેમા એ હિંદ સંસ્થા દ્વારા રાજ્યના ડીજીપીને પત્ર લખી વડોદરામાં કારેલીબાગ પોલીસ મથક હદ વિસ્તારમાં તેમજ અન્ય વિસ્તારમાં લઘુમતી સમાજના લોકોને હેરાનગતિ કરવામાં આવતી હોવાના આક્ષેપ સાથે રજૂઆત કરવામાં આવી છે. હાલ જમીઅત-ઉલમા-એ હિન્દના પ્રોફેસર નિશાર અહમદ અન્સારીની સહી વાળો આ પત્ર સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો છે. આ પત્રમાં જણાવ્યા અનુઆર જમીઅત ઉલમા એ હિંદ એક સામાજિક સંસ્થા છે અને તે કોઈ પણ જાતના ધર્મ, જાતિનાં ભેદભાવ વગર નિસ્વાર્થ સેવા છેલ્લા સો વર્ષ ઉપરાંતથી આપે છે. બે દિવસ અગાઉ તપન પરમાર નામની વ્યક્તિ ની બાબર પઠાણ દ્વારા હત્યા કરવામાં આવેલ છે. આ બનાવ બન્યા વડોદરા શહેર માં જે માહોલ ઊભો થયો છે તેના કારણે લઘુમતી સમાજ ભયના ઓથાર તળે જીવી રહ્યા છે. કારેલીબાગ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતા લઘુમતી સમુદાયના લોકોના ઘરે કોમ્બિંગ ના નામે પોલીસ દ્વારા લોકોના ઘરોમાં ઘૂસી નુકશાન પહોંચાડે છે અને એક ભયનો માહોલ ઉભો કરવામાં આવે છે. ઉપરોકત અમારી હકીકતો ધ્યાને લઈ કારેલી બાગ પોલીસ સ્ટેશન દ્વારા કોમ્બીંગના નામે લઘુમતી સમુદાયના લોકોને કરવામાં આવતી હેરાનગતિ અટકાવવા તાત્કાલિક કાર્યવાહી કરવા નમ્ર અરજ છે.

### જમીઅત ઉલમાએ હિન્દીની પોસ્ટ બાદ પૂર્વ મેયર સોલંકીના પેટમાં તેલ રેડાયું

# સોશિયલ મીડિયા પર નફરતી પોસ્ટ લખી પોતાની કોમવાદી માનસિકતા છતી કરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

જમીઅતે ઉલેમાએ હિંદ દ્વારા લઘુમતી વિસ્તારોમાં તપન પરમારની હત્યા બાદ પોલીસ દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હોવાની રજૂઆત કરાતાં બાદ વડોદરામાં પૂર્વ મેયર સુનીલ સોલંકીના પેટમાં તેલ રેડાયું હતી અને તેને સોશિયલ મીડિયા પર જમીઅતે ઉલેમાએ હિંદના પત્ર સાથે એક પોસ્ટ લખી પોતાના કોમવાદી વિચારો રજૂ કર્યા હતા.

જમીઅતે ઉલેમાએ હિંદ દ્વારા રાજ્યના પોલીસ વડાને પત્ર લખી કારેલીબાગ પોલીસે મથકના વિસ્તારમાં તપન પરમારની હત્યા બાદ લઘુમતી વિસ્તારોમાં કોમ્બિંગના નામે ઘુસી હેરાનગતિ કરવામાં આવી રહી હોવાના આક્ષેપ કરી રજૂઆત કરી હતી. આ રજૂઆતનો પત્ર વડોદરા શહેર ભારતીય જનતા પાર્ટીના પૂર્વ મેયર સુનિલ સોલંકીએ સોશિયલ મીડિયામાં પત્રની પોસ્ટ કરી છે અને આ બાબતે કટાક્ષ પણ કર્યો છે.

સુનીલ સોલંકી એ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, જમીઅત ઉલમા-એ-હિન્દ ગુજરાત તપનની ઘાતકી હત્યા બાદ વડોદરાની કારેલીબાગ પોલીસ લઘુમતી સમુદાયને હેરાન કરે છે, તેવી આ લેટરમાં કરાયેલી રજૂઆત આપણાં સૌ હિન્દુ સમાજ માટે ચેતવા જેવી છે, ઘૃણા પેદા કરે તેવી છે, નિર્દોષ હત્યાને વખોડવી નથી. પોલીસ બાબર એન્ડ કંપની અને તેના જેવા ટપોરીઓને દબોચવા આકાશ પાતાળ એક કરી રહી છે, ત્યારે આવા બનાવોને આવા પત્રથી વધુ પ્રોત્સાહન મળશે. વધુ બાબરો ઊભા થશે. બાબરોને છોડાવવા આજ લોકો આગળ આવશે.સંસ્કારી નગરી વડોદરા હવે આવાં કોઈજ ટપોરીઓને બક્ષવા માંગતું નથી અને જો કોઈ આવા લોકોને સપોર્ટ કરશે તેને હવે પ્રજા સાંખી લેવાના મૂડમાં નથી. જેહાદીઓ, ઘાતકી, લુખ્ખાઓ, બેફામ બનેલા ટપોરીઓને સમાપ્ત કરવા હજુ વધુ કડક કાર્યવાહી પોલીસ કરે તે માટે આપણે પોલીસ અને પ્રશાસનને સમર્થન કરીએ.

એક જ મહિનામાં સાયબર ક્રાઈમની અનેક ફરિયાદો નોંધાઈ

# સાયબર ફ્રોડથી ગઠિયાઓએ ગુજરાતીઓના ૧૫૦ કરોડ ખંખેર્યા : ૧૧,૬૦૦ કેસ નોંધાયા

## ઈન્ટરનેટના વધતા ઉપયોગને લઈ સાયબર ગુનેગારો પણ લોકોને નવી રીતે છેતરવા માટે તૈયાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

સાયબર ફ્રોડે એક જ મહિનામાં ગુજરાતીઓના કરોડો રૂપિયા પડાવી લીધા છે. રાજ્યમાં ઓનલાઈન છેતરપિંડીના બનાવો વધી રહ્યા છે.ગુજરાત સહિત દેશભરમાં સાયબર ક્રાઈમથી કરોડોની છેતરપિંડી થઈ રહી છે. ત્યારે સ્ટેટ સાયબર સેલ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે ચોંકાવનારા આંકડા જાહેર કર્યા છે. જે મુજબ માત્ર ઓક્ટોબર મહિનામાં થયેલા સાયબર ફ્રોડના આંકડાઓ પર નજર કરીએ તો, ખોટી ઓળખના ૨ હજાર ૨૭૦, ઓનલાઈન શોપિંગના ૧ હજાર ૧૩૦, તથા અન્ય કેસમાં ૧ હજાર ૪૦૦ સાથે મળીને કુલ ૧૧ હજાર ૬૦૦ કેસ નોંધાયા છે.

સ્ટેટ સાયબર સેલ સીઆઈડી ક્રાઈમ દ્વારા જાહેર થયેલા આંકડામાં અંદાજે રૂપિયા ૧૫૦ કરોડની છેતરપિંડી ગુજરાતમાં થઈ છે, જે માટે ૧૧,૬૦૦ ફરિયાદો નોંધાઈ છે. સાયબર ક્રાઈમની સામે જાગૃતિ માટે પોલીસ અને સરકારના અભિયાન પર પાણી ફરી રહ્યું છે તેવું આ આંકડાઓ પરથી કહી શકાય.

સાયબર સેલનું કહેવું છે, કે ગત ઓક્ટોબર મહિનામાં ખોટી ઓળખના ૨,૨૭૦ કેસ, કાર્ડના ૧,૧૫૧ કેસ, ઓનલાઈન શોપિંગ ૧,૧૩૦ કેસ તથા અન્ય ૧,૪૦૨ સહિત ૧૧,૬૦૦ કેસ નોંધાયા હતા. આમ ઓનલાઈન છેતરપિંડીના કિસ્સામાં સોશિયલ મીડિયામાં કોઈ પણ લાલચમાં ન આવવાની અપીલ પણ પોલીસે કરી છે. આમ વિવિધ સાયબર ફ્રોડના માધ્યમથી આરોપીઓએ ગુજરાતીઓના ૧૫૦ કરોડ રૂપિયા ખંખેરી લીધા છે.

ઉલ્લેખનીય છે કે સાયબર ફ્રોડ અટકાવવા માટે જાગૃતિ સૌથી મહત્ત્વપૂર્ણ છે. સાયબર ક્રાઈમ આજે એક મોટી સમસ્યા બની ગઈ છે. ઓનલાઈન ટ્રાન્જેકશન, સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટના વધતા ઉપયોગથી સાયબર ગુનેગારો પણ લોકોને નવી રીતે છેતરવા માટે તૈયાર છે. ત્યારે સાયબર ક્રાઈમ અંગે જાગૃત રહેવું ખૂબ જરૂરી છે.

# બોગસ નર્સિંગ કોલેજ મુદ્દે ધારાસભ્ય ચૈતર વસાવાનું નર્મદા કલેકટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન

## લાખોની ફી લઈને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવ્યા છે : આપ ધારાસભ્ય

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૨૧

માં કામલ ફાઉન્ડેશન નામની બોગસ નર્સિંગ કોલેજના મુદ્દે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ભોગ બનેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે આજે નર્મદાના કલેક્ટર ખાતે ધરણા ઉપર બેઠા હતા. આ દરમિયાન ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ મારી પાસે આવ્યા અને તેમણે જણાવ્યું કે માં કામલ નર્સિંગ કોલેજમાં તેમણે ઓરીજનલ ડોક્યુમેન્ટ જમા કરાવ્યા અને લાખોની ફી ભરીને એડમિશન લીધું, ત્રણ વર્ષથી કોઈ સ્કોલરશીપ આપવામાં આવી નથી, ત્રણ વર્ષથી કોઈ કોચિંગ કે તાલીમ આપવામાં નથી આવી, કે આજ સુધી કોઈ યુનિવર્સિટી જોઈ નથી. જે વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે ફીસ કરી હતી તેમને પણ પરીક્ષામાં બેસવા દીધા નથી. જેના કારણે વિદ્યાર્થીઓના ત્રણ ચાર વર્ષ બગડી ગયા છે અને તેઓનું ભવિષ્ય અંધકાર પણ બન્યું છે. આજે આ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ખૂબ જ ચિંતામાં છે. આ સમગ્ર મામલાની ફરિયાદ મળતા મેં નર્સિંગ કોલેજની મુલાકાત લઈને જોયું કે બોગસ ટ્રસ્ટ દ્વારા નર્સિંગ કોલેજ ચાલે છે એ બાબતને લઈને તમામ વિદ્યાર્થીઓને સાથે રાખીને નર્મદા પોલીસ અધિક્ષકને આ મુદ્દા પર ફરિયાદ કરી હતી. અમે સરકારને સવાલ પૂછવા માંગીએ છીએ કે આટલા દિવસોથી સરકારે આ કેસ પર શું તપાસ કરી? કેટલા વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ પાછા અપાવ્યા ? કોલેજનો એક વ્યક્તિ બધા વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ લઈને ફરે છે તો તેની પાસેથી ડોક્યુમેન્ટ લઈને વિદ્યાર્થીઓને શા માટે ડોક્યુમેન્ટ પાછા નથી અપાવી શકતા? અમારી સ્પષ્ટ માંગણીઓ છે કે, વિદ્યાર્થીઓએ ત્રણ વર્ષની ફી ભરી છે તો ત્રણ વર્ષનો કોર્સ કરાવી દો, કોચિંગ અને પ્રેક્ટિસ કરાવી દો અને તમામ રીતે શૈક્ષણિક કામકાજ પૂરૂં કરો અને ત્રણ વર્ષની શિષ્યવૃત્તિ અપાવો અથવા તો ત્રણ વર્ષની ફી પાછી અપાવી દો. જો આ લોકો ગુજરાતની સંલગ્ન કોઈ યુનિવર્સિટી સાથે કોર્સ પૂરો કરાવી દે છે અને જી.એન.એમ ક્લિયર કરાવે તો પણ ઠીક છે અને એની સાથે સાથે ત્રણ વર્ષની સ્કોલરશીપ પણ વિદ્યાર્થીઓને જોઈએ. જો આ લોકો આ તમામ બાબતની બાંહેધરી લેતો આપણે આપણું કાર્યક્રમ સ્થગિત કરીશું. પરંતુ આવી કોઈ બાંહેધરી લેવામાં આવશે નહીં તો આપણે કોલેજ સામે ધરણા દઈશું. ૭૦૦૦ વિદ્યાર્થીઓ સાથે આવી ઘટના ઘટી ગઈ ત્યાં સુધી સરકાર શું કરી રહી હતી, આ મારો સવાલ છે. જે પણ FIR થવાની છે તે સરકારી એફઆઈઆર કરવાની રહેશે. નર્મદા જિલ્લાના RMOએ એફઆઈઆરમાં પોતે મુખ્ય અરજદાર રહેશે તેવી બાંહેધરી લીધી છે. અમારે આ મુદ્દા પર સરકારી FIR જ જોઈએ છે કારણ કે અમે નથી ઈચ્છતા કે કોઈ પણ વિદ્યાર્થીઓને એફઆઈઆર કરવા બદલ હેરાન પરેશાન કરવામાં આવે.



(તસવીર : વહાબ શેખ, રાજપીપળા)

અંકલેશ્વર-હાંસોટ રોડ પર

# ઉભેલા જેસીબીમાં બાઈક ઘૂસી જતાં આશાસ્પદ યુવાનનું કરૂણ મોત

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર-હાંસોટ રોડ પર એશિયાડ નગર નજીક માર્ગ પર ઉભેલા જેસીબી મશીન સાથે બાઈક ચાલક ધડાકાભેર ભટકાતા બાઈક સવાર યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું. અંકલેશ્વર રોડ ઉપર આવેલ એશિયાડ નગર નજીકના હનુમાન મંદિર પાસે નગર સેવાસદનની ગટર લાઈનનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન ગત રાત્રીના સમયે જેસીબી ચાલકે ખોદકામ કરી જેસીબી મશીન બેદરકરીપૂર્વક મુખ્ય માર્ગ પર જ ઉભુ રાખી દીધુ હતુ. આ દરમિયાન અંકલેશ્વરની જનક વાટિકા સોસાયટીમાં રહેતો ૨૮ વર્ષીય નિકુંજ ઠાકોરભાઈ પટેલ તેની બાઈક લઈ ત્યાંથી પસાર થઈ તેના ઘરે જઈ રહ્યો હતો ત્યારે રાત્રિના અંધારામાં જેસીબી નજરે ન પડતા બાઈક જેસીબી મશીન સાથે ધડાકાભેર ભટકાયું હતું અને સામેથી આવતી ઈકો કાર સાથે અકસ્માત સર્જાયો હતો જેમાં ગંભીર ઈજાના પગલે નિકુંજ પટેલનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાની સાથે જ આસપાસના લોકો દોડી આવ્યા હતા તો અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો જેસીબી ચાલકે બેદરકારી પૂર્વક મશીન મુખ્ય માર્ગ પર જ ઉભું કરી દેતા અકસ્માત સર્જાયો હતો ત્યારે પોલીસે જેસીબીના ચાલક અનિલ રાજભર વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વર નજીક સંજાલી-પાનોલી નવી લાઈન પર ગુડ્સ ટ્રેન દોડાવાઈ




(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૧

વડોદરા રેલવે ડિવિઝનમાં સંજાલી-પાનોલી કનેક્ટિંગ લાઈન પર પ્રથમ ગુડ્ઝ ટ્રેન સફળતાપૂર્વક દોડાવવામાં આવી હતી. દિલ્હી-મુંબઈ વેસ્ટન ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોરનો લાભ અંકલેશ્વરની પાનોલી GIDC અને આસપાસના ઉદ્યોગોને રેલવે જોડાણ મળે તે માટે સંજાલી પાનોલી કનેક્ટેડ લાઈન વિકસાવવામાં આવી છે. જેની સફળ ટ્રાયલ લઈ વડોદરા DRM અને અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં ટ્રેનનો પ્રારંભ કરાયો છે. આ રૂટ પર માલગાડી શરૂ થતા માલ પરિવહન મજબૂત બનવા સાથે સ્થાનિક ઉદ્યોગોને સસ્તી અને ઝડપી પરિવહન સેવા ઉપલબ્ધ થઈ છે.

### સોશિયલ મીડિયામાં આણંદમાં આમ આદમી પાર્ટીના અગ્રણીએ મુસ્લિમ વિરોધી પોસ્ટ મૂકતા રોષની લાગણી

આણંદ, તા.૨૧

આણંદ શહેરમાં આમ આદમી પાર્ટીનાં કાર્યકર અને ગત વિધાનસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર ગીરીશ સેંડલીયાએ સોશ્યલ મિડીયા ફેસબુક પર મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવી પોષ્ટ મુકતા મુસ્લિમ સમાજમાં ભારે રોષ પ્રવર્તી ઉઠયો છે, આ બનાવ અંગે આણંદ ટાઉન પોલીસ મથકમાં લેખીત ફરીયાદ આપી ગુનો નોંધવાની માંગ કરવામાં આવી છે. મળતી વિગતો અનુસાર આમ આદમી પાર્ટીનાં આણંદ વિધાનસભા બેઠકનાં ઉમેદવાર ગીરીશભાઈ સેંડલીયા દ્વારા સોશ્યલ મિડીયા ફેસબુક પર મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવી પોસ્ટ કરી તેમજ તેનાં કારણે બે સમાજ વચ્ચે પૂર્વગ્રહ અને નફરત વધે તેમજ કોમી એખલાસ જોખમાય તેવી પોસ્ટ મુકતા મુસ્લિમ સમાજમાં ભારે રોષ પ્રવર્તી ઉઠયો છે, આ બનાવ અંગે આણંદ શહેરમાં અમિના મંઝીલ પાસે રહેતા ફૈયાઝખાન ફિરોજખાન પઠાણએ આણંદ ટાઉન પોલીસ મથકે લેખીત ફરીયાદ આપી ગીરીશભાઈ સેંડલીયા વિરૂદ્ધ ગુનો નોંધવાની માંગ કરી છે.

# પાલનપુરના જગાણા નજીક ભેખડ ધસી જતા એકનું મોત, એક ગંભીર



(તસવીર : અખતર ચોહાન, પાલનપુર)

પાલનપુર, તા.૨૧

પાલનપુરના જગાણા નજીક ભેખડ ધસી પડતા બે લોકો દટાયા હતા. બંને ઈજાગ્રસ્ત શ્રમિકોને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે એકનું મોત નીપજ્યું હતું. જ્યારે એક ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પાલનપુર તાલુકાના જગાણા નજીક આજે ગેસની પાઈપલાઈનનું ખોદકામ ચાલી રહ્યું હતું. અચાનક માટી ભેખડ પડી જતા કામ કરતા બે શ્રમિકો દટાઈ ગયા હતા. જોકે આસપાસના લોકોને જાણ થતાં બે ઈજાગ્રસ્ત શ્રમિકો ને બહાર કાઢી ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બન્નો શ્રમિકો પરપ્રાંતિય હતા સંજુ અને પાર્થ દત્ત બન્ને જણ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે જોકે મળતી માહિતી મુજબ એક શ્રમિકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યુ છે. ગેસની પાઈપ લાઈનની કામગીરી દરમ્યાન બની ઘટના બની હતી.

# કોડીનાર : દુકાનમાં હુમલો કરવાના બનાવમાં ૬ આરોપીની ધરપકડ

કોડીનાર, તા.૨૧

કોડીનારના છારા જાપા વિસ્તારમાં આવેલ જગદીશ ફાસ્ટ ફૂડ નામની દુકાનમાં ગઈકાલે ભરબપોરે હુમલો કરવાની ઘટનામાં ઈજા પામનાર ધ્રુવ દિનેશભાઈ સવનીયાએ આઠ શખ્સો સામે પોલીસમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે.ગઈકાલે કોડીનારમાં ફાસ્ટ ફૂડના ધંધાર્થીની દુકાને જઈ તલવાર ધારિયા જેવા ઘાતક હથિયારો સાથે આંતક મચાવ્યા બાદ આરોપીઓએ જગદીશ ફાસ્ટ ફૂડવાળા ભાવિકભાઈના ઘરે જીવલેણ હુમલો કરવાની તૈયારી સાથે ગયેલા જ્યાં ભાવિકભાઈના કૌટુંબિક ભાઈ ધ્રુવ સવનીયા તેમના પરિવારજનોને ગાડીમાં બેસાડીને બહાર જવાની તૈયારી કરતા હતા તે વખતે છરી જેવા જીવલેણ હથિયાર સાથે આરોપીઓએ તેમના ઉપર પણ હુમલો કર્યો હતો. ફરિયાદમાં ધ્રુવ દિનેશભાઈએ જણાવ્યું છે કે તેમના કૌટુંબિક ભાઈ ભાવિકે આરોપી વિશાલ વાઢેરની પત્ની સાથે સોશિયલ મીડિયામાં વાતચીત કરેલ જે બાબતનું મન દુઃખ રાખીને જગદીશ ફાસ્ટ ફૂડમાં જઈને તલવાર અને ધારિયા સાથે જઈને રાજ સવનીયા સાથે પ્રથમ માથાકૂટ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદ ફરિયાદી રાજ સવનીયા ઘર પાસે ઊભા હતા ત્યારે આ કામના આરોપી કુલદીપ કરસન વાઢેળ, વિશાલ વાઢેર, શૈલેષ વાઢેર, ભવદીપ દિનેશ અપરનાથી,સુનિલ ખીમા વાઢેર, અજય દિનેશ સોસા, બિપીન જયંતિ વાઢેળ તથા જય ગોવિંદ વાજાએ ફરિયાદી ધ્રુવ દિનેશભાઈને ગંભીર ઈજા પહોંચાડતા તેમને રા.ના. વાળા હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. ધોળે દિવસે બનેલી આંતકીય ઘટનાથી બજારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. બનાવ અંગે પોલીસે ગણતરીની કલાકો માં છ જેટલા આરોપીની ધરપકડ કરીને ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

માળિયા મિંયાણાના ખાખરેચી ગામની સીમમાં

# વીજ લાઈન લડત મામલે આજે ખેડૂતોને મોટી સંખ્યામાં એકત્રિત થવા આહ્‌વાન

મોરબી, તા.૨૧

માળીયામિંયાણાના ખાખરેચી ગામની સીમમાં અમદાવાદ લાકડીયા વિજ લાઈન મામલે લડત ચલાવતા ખેડુતોની વહારે આજદીન સુધી કોઈ ન ડોકાતા મોરબી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડુતોને સાથે રાખી ખાખરેચી ગામે ખેડુતોની લડતમાં સહભાગી બનવા તા.૨૨ નવેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે મોટી સંખ્યામાં ખેડુતોને એકત્રિત થવા આહવાન કરવામાં આવ્યું છે લાકડીયાથી અમદાવાદ જતી ૭૬૫ હેવી વિજ લાઈનમાં પાવર ગ્રીડ કંપની દ્વારા ખેડુતોને યોગ્ય વળતર ન ચુકવી અન્યાય કરતા હોવાથી ખેડુતો લાંબા સમયથી આંદોલન ચલાવવીને પોતાની હક્કની વાત સ્થાનીક નેતા કલેકટર અને ગાંધીનગર સુધી રજૂઆત કરીને ન્યાયની માંગ સાથે યોગ્ય વળતર ચુકવવા માંગણી કરેલ પરંતુ ખેડૂતોનુ સાંભળવા આજે કોઈ તૈયાર નથી જેથી ખેડૂતોમાં રોષ ભભુકી ઉઠયો છે જેથી આગામી તા.૨૨મી નવેમ્બરના રોજ લડતના મંડાણ થવા જઈ રહ્યા છે જેમાં મોટી સંખ્યામાં ખેડૂતોને ઉમટી પડવા હાકલ કરવામાં આવી છે.

# ખંભાળિયા નજીક બે કાર વચ્ચે અકસ્માતમાં મહિલાનું મોત

### પતિ, પુત્ર અને પુત્રી ઘાયલ

સુરેન્દ્રનગર, તા.૨૧

લીંબડી દ્વારકા જિલ્લાના મીઠાપુર ભત્રીજીના લગ્ન પ્રસંગેથી પરત ફરતા લીંબડીના વિપ્ર પરિવારને ખંભાળિયા નજીક અકસ્માત નડ્યો હતો. ક્રેટા અને વેગેન આર કાર વચ્ચે અકસ્માત સર્જાતા પત્નીનું મૃત્યુ થયું હતું. જ્યારે પતિ, પુત્ર અને પુત્રી ઘાયલ થયા હતા. લીંબડી ભોગાવો નદીના કાંઠે જૂની કન્યા શાળા બાજુમાં રહેતા ભાવેશભાઈ ગિરિશચંદ્રભાઈ યાજ્ઞિક, પત્ની સંગીતાબેન, પુત્ર પ્રણવ અને પુત્રી ઉન્નતિ સાથે દ્વારકા નજીક મીઠાપુર રહેતા નાનાભાઈ સંદીપની પુત્રીના લગ્ન પ્રસંગે ગયા હતા. ભત્રીજીનો લગ્ન પ્રસંગ પૂર્ણ કરી ભાવેશભાઈ પરિવાર સાથે પોતાની વેગન આર કાર લઈને લીંબડી પરત ફરી રહ્યા હતા. ભાવેશ કાર ચલાવી રહ્યા હતા, પત્ની સંગીતાબેન તેમની બાજુની સીટમાં બેઠા હતા. જામનગર રોડ પર હંજડાપર ગામના પાટિયા પાસે સામેથી તેજ ગતિથી આવતી ક્રેટા કારે ભાવેશની વેગન આર કારને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ભાવેશનો પરિવાર ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘાયલોને ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી જામનગર ખાનગી હોસ્પિટલે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ૫૨ વર્ષિય સંગીતાબેન યાજ્ઞિક મૃત્યુ પામ્યા હતા. અકસ્માત સર્જનાર ક્રેટા કારના ચાલક સામે ખંભાળિયા પોલીસ મથકે ફરિયાદ નોંધવાઈ છે.

અધિકારીઓએ કામગીરીનું નિરીક્ષણ કર્યું

# અસારવા-હિંમતનગર રેલવે ટ્રેક વચ્ચે ઈલેક્ટ્રિફિકેશનનું કામ પૂર્ણ થતાં ૧૧૦ની સ્પીડે ટ્રેન દોડાવાઈ

હિંમતનગર, તા.૨૧

અસારવાથી ઉદેપુર રેલવે લાઈન પર ઈલેક્ટ્રિફિકેશન કરવાની જાહેરાત બાદ કામગીરી શરૂ થઈ હતી. અસારવાથી હિંમતનગર સેક્શનમાં સંપૂર્ણ કામગીરી પૂર્ણ થતાં WRના PCEEએ આજે ઈન્સ્પેકશન કર્યા બાદ સ્પીડ ટ્રાયલ કર્યો હતો.

અસારવાથી હિંમતનગર સેક્શનમાં ઈલેક્ટ્રિફિકેશનની કામગીરી પૂર્ણ થયા બાદ કેટલીક કામગીરી બાકી હતી. જે સંપૂર્ણ પૂર્ણ થયા બાદ આજે ૧૯ નવેમ્બરને મંગળવારે વેસ્ટર્ન રેલવે અમદાવાદ ડિવિઝનના ઈલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટના PCEE રંજન શ્રીવાસ્તવ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ પરખ(પાવર)સાથે સવારે ૯.૩૦ કલાકે અસારવાથી હિંમતનગર સેક્શનમાં ઈલેક્ટ્રિફિકેશનનું ઈન્સ્પેકશન માટે નીકળ્યા હતા. દરમિયાન સ્ટેશનો પર ઉપરાંત જેટકોની ઓવરહેડ સહિતની લાઈનોનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન દહેગામ SSP સ્ટેશનનો પ્રારંભ કર્યો હતો. બપોરે ૧ કલાકે હિંમતનગર સ્ટેશન પર આવી પહોંચ્યા હતા. જ્યાં સ્ટેશન પર પણ નિરીક્ષણ કર્યા બાદ પરત હિંમતનગરથી અસારવા ઈલેક્ટ્રિક પાવર સાથે સ્પીડ ટ્રાયલ કરવામાં આવ્યું હતું. જે ઈલેક્ટ્રિક પાવર ૧૧૦ની સ્પીડ સુધી દોડાવ્યું હતું. હાલમાં અસારવાથી હિંમતનગર સેક્શન પર ઈલેક્ટ્રિક ટ્રેન દોડાવવા માટે સંપૂર્ણ સજ્જ થઈ ગયું છે. ત્યારે હિંમતનગરથી ઉદેપુર તરફની ઈલેક્ટ્રિફિકેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે જે કામગીરી પૂર્ણ થયા બાદ અસારવાથી ઉદેપુર ઈલેક્ટ્રિક ટ્રેન શરૂ થશે. તો હાલમાં અસારવાથી હિંમતનગર ઈલેક્ટ્રિક ટ્રેન શરૂ થઈ શકે તે માટેની કામગીરી પૂર્ણ થઈ છે.

# આજે ભાવનગરમાં રોજગાર ભરતી મેળાનું આયોજન

ભાવનગર, તા.૨૧

ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા.૨૨/૧૧/૨૦૨૪નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, એફ-૫/૬, બહુમાળી ભવન ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રજિસ્ટર્ડ નર્સ, આઈ. ટી. એક્સિક્યુટિવ, ટ્રેની, પ્લાન્ટ સૂપરવાઈઝર, ઓનલાઈન માર્કેટિંગ એક્સિક્યુટિવ, વેલ્ડર, ફીટર, મશીનિસ્ટની જગ્યા માટે ખાનગી કંપનીનાં નોકરીદાતા દ્વારા જરૂરીયાત મુજબ GNM, B.Sc. નર્સિંગ, આઈ.ટી.આઈ., ડિપ્લોમા, તેમજ ગ્રેજ્યુએટની શૈક્ષણિક લાયકાત ધરાવતા તથા ૧૮ થી ૪૦ વર્ષ સુધીની ઉંમર ધરાવતા ઉમેદવારોની નોકરી માટે પસંદગી કરવામાં આવશે. જોબફેરમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ બાયોડેટા/રીઝયુમની પાંચ ઝેરોક્ષ, તમામ પ્રમાણપત્રોની નકલ સાથે ઉપસ્થિત રહેવું તેમજ નોકરીદાતા, જગ્યા અને જરૂરી લાયકાત અંગેની વિસ્તૃત માહિતી માટે ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરીની telegram ચેનલ EMPLOYMENT OFFICE-BHAVNAGAR (GOG)ની મુલાકાત લેવી, તેમ જિલ્લા રોજગાર અધિકારી, ભાવનગરની અખબારી યાદીમાં જણાવ્યું છે.


રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળ:

શનિવાર, 23 નવેમ્બર 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રસોઈ, કાળુભા રોડ, કાલાનાળા, ભાવનગર – 364001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

રવિવાર, 24 નવેમ્બર 2024; સવારે 11:00 વાગ્યાથી.
હોટેલ સેફ્રોન, અક્ષરવાડી સામે, વાઘાવાડી રોડ, ભાવનગર – 364 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

રવિવાર, 24 નવેમ્બર 2024; સવારે 11:00 વાગ્યાથી.
હોટેલ કંકાવટી, બાવળા, રજોડા– ગામ, જિલ્લો– અમદાવાદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દિવ્યેશ જોષી, મોબાઈલ : 98793 61437.

સોમવાર, 25 નવેમ્બર 2024; સાંજે 6:00 વાગ્યાથી.
હોટેલ લાજવંતી, એરોમા સર્કલ, પાલનપુર – 385 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ સફવાન રાઠોડ, મોબાઈલ : 96628 91934.

સોમવાર, 25 નવેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ બ્લુબેરી, અંબા આશ્રમની સામે, કોલેજ રોડ, નડિયાદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરલ જોષી, મોબાઈલ : 70166 95863.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે. વોક-ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેવડદેવડ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

### સમગ્ર મામલામાં હજુ વધુ તપાસ બાકી હોઈ કોર્ટમાં સાત દિવસના વધુ રિમાન્ડની માગણી કરાઇ હતી

# અમદાવાદના ચર્ચાસ્પદ ખ્યાતિ હોસ્પિટલકાંડમાં ઓપરેશન કરનાર આરોપી તબીબ વધુ રિમાન્ડ પર

### અન્ય ફરાર આરોપીના ઘરની તપાસ દરમ્યાન પાન-મસાલાના થેલામાંથી દારૂ મળી આવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદના ચર્ચાસ્પદ ખ્યાતિકાંડ મામલે ઝડપાયેલા ડો. પ્રશાંત વઝીરાણીના આજે સાત દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં પોલીસ દ્વારા અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. નિષ્ણાત તબીબોની ટીમને સાથે રાખી હજી અનેક બાબતોની તપાસ કરવી જરૂરી હોઈ, પોલીસ દ્વારા વધુ સાત દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવતા કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બીજી તરફ ખ્યાતિકાંડના ફરાર આરોપીની તપાસ સઘન બનાવવામાં આવી છે.



અમદાવાદની ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૧૯ દર્દીની ખોટી રીતે એન્જિયોગ્રાફી અને ૭ દર્દીની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. એમાંથી બે દર્દીનાં મોત થતાં ડો. પ્રશાંત વઝીરાણી સહિત પાંચ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો અને તેની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે અન્ય ચાર આરોપી ભૂગર્ભમાં ચાલ્યા ગયા હોઈ, તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ફરાર એવા કાર્તિક પટેલના ઘરે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ તપાસ માટે પહોંચી હતી. બીજી તરફ ખ્યાતિકાંડ મામલે ઝડપાયેલા ડો. પ્રશાંત વઝીરાણીના સાત દિવસના રિમાન્ડ પૂર્ણ થતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આજે વધુ તપાસ અર્થે સાત દિવસના રિમાન્ડની માગણી સાથે ડો. પ્રશાંતને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં બંને પક્ષોની દલીલો સંભાળ્યા બાદ કોર્ટે ચાર દિવસના એટલે કે ૨૫મી તારીખે બપોરે ૪ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ખ્યાતિકાંડ મામલે ખાસ સરકારી વકીલ વિજય બારોટે જણાવ્યું હતું કે, ક્રાઈમ બ્રાન્ચ વધુ સાત દિવસના રિમાન્ડ માગ્યા હતા. ડો. પ્રશાંતે ફ્રોડ ડોક્યુમેન્ટ તૈયાર કર્યા છે તેના માટે જે સિક્કા બનાવવામાં આવ્યા છે તેની તપાસ કરવાની બાકી છે. ડોક્યુમેન્ટ પર જે સહી છે તેની તપાસ કરવાની પણ બાકી છે. બેંક ખાતામાં પૈસાની જે લેવડદેવડ થઈ છે તે કોના દ્વારા કરવામાં આવી તેની તપાસ પણ કરવામાં આવી રહી છે. ડો. પ્રશાંતે એન્જિયોગ્રાફીના ખોટા ચાર્ટ બનાવી અન્ય આરોપીઓ સાથે મળી સિસ્ટમેટિક ફ્રોડ કર્યું હોવાનું સામે આવ્યું છે. ત્યારે આ મામલાની વધુ તપાસ માટે ડો. પ્રશાંતની વધુ પૂછપરછ જરૂરી હોઈ રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. કોર્ટે બંને પક્ષોને સાંભળ્યા બાદ રિમાન્ડ મંજૂર કરવાના આદેશો જારી કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૧૯ જેટલા લોકોને એન્જિયોગ્રાફીની અને એમાંથી સાત લોકોને એન્જિયોપ્લાસ્ટીની જરૂર ન હોવા છતાં હોસ્પિટલ દ્વારા PMJAY યોજનાનો લાભ લેવા માટે કરી નાખી હતી. એમાંથી બે લોકોનાં મોત નીપજતાં હોસ્પિટલના ડો. પ્રશાંત વઝીરાણી, ડો. કાર્તિક પટેલ, ડાયરેક્ટર, ડો. સંજય પાટોલિયા, રાજશ્રી કોઠારી અને ચિરાગ રાજપૂત, CEO સામે ફરિયાદ નોંધવામાં આવી હતી, જે પૈકી ડો. પ્રશાંત વઝીરાણીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય ચાર આરોપી હજી પણ પોલીસ પકડથી દૂર હોઈ, તેમને ઝડપવા માટે પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી છે. ખ્યાતિકાંડ મામલે હોસ્પિટલના ડીરેક્ટપ કાર્તિક પટેલે સામે ફરિયાદ નોંધાયા બાદ તે ભૂગર્ભ ઊતરી ગયા છે ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ આજે એક ટીમ આજે સિંધુભવન રોડ પર આવેલી અભિશ્રી રેસિડેન્સીમાં કાર્તિક પટેલના નિવાસસ્થાન પર તપાસ માટે પહોંચી હતી.

# ક્રાઇમ બ્રાન્ચ અને સીઆઇડી નાણાંની રિકવરી અને મિલકતોના વિવાદમાં કેમ પડે છે ? હાઇકોર્ટનો સવાલ

### વેપારીઓની નાણાંની તકરારમાં રિકવરી માટે નોંધાતી ફરિયાદોમાં અમુક અધિકારીઓ ખાસ રસ લેતા હોય છે, પોલીસ ક્રાઇમ પ્રિવેન્શનમાં ધ્યાન આપતી નથી અને આવી કમાણી થાય તેવી મેટરોમાં રસ લેતી હોવાનું હાઇકોર્ટનું અવલોકન

(એજન્સી) તા.૨૧

બે વેપારીઓની નાણાકીય લેવડ-દેવડ બાબતનો કેસ દિવાની અદાલતમાં ચાલતો હોવા છતાં અને કથિત વ્યવહારો પૂર્ણ થયાને આઠ વર્ષના સમયગાળા પછી રાજ્ય સીઆઈડી ક્રાઈમના સુરત ઝોન પોલીસ સ્ટેશન દ્વારા વેપારી અને તેના ભાઈના સમગ્ર પરિવાર સામે ફોજદારી ફરિયાદ દાખલ કરીને પૈસા પરત લાવવા દબાણ કરવાનો મામલો પ્રકાશમાં આવતા હાઈકોર્ટ લાલઘૂમ થઇ હતી. કોર્ટે કહ્યું હતું કે તેમની પાસે આવા અવાર-નવાર કેસ આવે છે કે જમાં પોલીસ કોમર્શીયલ ટ્રાન્ઝેક્શન અને સ્થાવર મિલકતોના કેસમાં ખૂબ ઉંડો રસ બતાવે છે અને રિકવરીનું કામ કરે છે. ઈનફ ઈઝ ઈનફ (હવે હદ થઇ ગઇ છે.). કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે સ્થાનિક પોલીસ સ્ટેશનના બદલે આવા કેસોની ફરિયાદ ક્રાઈમ બ્રાન્ચ કે સીઆઈડી દ્વારા જ કેમ દાખલ કરવામાં આવે છે ?

દરેક શહેરમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ કે સ્પેશિયલ એજન્સી આવા કામમાં સામેલ હોય છે અને તેના માટે જાણે કે એકાદ બે પોલીસ કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવી હોય તેવું લાગે છે. તાજેતરમાં જ અમદાવાદના બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક પોલીસ કોન્સ્ટેબલ (કે જેણે ચપ્પુ મારીને વિદ્યાર્થીની હત્યા કરી હતી) નંબર પ્લેટ વગરની હેરિયર કાર સાથે પકડાયો હતો. તે પોશ વિસ્તારમાં ફ્લેટમાં રહે છે. કોન્સ્ટેબલનો પગાર કેટલો હોય છે? આ બાબતો ઘણું બધુ કહી જાય છે. નાણાકીય અને મિલકતના તકરારોમાં ફરિયાદીઓ દ્વારા સ્થાનિક પોલીસ મથકમાં ફરિયાદ કરવાના બદલે સીધા જ ક્રાઈમ બ્રાન્ચ કે બીજી કોઇ પોલીસ એજન્સીમાં સીધી ફરિયાદ કરવાના વલણ સંબંધે જસ્ટીસ સંદિપ ભટ્ટે પોતાનો આદેશ લખાવતી વખતે એવું અવલોકન કર્યું હતું કે, એવું લાગે છે કે, સ્થાનિક પોલીસ સક્ષમ નથી અથવા તો તેમની કામગીરી ઉપર શંકા છે એટલે આવા કેસોમાં સીધી જ પોલીસને સામેલ કરવામાં આવે છે. જો કે આદેશમાં આવું લખાવ્યું હોવાથી બુધવારે રિસેશ બાદના સેશનમાં પબ્લિક પ્રોસીક્યુટર હાર્દિક દવે કોર્ટમાં દોડી આવ્યા હતા. તેઓએ જસ્ટીસ ભટ્ટને વિનંતી કરી હતી કે, આદેશમાં આવો ભાગ કાઢી નાખવામાં આવે નહિ તો પોલીસ જવાનોનું મનોબળ મજબૂત થશે. જે સારા અધિકારીઓ સારી ફરજ બજાવે છે તેઓના મનોબળને અસર પહોંચશે. જો કે તે તબક્કે જસ્ટીસ ભટ્ટ દ્વારા ગંભીર મૌખિક અવલોકનો કરતા જણાવ્યું હતું કે આમ તો એવો સમય પાકી ગયો છે કે અમારે બીજુ ઘણું બધું અવલોકન કરવું પડે પરંતુ અમે તેમ નથી કરતા. તમે પોતે પણ જાણો છો દરેક જિલ્લા અને પોલીસે કમિશનર વિસ્તારમાં કેવું ચાલે છે. જાણે કે ત્યાં મિલકત અને નાણા રિકવરીના હેતું માટે જ એક બે જણા કામ કરે છે. અમે ઘણું બધું સાંભળ્યું છે પંરતુ બોલવા માંગતા નથી. હવે તો હદ થઇ ગઇ છે. એવું લાગે છે કે અધિકારીઓ પોતાની જાતને કાયદાથી ઉપર માને છે. પોતાને કમાણી થાય તે માટે નાણીકાય અને મિલકતોના વિવાદ ઉપર ધ્યાન આપે છે. જ્યારે બીજા કામમાં ધ્યાન આપતા નથી. પોલીસ સામાન્ય નાગરીકોની સુરક્ષા અને ખુંખાર ગુનેગારોને કાબુમાં રાખવાના હોય છે. પોલીસ ગુનો બન્યા બાદ તેને ઉકેલવાના કામો કરે છે પરંતુ પ્રિવેન્શન ઉપર વધુ ધ્યાન આપવાની જરૂર છે. કોર્ટે જણાવ્યું હતું કે, સીઆઇડી ક્રાઇમ અને ક્રાઇમ બ્રાન્ચ સૌથી અઘરા કેસો ઉકેલવા માટે બનાવાયા છે પરંતુ તેમાં નાણાકીય રીકવરી અને મિલકતોના કેસો લેવામાં આવે છે તે ઘણુ બધુ કહી જાય છે. કોઇ નાણાનો વિવાદ હોય, પોલીસ ઓફિસર પાસે જાવ અને તેઓ તમામ વસ્તુ મેનેજ કરી લેશે તેવું ચાલી રહ્યું હોય તેમ લાગે છે. જ્યાં આવા કેસો હોય ત્યાં ખૂબ જ કાર્યક્ષમતા બતાવે છે જ્યારે બીજા કેસોમાં ડીટેન્શન અને પ્રિવેન્શનનું શું ? પ્રસ્તુત કેસમાં આઠ વર્ષ બાદ પણ ફરિયાદ લેવામાં આવી પરંતુ બાકી કેસમાં એક મહિના મોડું કોઇ આવ્યું હોય તો પણ તેના વિલંબ કેમ થયો તેમ પોલીસ પૂછે છે. કેટલાક અધિકારીઓ આવી બાબતોમાં ઊંડો રસ લે છે અને પોતે જાણે અદાલતની ભૂમિકા ભજવતા હોય છે. પાર્ટીઓને સમાધાન માટે બોલાવે, હેરાન કરે. અગાઉ આ બાબતે ઉચ્ચ અધિકારીઓની મિટીંગ મળી હતી પરંતુ હજુ સુધી બધું ઠેરનું ઠેર છે. સ્થિતિમાં સુધાની જરૂરિયાત છે. કેસની વિગત મુજબ સુરતમાં રહેતા હિતેશ બહીરવાનીના ભાઇ સાથે કરોડો રૂપિયાના નાણાનો વિવાદ ચાલતો હોવાથી ફરિયાદી સુદીપ બત્રા દ્વારા નાણાકીય વ્યવહારો ૨૦૧૧થી ૨૦૧૬માં બન્યા હતા તેમ છતાં આઠ વર્ષ બાદ સીઆઇડી ક્રાઇમે ફરિયાદ નોંધી હતી. પોતાના ભાઇ સાથેના વ્યવહારો હતા તેમ છતાં હિતેશ અને તેના પરિવારને આરોપી બનાવ્યા હતા જેમાં પત્ની અને પુત્રીનો સમાવેશ થાય છે. એટલું જ નહિ ઘરની એક મહિલા દુબઇથી મુંબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર આવી ત્યારે સુરતની લેડી કોન્સ્ટેબર પ્રાઈવેટ કારમાં તેણીને ડીટેઇન કરી હતી. પોતે ફરિયાદી સાથે કોઇ રીતે સંકળયેલા ના હોવા છતાં અને પોતાના ભાઇ દ્વારા જ બધા વ્યવહારો કરાયા હતા તેમ છતાં તેમને આરોપી બનાવીને પોલીસ સ્ટેશન બે કલાક બેસાડી રાખીને નાણા ચુકતે કરવા માટે દબાણ કરાયું હતું. આ બાબતે ભાઇ અને ફરિયાદી વચ્ચે દિવાની કેસ ચાલે છે તેમ છતાં પોલીસે દબાણ ઊભી કરવા માટે ફરિયાદ નોંધી હોવાનો પિટિશનમાં આક્ષેપ કરાયો હતો. આના કારણે ફરિયાદી અને તેનો પરિવાર હેરાન પરેશાન થયો હતો અને અંતે કોર્ટમાંથી આગોતરા જામીન મેળવવા પડ્યા હતા.

### ઓનલાઇન વોટ્સએપ હેક કરી છેતરપિંડી કરતી ગેંગના સભ્યને પકડી લેવાયો

# ગુજરાત સહિતના વિવિધ રાજ્યોની ૧૦૦થી વધુ યુવતીઓને ટાર્ગેટ કરી છેતરપિંડી કરાયાનો પર્દાફાશ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૨૧

શાળા અને કોલેજની યુવતીઓને ટાર્ગેટ કરીને ઓનલાઇન વોટ્સએપ હેક કરી સાયબર ક્રાઇમ કરતી ગેંગના સભ્યને સ્ટેટ પકડી પાડવામાં સાયબર ક્રાઇમ સેલની ટીમને સફળતા મળી છે. મધ્યપ્રદેશના આ આરોપીની પ્રાથમિક પૂછપરછમાં ગુજરાત સહિત વિવિધ રાજ્યોની ૧૦૦થી વધુ યુવતીઓ પાસેથી તેણે છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે. આરોપીની ધરપકડ કરીને સ્ટેટ સાયબર ક્રાઇમ સેલની ટીમે સઘન પૂછપરછ શરૂ કરી આ ગેંગના તેના અન્ય સૂત્રધારોને પકડવા તજવીજ શરૂ કરી છે. હાલમાં વધી રહેલા સાયબર ક્રાઈમના ગુનાઓને નિયંત્રણમાં લાવવા તથા આ સાયબર ક્રાઇમ કરતી ગેંગને શોધી કાઢવા સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝના અધિક પોલીસ મહાનિદેશક ડૉ. રાજકુમાર પાંડીયને આપેલી સૂચના અનુસંધાને પોલીસ મહાનિરીક્ષક સંજય ખરાત તથા પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્મા તેમજ પોલીસ અધિક્ષક ભરતસંગ ટાંકના માર્ગદર્શન હેઠળ ટીમ આ દિશામાં સક્રિય બની છે જેમાં ૧૯૩૦ હેલ્પલાઇન ઉપર ફરિયાદ મળી હતી કે, કોઈ સાયબર ગઠીયાએ વોટ્સએપ એકાઉન્ટ હેક કરી, ભોગ બનનારના મિત્રોને પૈસાની જરૂર હોવાનું જણાવી તેમના નામે પૈસા પડાવી લઇ છેતરપીંડી કરાઈ રહી છે. જે અન્વયે સ્ટેટ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરી આ ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલી બેંક એકાઉન્ટ તથા મોબાઇલ નંબરની વિગતો મેળવી સ્ટેટ સાયબર ક્રાઇમ સેલની ટીમે ડિટેઇલ એનાલીસિસ કર્યું હતું અને મોબાઈલ નંબરના સી.ડી.આર. મંગાવી જેમાં મળી આવેલા IMEIની માહિતીનું એનાલીસીસ કરતા એક સસ્પેક્ટ મોબાઇલ નંબર મળી આવ્યો હતો. જે ઓપન સોર્સ મારફતે ચેક કરાવતા 'College Fees Fraud' એવું નામ મળી આવતા આ બાબતે વધુ સઘન તપાસ કરી સસ્પેક્ટ મોબાઇલ નંબરની વિગતો મેળવી વેરીફીકેશન મેળવ્યા બાદ મોબાઇલ નંબરનું લોકેશન મેળવ્યું હતું. લોકેશન મધ્યપ્રદેશના અનુપપુર જિલ્લાના બદરા ગામનું આવતા સાયબર પોલીસની ટીમ તાત્કાલીક અનુપપુર મધ્યપ્રદેશ ખાતે રવાના થઈ ગઈ હતી અને સ્થાનિક પોલીસની મદદ લઈને વોચ ગોઠવી આરોપી પ્રભાતકુમાર છોટેલાલ ગુપ્તા (રહે.વોર્ડ નં.૦૩, બદરા, કેવત મહોલ્લા, બદરા કોલોની, કોટમા, તા.જિ.અનુપપુર, મધ્યપ્રદેશ)ની અટકાયત કરી સઘન પૂછપરછ શરૂ કરી છે. તેની પ્રાથમિક પૂછતાછમાં આરોપીએ કબુલાત કરી છે કે, તે ફક્તને ફક્ત શાળા તેમજ કોલેજની છોકરીઓને ટાર્ગેટ કરતો હતો અને અત્યાર સુધીમાં તેને અલગ-અલગ રાજ્યોની આશરે ૧૦૦થી વધુ છોકરીઓને ટાર્ગેટ કરી તેમના વોટ્સએપ હેક કરી છેતરપીંડી કરી છે. આરોપી હાલ રિમાન્ડ હેઠળ છે અને તેની વધુ પૂછપરછ ચાલી રહી છે.આરોપી પાસેથી મોબાઇલ ફોન-૨, ચેકબુક-૨, સીમકાર્ડ-૧૧, પાસબુક-૨, ડેબીટ કાર્ડ - ૧૨ વગેરે મુદ્દામાલ કબજે કર્યા છે.

# CBSEની ધો.૧૦-૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર : ૧૫ ફેબ્રુ.થી શરૂ થશે

### ૧૦ની પરીક્ષા ૧૮ માર્ચે પૂર્ણ થશે, ધોરણ-૧૨ની પરીક્ષા ૪ એપ્રિલ સુધી ચાલશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૧

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે. ધોરણ-૧૦ની પરીક્ષા ૧૮ માર્ચના રોજ પુર્ણ થશે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૪ એપ્રિલના રોજ પૂર્ણ થશે. પ્રાપ્ત માહિતી અનુસાર CBSE દ્વારા ૨૦૨૪ની પરીક્ષાના પરિણામ જાહેર કરતી વખતે જ ૨૦૨૫માં લેવાનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત કરાઈ હતી. જે અનુસાર હવે બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ ઉપરાંત પરીક્ષા માટે વિદ્યાર્થીઓની યાદી સબમીટ કરવા માટે સૂચના આપી હતી. વિદ્યાર્થીઓની યાદીમાં વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવેલા વિષયોના આધારે CBSE બોર્ડ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ નક્કી કર્યો હોવાનું જાણવા મળે છે. બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર ૧૫ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શરૂ કરવામાં આવશે. જેમાં ધોરણ-૧૦ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૮ માર્ચના રોજ પુર્ણ થશે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૪ એપ્રિલના રોજ પુર્ણ થશે. આમ, ધોરણ-૧૦ની પરીક્ષા ૩૨ દિવસમાં પૂર્ણ થશે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૪૯ દિવસમાં પૂર્ણ થશે. ધોરણ-૧૦ અને ૧૨માં શરૂઆતમાં મહત્ત્વના વિષયોની પરીક્ષા નહીં હોય, બે ત્રણ પેપર પુર્ણ થયા બાદ મહત્ત્વના વિષયોની પરીક્ષા શરૂ થશે. CBSE બોર્ડ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ તૈયાર કરતી વખતે અનેક બાબતોને ધ્યાનમાં રાખી હતી. જેમાં સામાન્ય રીતે બંને વર્ગોમાં વિદ્યાર્થી દ્વારા આપવામાં આવતા બે વિષયો વચ્ચે પૂરતી રજા આપવામાં આવી છે. ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ પરીક્ષાઓ આયોજિત કરવાની તારીખને ધ્યાનમાં લેવામાં આવી છે અને પ્રવેશ પરીક્ષાઓ પહેલા પરીક્ષાઓ પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. આનાથી વિદ્યાર્થીઓને બોર્ડ અને પ્રવેશ પરીક્ષા બંને માટે વધુ સારા સમય વ્યવસ્થાપનમાં મદદ મળશે. મૂલ્યાંકન દરમિયાન તમામ વિષયોના શિક્ષકો એક સાથે તથા વધુ સમય માટે શાળાથી દૂર રહેશે નહીં તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ૪૦ હજારથી વધુ વિષયોના સંયોજનોને ધ્યાને રાખીને ડેટાશીટ બનાવવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓને બે વિષયોની પરીક્ષાઓ એક જ દિવસે આપવા જવું ન પડે. બોર્ડની પરીક્ષા શરૂ થવાનો સમય સવારના ૧૦-૩૦ વાગ્યાનો નક્કી કરવામાં આવ્યો છે. CBSE બોર્ડ દ્વારા પ્રથમ વખત પરીક્ષાઓ શરૂ થવાના લગભગ ૮૬ દિવસ પહેલા ડેટ શીટ જારી કરવામાં આવી છે. ઉપરાંત ૨૦૨૪ની ડેટ શીટ જારી કરવાની તારીખ સાથે સરખામણી કરવામાં આવે તો આ વર્ષે ડેટ શીટ ૨૩ દિવસ અગાઉ જારી કરવામાં આવી છે.

### રવિ મોસમના પાક વાવેતરને પૂરક સિંચાઈ માટે ૩૦,૫૦૪ MCFT પાણી અપાશે

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોને વાવેતર માટે નર્મદાનું પાણી ફાળવવા નિર્ણય

### સરકારના આ નિર્ણયથી ૬૦ હજાર એકર ખેતી લાયક વિસ્તારને મળશે લાભ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતોને રવિ મોસમના પાક વાવેતર માટે પૂરક સિંચાઈ અને પીવાના હેતુસર પાણીની સુવિધા પુરી પાડવા નર્મદાનું કુલ ૩૦,૫૦૪ એમ.સી.એફ.ટી. પાણી ફાળવવાનો નિર્ણય કર્યો છે.

નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌની યોજના દ્વારા સિંચાઈ અને પીવાના હેતુસર વર્ષમાં વિવિધ તબક્કે નર્મદાના પાણીની ફાળવણી કરવામાં આવે છે. ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર ખેડૂતો દ્વારા રવિ ઋતુ દરમિયાન બહોળા પ્રમાણમાં પાકનું વાવેતર થાય તેના આયોજનના ભાગરૂપે પૂરક સિંચાઈ અર્થે તળાવો તથા ચેકડેમો ભરવા નર્મદાના આ પાણીની ફાળવણી કરવાનો કિસાન હિતકારી અભિગમ મુખ્યમંત્રીએ અપનાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત વિસ્તાર માટે ૧૬,૬૩૭ એમ.સી.એફ.ટી. તથા સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૧૩,૮૬૭ MCFT મળી કુલ ૩૦,૫૦૪ એમ.સી.એફ.ટી. નર્મદાનું પાણી તારીખ ૧૫મી માર્ચ ૨૦૨૫ સુધીના સમયગાળા માટે ફાળવવાનો ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે. નર્મદાના આ પાણીની ફાળવણીથી ઉત્તર ગુજરાત વિસ્તારના ૯૫૨ તળાવો અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર તથા સૌની યોજનાથી સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૪૩ તળાવો અને ૧૮૨૦ ચેકડેમ થકી અંદાજે ૬૦ હજાર એકર ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

### વિગતો બહાર આવતા આરોગ્ય વિભાગનું તંત્ર દોડતું થયું

# બારડોલીમાં રસ્તા પર રઝળતી હાલતમાં બ્લડ સેમ્પલનો જથ્થો મળતા ચકચાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં રઝળતી હાલતમાં બ્લડ સેમ્પલોની ટ્યુબો મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. મોટી સંખ્યામાં બ્લડ લીધેલા સેમ્પલ અને સેમ્પલથી ભરેલા કોથળાઓ રસ્તાની બાજુમાં આવેલા ઝાડી ઝાંખરીમાંથી મળી આવ્યા હતા. બ્લડ સેમ્પલની અંદાજે ૫૦૦૦ ટ્યુબો મળી આવી છે જેની જાણ થતાં જ તંત્ર દોડતું થયું હતું. મામલતદાર સહિત આરોગ્ય વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચી અને તપાસ હાથ ધરી હતી. છેલ્લા કેટલાય સમયથી ખ્યાતિકાંડ બાદ આરોગ્ય તંત્ર પર કેટલાય સવાલો ઊભા થઈ રહ્યા છે ત્યારે આ ઘટનાથી સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

**૫૦૦૦ બ્લડ સેમ્પલની ટ્યુબ મળી : સેમ્પલની ઉપર કોઈપણ હોસ્પિટલ કે લેબોરેટરીનું નામ નહીં**



સુરતના બારડોલી તાલુકાના ભામૈયા ગામની સીમમાંથી રઝળતી હાલતમાં બ્લડ સેમ્પલોની ટ્યુબો મળી આવી હતી. જાહેર માર્ગ ઉપર બિનવારસી હાલતમાં અંદાજિત ૫૦૦૦ જેટલી બ્લડ સેમ્પલની ટ્યુબો મળી આવતાં તંત્ર દોડતું થયું હતું. આ બ્લડના સેમ્પલો ક્યાંથી આવ્યા, બ્લડ સેમ્પલો વાહનમાંથી પડી ગયા કે કોઈ ફેંકી ગયું તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ રઝળતી હાલતમાં અધધ બ્લડ સેમ્પલોની ટ્યુબો રસ્તા ઉપરથી મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. સમગ્ર બનાવને લઈ આરોગ્ય વિભાગે આ કૃત્ય કરનાર સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ પણ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ચારથી પાંચ વર્ષ જૂના બ્લડ સેમ્પલ હોવાનું જાણવા મળી રહ્યું છે. બ્લડ સેમ્પલની ઉપર કોઈપણ હોસ્પિટલ કે લેબોરેટરીનું નામ લખ્યું નથી, ફક્ત દર્દીઓના નામ લખ્યા છે. હાલ આ અંગે આરોગ્ય વિભાગની તપાસ ચાલુ છે.

## મતદાર યાદીમાં સુધારણાની તક વારંવાર મળતી નથી....
## ☞ પછી કહેતા નહીં કે અમે રહી ગયા...☜

રાજ્યભરમાં મતદાર યાદી સુધારણાની ઝુંબેશ હાલ ચાલી રહી છે. જેમાં આગામી પહેલી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પણ જેમના ૧૮ વર્ષ પૂરા થતા હોય એવા યુવાનો પણ હાલ પોતાના નામ મતદાર યાદીમાં નોંધાવી શકે છે. આ ઉપરાંત જેમના નામ હાલ મતદાર યાદીમાં છે તેમાં નામ, સરનામા, ઉંમર વગેરેમાં કોઈ ભૂલ કે વિસંગતતા હોય તો એમાં પણ સુધારો કરી શકાય છે. ગત રવિવારે આ કવાયત રાજ્યભરમાં કરાઇ હતી અને બી.એલ.ઓ. સહિતના ચૂંટણીપંચનો સ્ટાફ મતદાન મથકો પર હાજર હતો પરંતુ જેમના માટે આ કવાયત હાથ ધરાઈ હતી તે નાગરિકો જ મોટાભાગે ગાયબ હતા... રાજકીય પક્ષો અને તેમના કાર્યકરો પણ ઘણી જગ્યાએ સાવ નીરસ રહ્યા હતા.

**....ત્યારે હવે આગામી શનિ-રવિ એટલે કે ૨૩ અને ૨૪ નવેમ્બરે આ કામગીરી ફરી હાથ ધરાવાની છે** ત્યારે જાગૃત નાગરિકો તેમજ ધાર્મિક, રાજકીય અને સામાજિક અગ્રણીઓ પણ ખાસ તકલીફ ઉઠાવે અને લોકશાહીની આ અમૂલ્ય કામગીરીમાં પોતાનું યોગદાન આપે એ સમયની માંગ છે કે જેથી આગામી ચૂંટણીઓમાં આપનો અવાજ બુલંદ બની શકે. **- ગુજરાત ટુડે દૈનિક દ્વારા લોકહિતાર્થે પ્રકાશિત**

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS